


પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH




FRIDAY, 03 July, 2020 Vol. 16, No. 27 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

## USમાં બેકાબૂ બનતો કોરોના

## કોરોનાના આતંક સામે અમેરિકા લાચાર : દરરોજ ૪૦,૦૦૦ કેસ

# 24 કલાકમાં 52,000 સંક્રમિત

## કુલ કેસનો આંકડો ૨૬ લાખને આંબી ગયો : ૧.૨૮ લાખ લોકો કોરોનાથી મોતને ભેટ્યા

વોશિંગ્ટન : અમેરિકામાં કોરોના વાયરસનો આતંક દિવસેને દિવસે વકરી રહ્યો છે. અમેરિકામાં ગુરુવારે ૫૨ હજાર કોરોનાના નવા કેસ નોંધાયા છે. જે અત્યાર સુધીમાં એક દિવસમાં નોંધાયેલા સૌથી વધારે કેસ છે. આટલા વધારે કેસ એવા સમયમાં નોંધાયા છે કે જ્યારે અમેરિકામાં બધુ ખોલવાની તૈયારી કરવામાં આવી રહી છે. જોન હોપકિન્સ યૂનિવર્સિટીના જણાવ્યા અનુસાર, અમેરિકામાં હજી પણ ૨૬ લાખથી વધારે કોરોનાના કેસ છે કે જે વિશ્વના તમામ દેશો કરતા વધારે છે. જ્યારે ૧.૨૮ લાખ લોકો કોરોના વાયરસના કારણે કાળનો કોળિયો બની ગયા છે. અમેરિકામાં કેટલાક એક્સપર્ટ્સનું કહેવું છે કે સતત વધી રહેલી બેદરકારીના કારણે અમેરિકામાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. કારણ કે, ત્યાં કોઈ પણ પ્રકારની રોક-ટોક વગર લોકો પોતાના ઘરોની બહાર નિકળી રહ્યા છે અને મન ફાવે તેમ ફરી રહ્યા છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના જણાવ્યા અનુસાર મંગળવારના રોજ દુનિયાભરમાં કુલ ૧.૮૯ લાખ કેસ નોંધાયા હતા જે એક દિવસમાં નોંધાયેલા સૌથી વધારે કેસ હતા.

અમેરિકામાં જ્યાં દરરોજ ૪૦ હજારથી વધારે નવા કેસો નોંધાઈ રહ્યા છે ત્યાં બ્રાઝીલમાં દરરોજ ૩૦ હજારથી વધારે કેસ નોંધાઈ રહ્યા છે. જ્યારે ભારતમાં છેલ્લા કેટલાક દિવસથી દરરોજ ૨૦ હજારની આસપાસ કેસ નોંધાઈ રહ્યા છે. જો સમગ્ર દુનિયાની વાત કરીએ તો અત્યાર સુધીમાં કોરોના વાયરસના કુલ કેસનો આંકડો ૧.૦૬ કરોડ સુધી પહોંચી ગયો છે. જ્યારે લગભગ સવા પાંચ લાખ લોકો કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવી ચૂક્યા છે.




# યુદ્ધના ભણકારા વચ્ચે ભારત ૩૮,૯૦૦ કરોડના અત્યાધુનિક શસ્ત્ર સરંજામ ખરીદશે

- હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ પાસેથી રૂપિયા ૧૦,૭૩૦ કરોડના ખર્ચે નવા ૧૨ સુખોઈ-૩૦ એમકેઆઈ ફાઈટર જેટ ખરીદાશે

નવી દિલ્હી : મે મહિનાથી લદાખમાં એલએસી ખાતે ચીની સેના સાથે ચાલી રહેલા સરહદી તણાવને ધ્યાનમાં રાખતાં ભારતે શસ્ત્રસજ્જતા વધારવાનો નિર્ણય કર્યો છે. સંરક્ષણ મંત્રાલયે ભારતીય સેનાની યુદ્ધક્ષમતા વધારવા રૂપિયા ૩૮,૯૦૦ કરોડનાં ખર્ચે સંખ્યાબંધ ફ્રન્ટલાઈન ફાઈટર જેટ, મિસાઈલ સિસ્ટમ અને અન્ય સરંજામ ખરીદવાને મંજૂરી આપી હતી. સંરક્ષણ મંત્રાલયના અધિકારીઓએ જણાવ્યું હતું કે, ૨૧ મિગ-૨૯ ફાઈટર જેટ રશિયા પાસેથી અને હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ પાસેથી ૧૨ સુખોઈ-૩૦ એમકેઆઈ યુદ્ધવિમાનોની ખરીદી કરાશે. સંરક્ષણ મંત્રાલયે હાલમાં ભારતીય વાયુસેના પાસેના ૫૯ મિગ-૨૯ વિમાનને અપગ્રેડ કરવાના અલગ પ્રસ્તાવને પણ મંજૂરી આપી દીધી છે. કેન્દ્રીય સંરક્ષણમંત્રી રાજનાથસિંહની અધ્યક્ષતામાં મળેલી ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલની બેઠકમાં શસ્ત્રોની ખરીદી અંગે નિર્ણયો લેવાયાં હતાં. સંરક્ષણ મંત્રાલયના અધિકારીઓએ જણાવ્યું હતું કે, નવા ૨૧ મિગ-૨૯ વિમાનની ખરીદી અને હાલના ૫૯ મિગ-૨૯ વિમાનને અપગ્રેડ કરવાનો કુલ ખર્ચ રૂપિયા ૭,૪૧૮ કરોડ થશે. હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ પાસેથી રૂપિયા ૧૦,૭૩૦ કરોડના ખર્ચે નવા ૧૨ સુખોઈ-૩૦ એમકેઆઈ ફાઈટર જેટ ખરીદાશે. ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલે નેવી અને એરફોર્સ માટે ૨૪૮ બિયોન્ડ વિઝ્યુઅલ રેન્જ એર ટુ એર એસ્ટ્રા મિસાઈલ અને ૧,૦૦૦ કિમીની રેન્જ ધરાવતી ક્રૂઝ મિસાઈલ સિસ્ટમ ખરીદવાની પણ મંજૂરી આપી છે. લાંબી રેન્જની લેન્ડ એટેક ક્રૂઝ મિસાઈલ સિસ્ટમ અને એસ્ટ્રા મિસાઈલની ડિઝાઈન અને ડેવલપમેન્ટનો ખર્ચ રૂપિયા ૨૦,૪૦૦ કરોડ આવશે.




કોરોના અહેવાલ : 3,૧૧,૧૩,૧૫,૧૭

## લદ્દાખમાં ભારતે 30,000 સૈનિકો ખડક્યા

વિશેષ અહેવાલ પેજ નં. ૧૬





















# હવે રાષ્ટ્રના પુનઃનિમાર્ણ માટે તૈયાર રહેવાનું છે : ટ્રુડો

## કોરોનાના ડર વચ્ચે કેનેડા ડેની ઉજવણી : મોટી પાર્ટીઓને બદલે ઓન લાઈન શો યોજાયા





## કેનેડા ઈમરજન્સી રીસ્પોન્સ બેનીફીટમાંથી ૮૦ બિલીયન ડોલરની સહાય લાભાર્થીઓને મળી શકશે

ઓટાવા : ૧૫૩ વર્ષના ઈતિહાસમાં પહેલીવાર કેનેડા ડેની ઉજવણી મોટી પાર્ટીઓને બદલે નાના મેળાવડા અને ઓનલાઈન શો સાથે યોજાઈ હતી. નોવેલ કોરોના વાઈરસના પ્રસારને વધતો અટકાવવા માટે સરકારે છેલ્લા ચાર મહિનાથીબિઝનેસ બંધ કરવા આદેશ આપ્યા હોવાથી બધા લોકો ઘરોમાં બંધ છે. તેમ છતાં કેનેડા ડે હોવાથી ઉત્સાહ હતો. કેનેડામાં કોરોનાના ૧૦૪૨૦૪ કેસ જોવા મળ્યા છે. લાખો લોકો આ વૈશ્વિક મહામારીને પગલે પોતાની નોકરી ગુમાવી ચુકયા છે અથવા આવકમાં કાપનો સામનો કરી રહ્યાં છે. બીજી તરફ સરકારના ખર્ચા પણ રોકેટની ગતિથી વધી રહ્યાં છે. કેમકે લોકોને ઈમરજન્સી રાહત પહોંચાડવા માટે ફેડરલ ખર્ચ વધી રહ્યોં છે. હવે એ લગભગ ૧૭૪ બિલીયન યુએસ ડોલર સુધી પહોંચી ગયો છે. હજુ પણ ફુડ બેંક જેવી સામાજિક સેવાઓ માટેની માંગણી વધી રહી છે. વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોએ ઓટાવા ફુડ બેંક દ્વારા સંચાલિત ફાર્મ હાઉસમાં બ્રોકોલીની કાપણીમાં પરિવાર સાથે ભાગ લીધો હતો. આ તકે તેમણે કહ્યું હતું કે અત્યાર સુધીની જરૂરીયાતો પુર્ણ થઈ ચુકી છે. છતાં હજુ બીજી ડીમાન્ડ આવી શકે છે જેને માટે કેનેડા ઈમરજન્સી રીસ્પોન્સ બેનીફીટમાંથી ૮૦ બિલીયન ડોલરની સહાય લાભાથીઓને મળી શકશે. પત્રકારો સાથેની વાતચીતમાં વડાપ્રધાન ટ્રુડોએ કહ્યું હતું કે લોકોએ આ વર્ષે ઘણાં વિકટ સમયમાંથી પસાર થવું પડયું છે, ઘણાંએ પોતાના પરિવારથી દૂર રહેવું પડયું છે. કોરોનાની સામે ઝઝૂમી રહેલા ફ્રંટ લાઈન હેલ્થ વર્કરો પણ ઘણી સમસ્યાઓનો સામનો કરી રહ્યાં છે.



તેમણે કહ્યું હતું કે કેનેડા ડેને એક વર્ષે બીજા વિશ્વ યુધ્ધ સાથે સરખાવ્યો હતો જયારે દેશને એક મુશ્કેલીમાંથી તકો અને આશાઓ મળી શકે છે. આપણા વડીલોએ વાસ્તવિકતાનો સામનો કર્યો હતો. અને એમણે પડકારોને ઝીલી લઈને રાષ્ટ્રનું નિમાર્ણ કર્યુ હતું. ટ્રુડોએ આ વાત કહી ત્યારે એમના પત્ની સોફી જયોજી ટ્રુડો પણ સાથે હતા. તેમણે કહ્યું કે,‘ આ વર્ષે કેનેડા ડે એ આપણે સંકલ્પ કરવાનો છે. આપણે હવે આપણા રાષ્ટ્રના પુનઃનિમાર્ણ માટે અને ૨૧મી સદીના કેનેડાની રચના માટે તૈયાર થવાનું છે. આ સમયમાં આપણે બધાએ સાથે મળીને પડકારોનો સામનો કરવાનો છે. મને ખાતરી છે કે, આપણે આપણા શ્રેષ્ઠ સમય તરફ આગળ વધી રહ્યાં છીએ. કેનેડા ડે ની ઉજવણી માટે વધુ લોકો એક ઠેકાણે એકત્ર થયા ન હતા. મોટાભાગના લોકોએ ઓનલાઈન ઉજવણી કરી હતી. આ સાથે જ લોકોને ફરજિયાત માસ્ક પહેરીને બહાર નીકળવા અપીલ કરવામાં આવી હતી. કેનેડા ડે નિમિત્તે આખા દેશમાં ઓનલાઈન કાર્યક્રમ યોજાયા હતા.







CANADA SUPPORTS
PETER MACKAY !

**Peter MacKay** is the only candidate for the leadership of the Conservative Party who can win the next election.

**A Conservative** Party under Peter MacKay will rebuild relations with India, which were a disaster under the Liberal government with Justin Trudeau.

**A Conservative** Party under Peter MacKay will improve trade relations and try to negotiate free trade with India,

**A Conservative** Party under Peter MacKay, Canada will make a point of reconnecting with the greatest democracy in the world.

If you are a member of the Conservative Party of Canada and have the right to vote for leadership, vote for Peter MacKay.

- કન્ઝર્વેટિવ પાર્ટીના નેતૃત્વ માટે પીટર મેકકે એકમાત્ર ઉમેદવાર છે જે આગામી ચૂંટણી જીતી શકે.
- પીટર મેકકે હેઠળની કન્ઝર્વેટિવ પાર્ટી ભારત સાથેના સંબંધોને ફરીથી બનાવશે જે જસ્ટિન ટ્રુડો સાથે લિબરલ સરકાર હેઠળ આપત્તિ હતી.
- પીટર મેકકે હેઠળની કન્ઝર્વેટિવ પાર્ટી વેપાર સંબંધોને સુધારશે અને ભારત સાથે મુક્ત વેપારની વાટાઘાટો કરવાનો પ્રયાસ કરશે,
- કેનેડાના પીટર મેકકે હેઠળ કન્ઝર્વેટિવ પાર્ટી, વિશ્વના સર્વશ્રેષ્ઠ લોકશાહી સાથે ફરીથી જોડાવાનો એક મુદ્દો બનાવશે.
- જો તમે કન્ઝર્વેટિવ પાર્ટી કેનેડાનાં સભ્ય છો અને નેતૃત્વને મત આપવાનો અધિકાર છે, તો પીટર મેકકેને મત આપો.

MACKAY

તમે www.petermackay.ca પર આ અભિયાનમાં જોડાઈ શકો છો

Payé et autorisé par l'agent officiel de Peter MacKay



REMITTANCE PARTNER
MoneyGram bringing you closer
XPRESS MONEY simple. fast. safe
Ria MONEY TRANSFER
UREMIT MONEY TRANSFER
& more...

SEND MONEY TO
INDIA, DUBAI, ABU DHABI, KUWAIT, SAUDI ARABIA, PAKISTAN, OMAN, QATAR, BANGLADESH, SRI LANKA, UNITED KINGDOM, USA, AUSTRALIA, NEW ZEALAND

AVAILABLE SERVICES:
EXCHANGE USD TO CAD & CAD TO USD
CURRENCY EXCHANGE & WIRE TRANSFER
GUARATEED BEST EXCHANGE RATE IN CANADA
PAYMENT AFTER DELIVERY**
CASH PICK-UP AND DIRECT BANK DEPOSIT ALL OVER THE WORLD

BRING MONEY FROM
INDIA, SAUDI ARABIA, SOUTH AFRICA, UNITED KINGDOM, UNITED ARAB EMIRATES
TO CANADA

ભારતથી બાપ-દાદાની મિલકત વેચીને રુપિયા કેનેડા કાયદેસર રીતે મંગાવવા માટે સંપર્ક કરો: ઝાકીરભાઇ

*No Service Charge & No Commission **Subject to Credibility

Call ZAKIRBHAI

There is NO TAX on most Inheritance, Loan, and Gift Money.
ZAKIRBHAI WILL PROVIDE GUIDANCE FOR THAT.

Jack Filled Foreign Exchange Inc
#102-305 MILNER AVE, SCARBOROUGH, ON, M1B 3V4
416.901.9995, 416.439.9995


# કેનેડામાં વધુ ૩૭૨ કોરોનાગ્રસ્ત, ૨૨ના મોત

## સમગ્ર દેશમાં કોરોનાના કેસનો કુલ આંકડો ૧.૦૪ લાખ પાર અત્યાર સુધીમાં ૮૬૩૭ લોકોએ જીવ ગુમાવ્યાં

- **બે દિવસમાં ઓન્ટેરિયોમાં ૩૦૨ લોકો વાયરસથી સંક્રમિત મળી આવ્યા**



ટોરન્ટો : કેનેડામાં ગુરુવારે કોરોનાનો કહેર યથાવત રહ્યો હોય તેમ વધુ ૩૭૨ નવા કેસ નોંધાયા હતા. આ સાથે જ અત્યાર સુધીના કેસનો કુલ આંકડો ૧,૦૪,૬૪૩ થઈ ગયો હતો. દેશમાં સારવાર લઈ રહેલા દર્દીઓમાંથી હજી ૨૭૭૮૯ દર્દીઓ કોરોના વાયરસના એકટિવ કેસ છે. જયારે ૬૮૨૧૭ જેટલા દર્દીઓને સાજા કરવામાં હોસ્પિટલ મેડિકલ સ્ટાફને સફળતા મળી છે. કોરોનાને કારણે અત્યાર સુધીમાં દેશમાં ૮૬૩૭ લોકોએ જીવ ગુમાવ્યા છે. જેમાં ગુરુવારે ૨૨ લોકોના મોત થયાના અહેવાલ મળ્યા હતા. સુત્રો પાસેથી મળતી વિગતો મુજબ કોરોનાના ચેપમાં ફસાયેલા ૨૧૦૩ દર્દીઓની હાલત અત્યંત કટોકટ છે. જેને બચાવવા માટે તમામ પ્રયાસો તબીબો તથા મેડિકલ સ્ટાફ દ્વારા કરવમાં આવી રહ્યા છે.

મળતી વિગતો મુજબ ઓન્ટેરિયોમાં પણ કોરોના વાયરસનો ચેપ ઝડપથી આગળ વધી રહ્યો છે. છેલ્લા એક મહિનામાં અહીં સતત કેસ નોંધાયા છે. જ્યારે ૧લી જુલાઈ બુધવાર અને ૨જી જુલાઈ ગુરુવારના રોજ એમ બે દિવસમાં અહીં ૩૦૦થી વધુ કેસ મળ્યા હતા. જેમાં બુધવારે ૧૪૯ તથા ગુરુવારે ૧૫૩ દર્દી કોરોનાની ચપેટમાં આવતા આરોગ્ય ખાતાની ટીમ દોડતી થઈ ગઈ હતી. જયારે કોરોનાના સતત વધતા જતા દર્દીને કારણે સરકાર અને પ્રશાસન પણ ચિંતામાં મુકાઈ ગયું છે.

# એર કેનેડા અને વેસ્ટ જેટ કંપની દ્વારા ફીઝીકલ ડિસ્ટન્સિંગની નીતિ હટાવાઈ

- **કોવિડ ૧૯ પ્રસારને અટકાવવા બંને કંપનીઓએ પ્રવાસીઓની બેઠક વચ્ચે અંતર રાખ્યુ હતુ**

મોન્ટ્રીયલ : કેનેડાની બે મોટી એરલાઈન્સે પહેલી જુલાઈથી તેમના વિમાનમાંની બેઠક વ્યવસ્થામાં ફીઝીકલ ડીસ્ટન્સીંગની નીતિ હટાવી લેવાની જાહેરાત કરી હતી. જે વૈશ્વિક મહામારીને કારણે લાગુ કરવામાં આવી હતી. જેને પગલે ટ્રાવેલ ઈન્ડસ્ટ્રીને ભારે નુકસાન પહોંચ્યું હતું.

કોવિડ -૧૯ની વૈશ્વિક મહામારી દરમિયાન એર કેનેડાએ ઈકોનોમી કલાસમાં બાજુની બેઠકનું વેચાણ બંધ કર્યું હતું અને વેસ્ટ જેટે પણ પોતાના આખા વિમાનમાં બાજુની બેઠકનું વેચાણ બંધ કર્યુ હતું. જેથી કોવિડ -૧૯ના પ્રસારને અટકાવી શકાય.

બંને એરલાઈન્સે શુક્રવારે જણાવ્યું હતું કે, તેઓ યુનાઈટેડ નેશન્સની એવિએશન એજન્સી અને ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિયેશન (આઈએટીએ) ટ્રેડ ગૃપની આરોગ્યલક્ષી ભલામણો મુજબ આગળ વધશે. અમેરીકન એરલાઈન્સે પણ શુક્રવારે જાહેર કર્યું હતું કે, તેઓ બુધવારથી ફલાઈટસનું પુરી ક્ષામતા જેટલું બુકિંગ કરશે.

આઈએટીએ ગયા મહિને ફલાઈટ દરમિયાનના ફીઝીકલ ડીસ્ટન્સીંગના નિયમોનો અંત લાવવા કહ્યુ હતુ. જેની સામે નવા પગલાઓ પણ સુચવ્યા હતા. જે ફેડરલ સરકારની નીતિઓ મુજબના હોય.

ટ્રાન્સપોર્ટ કેનેડાએ એપ્રિલમાં ફીઝીકલ ડીસ્ટન્સીંગને વાઈરસના પ્રસારને અટકાવવામાં મહત્વની બાબત ગણાવી હતી અને એ વિશેની માર્ગદર્શિકા પણ જારી કરી હતી.


Happy New year & Best Wishes to all.
VISITOR TO CANADA AND NEW IMMIGRANTS INSURANCE
SHIV FINANCIAL SERVICES
Personal Tax - File is Free For New Immigrants.
Full Time Service Provider
Serving Community Since 2009
Supervisa Insurance Monthly Plan Available
• Life Insurance, Critical Illness Insurance & Mortgage Insurance with Money Back Option • Health & Dental Plan • Segregated Fund • Personal Tax-file
* અમે બધી ટોપની ઈન્સ્યુરન્સ કંપનીઓનું પ્રતિનિધિત્વ કરીએ છીએ.
* New Life Insurance Advisors are recruited.
::: For Free Quotation & Consultation :::
જગદીશ સેવક
(Financial Advisor)
Cell: 647-236-7620
SHIV FINANCIAL SERVICES
"Proper insurance coverage is Peace of Mind"
Email: sevak_2007@hotmail.com
www.shivfinancialservices.ca
GUARANTEED LOWEST PREMIUM

# ચીનની હરકતો સામે ભારતે હવે જડબાતોડ જવાબ આપવો જરૂરી

તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

લદાખની ગલવાન ખીણમાં ૧૫ દિવસ પહેલા ચીને ભારતના વીસ જવાનોની હત્યા કરી હતી. આ ઘટનાને પગલે હજી સુધી સરહદ પર બંને પક્ષે તંગદીલીનો માહોલ છે. ઘટના બાદ ભારતે હજી સુધી કોઈ લશ્કરી કદમ ઉઠાવ્યા નથી. માત્ર સૈનિકોની તૈનાતીમાં વધારો કરવો અને ટોપ, ટેન્કર ખડકવા સિવાય કશુ કરાયું નથી. તેથી ચીને પાછો સરહદે લશ્કરનો ખડકલો કરવા માંડ્યો છે. બુધવારે જ અરૂણાચલ પ્રદેશથી માંડીને લદાખ સુધી એલએસી આસપાસની સેટેલાઈટ તસ્વીરો બહાર આવી હતી. જેમાં ચીને અનેક વિસ્તારમાં પોતાના કેમ્પ બનાવ્યા હોવાનું જોઈ શકાયુ હતુ. અરે, ગુજરાત તરફ સરહદથી ૨૦ કિમી દૂર જ પાક.માં ચીને એરબેઝ તૈયાર કરવા માંડ્યા છે. આ વખતે લદાખ સિવાય બીજા વિસ્તારોમાં પણ ચીને લશ્કર ઠાલવવા માંડ્યું છે અને તેની સામે ભારતે પણ સૈનિકોને ગોઠવી દીધા છે કે જેથી ગલવાન જેવી ઘટનાનું પુનરાવર્તન ના થાય. ભારતમાં લશ્કરના કારણે સરહદો સચવાયેલી છે. લશ્કરને પોતાની જવાબદારી અને ફરજો શું છે તેની ખબર છે જ. લશ્કરે એ નિભાવવાની તૈયારી કરી જ રાખેલી હોય છે અને તેને માટે જે કિંમત ચૂકવવી પડે છે એ લશ્કર ચૂકવે પણ છે. પણ કમનસીબે દેશના શાસકોમાં એ જવાબદારીની ભાવના નથી.

ભારતીયો માટે હતાશ થઈ જવાય એવી વાત એ છે કે, ચીનને જવાબ આપવા માટે ભારત તરફથી કોઈ નકકર પગલા લેવાયા નથી. ૨૦ જવાનોની શહાદત પછી પીએમ મોદી કે સરકારના મંત્રીઓ વાતો કરે છે. પરંતુ સરહદે લશ્કરી પગલા લેવાયા નથી. ચીનાઓએ વિશ્વાસઘાત કરીને ભારતીય જવાનો પર હુમલો કર્યો હતો. આ સમયે ભારતીય જવાનો સામી છાતીએ મરદની જેમ લડ્યા અને શહીદ થઈ ગયા. જો કે, આમ છતાં શાસકોમાં ચીનનું નામ સુધ્ધાં લેવાની હિંમત નથી. આ ઘટના ૧૫ જૂને બની, ત્યારથી માંડીને અત્યાર સુધીમાં શાસકોનાં નિવેદનો જોશો તો બધુ સમજાય જશે. મોદીએ મુખ્યમંત્રીઓની બેઠકમાં શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપી ત્યારે પણ ચીનનું નામ નહોતું લીધું અને રવિવારે 'મન કી બાત' કરી ત્યારે પણ ચીનનું નામ ના લીધું. ભારતની જમીન હડપ કરવાની કોશિશ કરનારને આપણા સૈનિકોએ જડબાતોડ જવાબ આપ્યો અને એવી બધી વાતો તેમણે કરી પણ ચીને આ પ્રયાસ કર્યો છે એવું મોદી ના બોલ્યા. રાજનાથ આ દેશના સંરક્ષણ મંત્રી છે અને એ તો એક વાર નિવેદન આપ્યા પછી ક્યાં ખોવાઈ ગયા છે એ જ ખબર નથી. એ નિવેદનમાં પણ તેમણે ચીનનું નામ તો લીધું જ નહોતું. અમિત શાહ ભારત સરકારમાં નંબર ટુ ગણાય છે. ચૂંટણી સભામાં બોલવાનું હોય ત્યારે અમિત શાહ ઉત્સાહમાં આવી જાય છે. મોદી સરકાર આવી પછી ભારત સામે નજર ઉઠાવનારના ભૂંડા હાલ કરી દેવાયા છે અને તેમની નાની યાદ કરી દેવાઈ છે એ પ્રકારની વાતો એ સભાઓમાં બહુ કરે છે પણ અત્યારે એ ચીન શબ્દ જ ભૂલી ગયા છે. કટોકટી વખતે કોંગ્રેસે શું કરેલું અને રાહુલ-સોનિયા ગાંધી શું કરે છે એ તેમને બરાબર યાદ છે. તેમના વિશે બોલવાની એક તક એ છોડતા નથી. રવિવારે ટીવી ચેનલો પર શાહનો ઈન્ટરવ્યૂ પણ આવી ગયો. આ ઈન્ટરવ્યૂમાં શાહે ચીન મુદ્દે સંસદમાં ચર્ચાની

અનુસંધાન પેજ નં. ૧૩

# ચાઈનીઝ એપ્સ ઉપર પ્રતિબંધ, બે દેશ વચ્ચે નવા મોરચે સંઘર્ષ

ચીનની સરહદે પખવાડિયાથી બે દેશના સૈનિકો વચ્ચે ચાલતા ઘર્ષણ વચ્ચે મોદી સરકારે ચીનની ૫૯ એપ્સ પર ભારતમાં પ્રતિબંધ મૂકી દીધો છે. તેના કારણે બંને દેશો વચ્ચે સંઘર્ષનો નવો મોરચો ખૂલી ગયો છે. ચીને ભારતે મૂકેલા પ્રતિબંધ સામે ધારણા પ્રમાણે જ કકળાટ શરૂ કર્યો છે અને આંતરરાષ્ટ્રીય કાયદાઓની દુહાઈ આપવા માંડી છે. ચીન કોઈ પણ સંઘર્ષની શરૂઆત આ રીતે સિધ્ધાંતોની વાતોથી કરે છે ને પછી જાત બતાવે છે.

ચીન ગમે તે કહે, પણ મોદી સરકારનું આ પગલું મહત્ત્વનું છે. ૧૫ દિવસ પહેલા ગલવાનમાં ભારતના ૨૦ જવાનોની ક્રૂરતાથી હત્યા કરી ચીની સૈનિકોએ નાલેશીભર્યું કાર્ય કર્યું હતુ. કારણ કે એલએસીના સમજૂતિ કરારનો ભંગ કરીને આ કૃત્ય કરાયું હતુ આ ઘટના સાથે જ ચીનનો આર્થિક બહિષ્કાર કરવાની લાગણી આખા ભારતમાં જોર પકડી ચૂકી હતી. શરૂઆતમાં તો મોદી સરકારના કારભારીઓના પેટનું પાણી સુધ્ધાં નહોતું હાલતુ. મોદી આણિ મંડળી જે રીતે કુલડીમાં ગોળ ભાંગીને ગોળ ગોળ વાતો કરતી હતી એ જોતાં એવું જ લાગતું હતું કે, આ સરકાર કશું નહીં કરે અને લોકોનું ધ્યાન બીજી તરફ વાળીને છેવટે વાતને ભૂલવાડી દેશે. પણ મોદી સરકારે એક પગલું તો ભર્યું જ છે. આ પગલું પ્રતિકાત્મક છે પણ તેના કારણે એવી આશા ચોક્કસ ઊભી થઈ છે કે, ભવિષ્યમાં મોદી સરકાર બીજાં પ ગલાં લઈ શકે છે. બીજી તરફ ચીનની એપ્સ પર પ્રતિબંધને કારણે મોટાપાયે નુકસાન થતાં ચીન પણ ગિન્નાયું છે. ચીન સામે લશ્કરી પગલાં બંને પક્ષ માટે જોખમી અને વધુ નુકસાનકારક નીવડી શકે તેમ છે. તેથી મોદી સરકારે ચીનની એપ્સ પર પ્રતિબંધ મુકીને ચીનને કડક સંદેશ આપ્યો છે. જો કે, ભારતે આમ પ હેલી વાર નથી કર્યું. ૨૦૧૭માં ભૂતાન સરહદે ડોકલામમાં ચીન સાથે ડખો થયો એ વખતે પણ આપ ણા સંરક્ષણ મંત્રાલયે ૪૨ ચાઈનીઝ એપ ડીલીટ કરી નાખવા ફરમાન કરેલું. અલબત્ત એ વખતે આ ફરમાન ચીનની સરહદ પર તૈનાત આપણા લશ્કરી સૈનિકો અને અધિકારીઓને કરાયેલું. એ વખતે સંરક્ષણ મંત્રાલયે ૨૪ નવેમ્બર ૨૦૧૭ના દિવસે એક ફરમાન બહાર પાડીને ૪૨ ચાઈનીઝ એપ્લીકેશન્સનું લિસ્ટ પકડાવી દીધેલું. ડોકલામ વિવાદ પહેલાં ૨૦૧૫ના ડિસેમ્બરમાં ચાઈનીઝ હેકર આપણી સિસ્ટમ્સમાં ફરી વળશે એવો ખતરો લાગ્યો ત્યારે સંરક્ષણ મંત્રાલયે દિલ્હીના સાઉથ બ્લોકમાં ચાઈનીઝ વાઈ-ફાઈ અને બ્લુ ટૂથ ડિવાઈસના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો હતો. સિંગાપોરની એક કંપનીએ એ વખતે આપણને ચેતવેલા કે, ચીનના હેકર્સ ચાઈનીઝ બગથી સંરક્ષણ મંત્રાલયનાં કોમ્પ્યુટર્સ હેક કરીને દક્ષિણ ચીન સમુદ્રમાં ભારતીય નેવીના યુધ્ધ જહાજો ક્યાં ક્યાં છે તેની માહિતી ચીનના લશ્કરને પહોંચાડી દેશે. ભૂતકાળમાં બંને વખતે ચાઈનીઝ એપ્સ પરનો પ્રતિબંધ લશ્કર અને સંરક્ષણ મંત્રાલય પૂરતો મર્યાદિત હતો. આ વખતે આખા દેશમાં તમામ મોબાઈલ ફોનમાં આ પ્રતિબંધ મૂકી દેવાયો છે એ જોતાં આ પગલાની અસર દેશનાં કરોડો લોકોને થશે તે ચોક્કસ છે. ભારતમાં દરેક સ્માર્ટફોનમાં કોઈ ને કોઈ ચાઈનીઝ એપ હોય જ છે. મોદી સરકારે જે ૫૯ એપ પર પ્રતિબંધ મૂક્યો છે હવે ચીને ભારતે મૂકેલા પ્રતિબંધ સામે ધારણા પ્રમાણે જ કકળાટ શરૂ કર્યો છે. ચીનના વિદેશ મંત્રાલયે સત્તાવાર નિવેદનમાં ભારતના પગલાની ટીકા કરી છે. ચીનનાં વ્યાપારી હિતો જાળવવાની ભારતની જવાબદારી છે એવું પણ ચીને કહ્યું છે.



manoj1968@yahoo.ca



Beautiful Well Maintained 1 Bedroom Suite In Marilyn Monroe. 600 Sq Ft, Amazing Views From Huge 130 Sq Ft Balcony W/Access From Living & Bedrooms. 9 Ft Ceilings. Gorgeous Kitchen W/ Centre Island, Granite Counter Tops & Stainless Steel Appliances. Many Amenities, Great Location W/ The Future Lrt Line On Hurontario.
MISSISSAUGA



Welcome To The Well Maintained, Super Clean And Bright 2 Bedrooms + Den In Rainbow Village, Huge Living/Dining Room, Large Bedrooms, 2 Full Washrooms,All Customized Closets In Kitchen,Bedrooms,Entrance,Wshrm. 24 Hrs Gatehouse Security, Large Recreational Facilities, Gym, Pool, Party Room, On Site Day Care, Visitor Parking, Playground On Site.
TORONTO



(Wow) Absolute Show Stopper! 4 Generous Size Bedrooms 3 Baths + Stunning Views Of Escarpment From Front Balcony, Facing Beautiful Park , Steps To Public Transit, Schools And Parks, Dbl Door Entry , Eat In Kitchen , Huge Family Doom With Hardwood Floors,Unfin Basement , House Is Truly A Model Home Master Ensuite W/Soaker Tub & Walk-In Closet.
MILTON



Aprx 4100 Sq Ft... Stunning Detached 5 Bedrooms, 5 Washrooms (5 Bedrooms & 4 Full Washrooms On The Second Floor) 10' Ceilings On Main Floor, 9' On Second Floor,Upgraded Tiles. Custom Kitchen With Extra Cabinetry, Large Island With Modern Back Splash & Quartz Counter Top. Hardwood Floor Through Out Main. Berber Carpet On The Second Floor. Crown Molding.
BRAMPTON

RE/MAX REALTY SERVICES INC. BROKERAGE
INDEPENDENTLY OWNED AND OPERATED
JAY PATEL
BROKER
647.241.3818
jaypatel1323@gmail.com

Off : 905.456.1000 I Fax : 905.456.1924
295 Queen Street East, Brampton, On., L6W 3R1

ARISTO PEST CONTROL
Set your mind at rest, we will get rid of the pest
✔ Mice
✔ Rat
✔ Cockroach
✔ Bedbug
✔ Animal Control
✔ Bird Control
✔ Wasps &
✔ Hive Removal

*** Same Day Service - Residential, Commercial, Industrial ***
*** No obligation inspection for commercial and residential clients ***
Written Guarantee And Discounted Rates
We speak English, Gujarati & Hindi
SANKET TRIVEDI
Government Licensed Structural Exterminator
647-339-3926
info@aristopestcontrol.ca
www.aristopestcontrol.ca
CPMA - ACGP
NATIONAL PEST MANAGEMENT ASSOCIATION International
24 Hours / 7 Days
Emergency Services
&
Animal Removal

# ગોવર્ધનથાળ



## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન



Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax

Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax

All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)

$12.99 (M-T) / $14.99 (F-S)

**CATERING SPECIAL**
$ 6.99 10 items
Sweet, Farsan, Subji,
Kathor, Puri, Dal, Rice
Papad, Pickle, Kachumber

મેરેજ, કેટરીંગ
સ્પેશ્યલ $ 10 PP

**Largest Gujarati Vegetarian Buffet in Canada**

Call us for details

૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો,
ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૪૩૧-૪૩૧૦ / ૪૧૬-૪૩૪-૮૧૨૧

Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.



દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



**Promotional Price**
**$500**
Per Person / Per Month



Knights Inn & Suites
Every Knight, Just Right®

Call : Tushar Shah - 416-434-8121
ગુજરાત ભવન - 416-913-7184

4694 Kingston Road, Scarborough.

# અનેક દેશોમાં કેનેડાના વિઝા કેન્દ્રો શરૂ

ટોરન્ટો : તાજેતરના અઠવાડિયામાં વિશ્વભરના અનેક દેશોમાં વિઝા એપ્લીકેશન સેન્ટર્સ ફરીથી શરૂ કરવામાં આવ્યા છે. જેનાથી જે લોકો કેનેડા આવવા માંગતા હોય એમને જરૂરી સુવિધાઓ મળી શકે. વિઝા એપ્લીકેશન સેન્ટરમાં લોકોને પોતાની અરજીઓ બાયોમેટ્રીક સાથે ઈમિગ્રેશન પ્રક્રિયા મુજબ જમા કરાવી શકે અને કેનેડામાં ઈમિગ્રેશન, રેફયૂજીસ એન્ડ સીટીઝનશીપ કેનેડા (આઈઆરસીસી) દ્વારા નક્કી કરાયા મૂજબની માહિતી અરજદારે આપવાની હોય છે. જેમાં અરજદારે પોતાના ફિંગરપ્રિન્ટસ, ફોટોગ્રાફસ અને બાયોમેટ્રીક કલેશકનની ફી ચુકવવાની હોય છે. કેનેડામાં આવનારાઓની બાયોમેટ્રીકસ જાણકારી




એટલા માટે પણ જરૂરી છે કે, જેનાથી તેઓ દેશમાં આસાનીથી પ્રવાસ કરી શકે. આ વર્ષના માર્ચ માસથી કોવિડ - ૧૯ની મહામારીને પગલે બધા વિઝા એપ્લીકેશન સેન્ટર્સ બંધ કરી દેવાયા હતા. જયાં જયાં આવા સેન્ટર શરૂ થઈ રહ્યા છે એની યાદી આ મૂજબ છે : (૧) ઓસ્ટ્રેલિયા : મેલબોર્ન, સિડની (૨) ઓસ્ટ્રીયા : વિયેના (૩) બહેરીન : માનામા (૪) બાર્બાડોસ : બ્રિજટાઉન (૫) ચીન : બિજિંગ, ચેંગડુ, ચોન્કીંગ, ગોન્ઝોઉ, હેન્ગઝોઉ, જિનાન, કુન્મીંગ, નાન્જીંગ, શાંઘાઈ, શેન્યાંગ (૬) ફિજી : સુવા (૭) ફ્રાન્સ : પેરીસ (૮) જર્મની : બલર્નિ, ડસેલડોફ (૯) ઘાના : એકરા (૧૦) ગ્રીસ : એથેન્સ (૧૧) ઈરાક : એબર્લિ (૧૨) ઈઝરાયેલ : તેલ અવીવ (૧૩) ઈટાલી : રોમ (૧૪) જાપાન : ઓસાકા, ટોકિયો (૧૫) મલેશિયા : કુઆલાલમ્પુર (૧૬) ન્યુઝીલેન્ડ : ઓકલેન્ડ (૧૭) રોમાનિયાઃ બુકારેસ્ટ (૧૮) સબર્યિાઃ બેલગ્રેડ (૧૯) સ્પેન : મેડ્રીડ (૨૦) શ્રીલંકા : કોલંબો (૨૧) થાઈલેન્ડ : બેંગકોક (૨૨) ધી નેધરલેન્ડસ : ધી હેગ (૨૩) ટ્રીનીદાદ એન્ડ ટોબાગો : પોર્ટ ઓફ સ્પેન (૨૪) યુનાઈટેડ આરબ અમિરાતસ : અબુ ધાબી,દુબઈ.

# સુફી કાઉન્સિલ ઓફ ટોરન્ટો દ્વારા કેનેડા-ડે નિમિત્તે ફુડ વિતરણ કરાયું



ટોરન્ટો :- સુફી કાઉન્સિલ ઓફ ટોરન્ટો દ્વારા કેનેડા-ડે નિમિત્તે શેરબોર્ન હોમલેસ સેન્ટર ડાઉન ટાઉન ટોરન્ટો ખાતે ફુડ વિતરણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં આશરે ૨૫૦-૩૦૦ ગરીબોને ફુડ તથા પાણીનું વિતરણ કરવામાં આવ્યુ હતું. જેમાં ટી.ડી.એસ.બી ટ્રસ્ટી ઝાકીર પટેલ, સુફી કાઉન્સિલ ઓફ ટોરન્ટોના ઓગ્રેનાઈઝર મોહેસીન પટેલ, ઉમર કાદરી, અમીર કાદરી તથા અન્ય કાર્યકરોએ ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# કોવિડ ૧૯ની ઈફેક્ટ : રાહદારીઓ અને સાયકલિસ્ટ માટે વિકલ્પ તૈયાર

- **વાહનવ્યવહારમાં સરળતા માટે બાઈક લેનના નવા માળખાને પ્રાદેશિક કાઉન્સિલની મંજૂરી**

ઓન્ટેરિયો : કોવિડ ૧૯ દરમિયાન સાયકલીસ્ટો અને રાહદારીઓ માટે સંખ્યાબંધ નવા બાઈક લેન માળખાઓને નવા વિકલ્પ તરીકે મજૂરી આપવામાં આવી છે. કામ ચલાઉ ઝડપી વાહન વ્યવહાર માટે નવા માળખાની રચના જરૂરી હતી. બુધવારે પ્રાદેશિક કાઉન્સિલની મળેલી બેઠકમાં કોવિડ ૧૯ મહારોગચાળાને ધ્યાનમાં લઈ આ યોજના મંજૂર કરવામાં આવી છે.

પ્રાદેશિક પ્લેટફોર્મ પર લોકોને આ નવા વિકલ્પ માટે ભારે આવકાર મળતા નીચે મુજબ ૩૧મી ઓગસ્ટથી પ્રાદેશિક રસ્તાઓ કામ ચલાઉ રીતે બંધ કરવામાં આવશે અને તે બાઈકર્સ માટે અનામત રાખવામાં આવે છે.

૧. કિંગ સ્ટ્રીટ કોરોનેશન બુલીવર્ડ / ડુંડાસ સ્ટ્રીટથી બિશપ સ્ટ્રીટ થઈને બેવર્લી સ્ટ્રીટ કેમ્બ્રિજનો માર્ગ. ૨. વેસ્ટ માઉન્ટ રોડથી બ્લોક લાઈન રોડ થઈને યુનિવર્સિટી એવન્યું, કિચનાર અને વોટરલૂનો માર્ગ. ૩. ફ્રેડરિક સ્ટ્રીટથી વેબર સ્ટ્રીટ થઈને લાંસ્ટર સ્ટ્રીટ કીચનર રોડ. ૪. એર્બ સ્ટ્રીટથી વેસ્ટ માઉન્ટ રોડ થઈને કેરોલાઈન સ્ટ્રીટ વોટરલૂનો માર્ગ. ૫. એર્બ સ્ટ્રીટથી પેપલર સ્ટ્રીટ થઈને માર્ગારેટ એવેન્યું (ફક્ત એક લેન) વોટરલૂનો માર્ગ. ૬. બ્રિજ પોર્ટ રોડ, કિમ સ્ટ્રીટથી માર્ગારેટ એવન્યું (ફક્ત એક લેન) આ રોડની ૩૦ કિલોમીટર જગ્યામાં નવી બાઈક લેન કામ ચલાઉ રીતે પ્રાદેશિક માર્ગો પર તૈયાર કરવામાં આવશે.






# કોવિડ-૧૯ને કારણે બંધ કરાયેલા તમામ સિનેપ્લેક્સ ફરી શરૂ કરવા હિલચાલ

**• સિનેપ્લેક્સ ઈનકોર્પોરેટ કંપનીને ૩ માસમાં ૧૭૮ મિલિયન ડોલરની ખોટ ગઈ**




ઓન્ટેરિયો : તમે અંધારામા પોપકોર્નનું મોટું પેકેટ લઈ પોપકોર્ન ખાતાં ખાતાં કોઈ રોમાંચનો કે સપનાનો અનુભવ કરી રહ્યા હો એ હવે ટૂંક સમયમાં વાસ્તવિક બની જશે. સિનેપ્લેક્સ ઈનકોર્પોરેટ કેનેડામાં સૌથી વધુ થિયેટર ધરાવતી એક મોટી કંપની જે માર્ચની મધ્યમાં કોવિડ-૧૯ દરમિયાન બંધ કરી દેવાની ફરજ પડી હતી, તે હવે કેટલાંક શહેરોમાં ફરીથી શરૂ કરવાની તૈયારીમાં જોતરાઈ છે.

સિનેપ્લેક્સના પ્રવક્તા સારાહ વાનલેંગે મીડિયાનને જણાવ્યું હતું કે, અમે એવા તમામ પ્રયત્નો કર્યા છે કે જ્યારે અમારા થિયેટરો ફરીથી શરૂ થાય ત્યારે અમારા મહેમાનોને મુવી જોતાં પરિવર્તનનો અનુભવ થાય.

કેનેડાની મનોરંજન સાથે જોડાયેલી કંપની કોરોના વાયરસને કારણે બંધ કરવાને કારણે પહેલાં જ ત્રિમાસિક ગાળામાં ૧૭૮.૪ મિલિયન ડોલરની ખોટ ખમવી પડી હતી. આ સિવાય યુકેની સિનેવર્લ્ડના સોદામાં ૨.૮ બિલિયન ડોલર ચૂકવી ન શકતાં સોદો પડતો મૂકવો પડ્યો હતો.

લેંગે જણાવ્યું હતું કે કંપની શુક્રવાર સુધીમાં કેનેડામાં આવેલા તેના તમામ થિયેટરો શરૂ કરી દેવામાં આવશે. જો કે, સંજોગોવસાત ઓન્ટેરિયો, મેનિટોબા અને પ્રિન્સ એડવર્ડ આઈલેન્ડમાં થિયેટરો શરુ કરતાં થોડો સમય લાગશે.

સિનેમા જોવા આવનાર લોકોએ એમના જૂના અનુભવોની આશા રાખવી નહીં, કારણ કે કોવિડ-૧૯ને કારણે દરેક ધંધા-ઉદ્યોગમાં સમયને અનુરૂપ પરિવર્તન કરવા પડ્યા છે. એ જ રીતે આરોગ્યના નવા નિયમોને ધ્યાનમાં રાખીને અમારી થિયેટર ચેઈનમાં સુધારાવધારા થઈ રહ્યા છે અને સોશિયલ ડિસ્ટન્સીંગ તથા અન્ય સાવધાનીના પગલાં લેવાઈ રહ્યાં છે. હવે પછી બુકિંગ ઓફિસ પરથી લેવાની પ્રથાને બદલે હવે ઓનલાઈન કિયોસ્ક પરથી ટિકિટ ખરીદવાની રહેશે.

# નફરતના પ્રચાર બદલ ફેસબુકનો કેનેડાની પાંચ બેંકો દ્વારા બહિષ્કાર

**• તમામ બેંકો હવેથી ફેસબુક પર કોઈ જાહેરાત નહીં આપે તેવો નિર્ણય કરાયો**

ટોરન્ટોઃ ફેસબુકના પ્લેટફોર્મ પર જાતિવાદ, હિંસા અને ખોટો પ્રચાર કરવાનો ઉપયોગ કરવામાં આવે છે, તે બદલ કેનેડાની તમામ પાંચ બેંકોએ ફેસબુકનો બહિષ્કાર કર્યો છે. કોટિયા બેંક, આરબીસી, સીઆઈબીસી, બીએમઓ અને ટીડી આ પાંચ બેંકોએ પોતાની જાહેરાત ફેસબુક પર ન આપવાનો નિર્ણય કર્યો હતો. તેઓ ફેસબુકના વિરોધ કરી રહેલી બ્રાન્ડ્ઝ લુલુ લેમન એથ્લેટિકા અને એમઈસીની સાથે જોડાઈ છે અને નફરત વિરોધી એક ગ્રુપ તૈયાર કર્યું છે જેનો અર્થ એવો થાય છે કે નફો મેળવવા માટે નફરત ન ફેલાવો.

આ ઝુંબેશનું નેતૃત્વ એનએએસીપી અને એન્ટી ડિફેમેશનરી જેવી સંસ્થાઓએ સંભાળ્યું છે અને દેશમાં જાતિવાદી તથા કાળા નિગ્રો સામે નફરતની લાગણી ફેલાવવા માટે આ સોશિયલ મિડીયાના પ્લેટફોર્મનો ઉપયોગ થઈ રહ્યો છે તેની સામે આંદોલન ચલાવી રહ્યા છે. આ આંદોલનમાં ભાગ લેનારી બ્રાન્ડ્ઝ એક મહિના સુધી ફેસબુક ઉપર પોતાના ઉત્પાદનોની જાહેરાત આપવાનું બંધ કરશે. તેનો અમલ જુલાઈ મહિનાથી કરવામાં આવશે. મંગળવારે સ્કોટિયા બેંકે આ આંદોલનમાં જોડાવાની જાહેરાત કરી હતી જ્યારે અન્ય ચાર બેંકોએ બુધવારે જણાવ્યું હતું કે, તેઓ પણ ફેસબુક સામે આંદોલનમાં અન્ય બેંકોના અનુસાર આરબીસીના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, જાતિવાદી ટીકા કાળા લોકો માટે નુકસાનકારક છે. મૂળ વતનીઓ અને લોકોનો રંગ એ કોઈ વિવાદનો વિષય નથી. આવા ભેદભાવ સામે બેંક લડી લેવા માંગે છે. એ. જે. ગુડમેને જણાવ્યું હતું કે, આપણે બધાએ રંગભેદ અને નફરત ફેલાવતા વિચારો સામે સંગઠિત થઈને ઊભા રહેવાની જરૂરત છે.

Imperial PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week



Preventing the Spread of COVID-19 :
Our disinfectant services that we offer are:
1 Spray Services 2 Fogging Services 3 Sanitation Services
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service *Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES
iccrc crcic
AMI MEHTA (SINP Authorized Rep)
Web: www.siis.ca
E-mail: info@siis.ca
CANADA IMMIGRATION
Investor / Business visa expert | Agriculture / Farming
Self-start visa | Owner operator work permit
Business branch in Canada work permit
Child support worker (caregiver) Home support worker (Nanny)
EXPRESS ENTRY AND ALL PNP
STUDY VISA / SUPER VISA / VISITOR VISA (TRV)



AMI MEHTA (SINP Authorized Rep)
CANADA OFFICE
94-499 Main Street South; Brampton, Ontario, Canada.
VADODARA OFFICE
2/A, Wagheshwary Society, Vip Road, Vadodara.
India Cell: +91 94289 73911, +91 95121 57817, +91 78749 58758
Canada:. + 1 416 745 2466
Email.: info@siis.ca Website.: www.siis.ca

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Advisor : Zakir Patel
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# ગુજરાતમાં ૨૪ કલાકમાં રેકોર્ડ બ્રેક ૬૮૧ કેસ : ૧૯ મોત

## રાજ્યમાં કોરોના સંક્રમિતનો કુલ આંકડો ૩૩૯૯૯ અને કુલ મૃત્યુઆંક ૧૮૮૮ થયો : અમદાવાદમાં ૨૧૧ કેસ

અમદાવાદ : રાજ્યમાં ગુરૂવારે સતત છઠ્ઠા દિવસે કોરોના પોઝીટીવનો આંકડો છસ્સોને પાર થયો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં ૭૪૨૫ લોકોના કોરોના ટેસ્ટ કરવામાં આવતા ૬૮૧ લોકોને કોરોના પોઝીટીવ આવ્યો હતો. રાજ્યમાં આ સાથે કોરોના સંક્રમીતોનો કુલ આંકડો ૩૩૯૯૯ થયો છે. આજે વધુ ૧૯ દર્દીઓના કોરોનાને લીધે મોત થતા કુલ મૃત્યુઆંક ૧૮૮૮ થયો છે. રાજ્યમાં આજે ૫૬૩ વ્યક્તિઓ ડીસ્ચાર્જ કરવામાં આવ્યા હતા. આ સાથે અત્યાર સુધીમાં ૨૪૬૦૧ લોકો કોરોના મુક્ત થયા છે. રાજ્યમાં આજની સ્થિતિએ ૬૮ લોકો વેન્ટીલેટર પર છે. રાજ્યમાં સતત કોરોના પોઝીટીવનો આંકડો રોજ નવા રેકોર્ડ બનાવી રહ્યો છે. કોરોનાનું સંક્રમણ જે રીતે દિવસે દિવસે ફેલાઈ રહ્યું છે તેનાથી આરોગ્ય વિભાગની ચિંતામાં વધારો થઈરહ્યો છે. આજે સુરતમાં અમદાવાદ કરતા વધુ કેસો નોંધાયા હતા. આરોગ્ય વિભાગની યાદી મુજબ આજે રાજ્યમાં



કોવિદ-૧૯ના લીધે અમદાવાદ કોર્પોરેશનમાં ૭, સુરત કોર્પોરેશનમાં ૩ અને ગ્રામ્યમાં ૧, વડોદરા કોર્પોરેશનમાં ૨, જુનાગઢ કોર્પોરેશનમાં ૧, મહેસાણા ૧, પાટણ ૧, ખેડા ૧, વલસાડ ૧ અને સુરેન્દ્રનગરમાં ૧ મોત નોંધાયું છે. અમદાવાદમાં આજે કોરોના પોઝીટીવના ૨૧૧ કેસ નોંધાયા જેમાં ૨૦૨ શહેર અને ગ્રામ્યમાં ૯ હતા. આ સાથે શહેરમાં કોરનાથી કુલ સંક્રમીતનો આંકડો ૨૧૩૩૯ પર પહોંચ્યો છે. જ્યારે વધુ ૭ મોત સાથે શહેરમાં કોરોનાનેલીધે મૃત્યુઆંક કુલ ૧૪૫૬ થયો છે. સુરતમાં આજે રાજ્યના સૌથી વધારે કેસ નોંધાયા હતા. સુરત શહેરમાં ૧૯૧ અને ગ્રામ્યમાં ૩૬ સાથે ૨૨૭ કેસ કોરોનાના નોંધાયા હતા. સુરત શહેરમાં કોરોના સંક્રમીતનો આંકડો કુલ ૫૨૪૭ થયો છે. આજે વધુ ૪ મોત સાથે મૃત્યુઆંક કુલ ૧૬૭ થયો છે. વડોદરા શહેરમાં સતત ચોથા દિવસે કોરોનાના

૫૦થી વધુ કેસ નોંધાયા છે. આજે વડોદરા શહેરમાં ૪૬ અને ગ્રામ્યમાં ૧૧ સાથે ૫૭ કેસ નોંધાયા છે.

આ સાથે વડોદરામાં કુલ સંક્રમીતનો આંકડો ૨૩૮૧ અને આજે વધુ ૨ મોત સાથે કુલ મૃત્યુઆંક ૫૧ થયો છે. ગાંધીનગરમાં આજે ૭ કેસ કોરોનાના નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૬૭૭ થયો છે.

## સ્વામિનારાયણ ગાદી સંસ્થાના ૧૧ સાધુ કોરોના પોઝિટીવ

અમદાવાદ : અમદાવાદના મણિનગરમાં એક સાથે ૧૧ સંતોને કોરોના રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે. સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના સંતોને કોરોના પોઝિટીવ આવતા અફડાતફડીનો માહોલ સર્જાયો છે. તમામ સંતો હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ દાખલ કરાયા છે. તંત્ર દ્વારા હાલ સંપર્કમાં આવેલા અન્ય સંતોને પણ મંદિરમાં ક્વોરન્ટાઈન કરી દેવામાં આવ્યા છે. તમામ સંતોની તબિયત હાલ સુધારા પર છે. અમદાવાદમાં છેલ્લાં થોડા દિવસથી કોરોનાના કેસની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો છે. પણ સ્વામિનારાયણ સંસ્થાના સંતોને કોરોનાએ પોતાની ઝપેટમાં લઈ લીધા છે. મળતી માહિતી મુજબ મણિનગર સ્વામિનારાયણના ૧૧ જેટલા સંતોને કોરોનાનો ચેપ લાગ્યો છે. મણિનગર સ્વામિનારાયણ ગાદી સંસ્થાના ૧૧ જેટલા સંતોને કોરોના થતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે જ્યાં તેમની હાલમાં સારવાર ચાલી રહી છે. આ તમામ સંતોનું સ્વાસ્થ્ય સુધારા પર છે.

## ઉ. ગુજ. કોરોનાનાં ચપેટમાં એક જ દિવસમાં ૩૫ કેસ, ત્રણના મોત

- મહેસાણા જિલ્લામાં પોઝીટીવ કેસોએ ત્રેવડી સદી ફટકારી

મહેસાણા- અનલોક-૦૧ બાદ મહેસાણા જિલ્લામાં કોરોના સંક્રમણનો ચિંતાજનક વ્યાપ વધી રહ્યો છે. બુધવારે ઉત્તર ગુજરાતના મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં એક સાથે ૩૫ કોરોના પોઝિટીવ કોરોના કેસો સામે અવાયા છે. જ્યારે ત્રણ દર્દીઓના મોત નિપજ્યા છે. મહેસાણાના ૧૨ ,બનાસકાંઠાના ૧૮ અને પાટણ જિલ્લાના ૫ કેસોનો સમાવેશ થાય છે. સૌથી વધુ કેસો મહેસાણા જિલ્લામાં નોંધાયા છે.

મહેસાણામાં પાંચ અને કડીમાં ચાર મળીને કુલ ૧૨ કોરોના પોઝીટીવ કેસ ઉમેરાયા છે. જ્યારે જિલ્લામાં ૩૦૧ કોરોના પોઝીટીવ દર્દીઓ પૈકી સાજા થયેલા ૨૦૬ વ્યક્તિને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જ્યારે અત્યારસુધી અમદાવાદ, મહેસાણા, ગાંધીનગર અને સુરત ખાતે સારવાર લઈ રહેલા મહેસાણા જિલ્લાના ૨૯ દર્દીઓનો ભોગ લેવાયો છે. જેમાં વિસનગરના કાંસાના ૪૮ વર્ષીય તબીબનું બુધવારે મોત થયું છે. જિલ્લાના ૧૫૦ સેમ્પલનું બુધવારે રિપોર્ટ આવતા ૧૪૮ના રિઝલ્ટ નેગેટીવ આવ્યા છે.

## અમદાવાદમાં મે મહિનામાં મૃત્યુ અઢી ગણા વધ્યા

અમદાવાદ- **AMC**એ **RTI**માં જાહેર કરેલા શહેરના ૨૪ સ્મશાનગૃહોના આંકડા ચોંકાવનારા છે. ૨૪ સ્મશાનમાં મે મહિનામાં અંત્યેષ્ઠિના આંકડામાં ઉછાળો જોવા મળ્યો છે. ગત મે ૨૦૧૯ના એક મહિનામાં કુલ ૨૫૦૪ મૃત્યુ નોંધાયા હતા જ્યારે મે ૨૦૨૦માં કોરોના પીક હતો તેવા ગાળામાં આ આંકડા અઢી ગણા (૨૪૫%) વધીને ૬૧૪૭ નોંધાયા છે. કોરોનાના સમયગાળામાં સરેરાશ થતાં મૃત્યુમાં પણ વધારો જોવા મળ્યો છે. **AMC** ૨૪ સ્મશાનગૃહોનું સંચાલન કરે છે જ્યાં હિંદુ ધર્મના નાગરિકોની અંત્યેષ્ઠિ થાય છે જ્યારે લઘુમતી સમાજના કબ્રસ્તાનનું સંચાલન સંસ્થાઓ અને વકફ બોર્ડ પાસે છે તેવામાં માત્ર મ્યુનિ. સંચાલિત સ્મશાનગૃહોમાં પણ મૃત્યુના આંકડામાં વધારો જોવા મળ્યો છે. શહેરમાં ૧૬ માર્ચના રોજ કોરોનાનો પ્રથમ કેસ નોંધાયો હતો જેની જાહેરાત બે દિવસ બાદ થઈ હતી પછી એપ્રિલમાં કેસો વધ્યાં હતા જ્યારે મે માસમાં સૌથી વધુ કેસ નોંધાયા હતા.

## કોરોનાના સૌથી વધુ કેસ ધરાવતા સાત રાજ્યમાં ગુજરાતમાં સૌથી ઓછા ટેસ્ટ

- તામિલનાડુમાં સૌથી વધુ ૧૦ લાખ, મહારાષ્ટ્રમાં ૯.૨૬ લાખ જ્યારે ગુજરાતમાં હજુ ૩.૬૩ લાખ ટેસ્ટ

અમદાવાદ- ગુજરાતમાં કોરોનાના કેસનો ગ્રાફ સતત ઊંચે જઇ રહ્યો છે પણ તેનાથી વિરોધાભાસ રીતે કોરોના ટેસ્ટનો ગ્રાફ હજુ પણ નીચે જ છે. ગુજરાતમાં અત્યારસુધી ૩,૬૩,૧૯૮ કોરોના ટેસ્ટ થયા છે, જે કોરોનાના સૌથી વધુ કેસ ધરાવતા ટોચના ૭ રાજ્યોમાં સૌથી ઓછા છે. તામિલનાડુમાં સૌથી વધુ ૧૦,૭૭,૪૫૪ વ્યક્તિના કોરોના ટેસ્ટ થઇ ચૂક્યા છે.

તામિલનાડુ દેશનું પ્રથમ એવું રાજ્ય છે જ્યાં ૧૦ લાખથી વધુ ટેસ્ટ કરવામાં આવ્યા છે. તામિલનાડુ ઉપરાંત મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન જેવા રાજ્યોમાં પણ કેસની સંખ્યા સતત વધી રહી હોવા છતાં તેમણે ટેસ્ટ ઉપર કાપ મૂક્યો નથી. મહારાષ્ટ્રની જ વાત કરવામાં આવે તો ત્યાં કુલ કેસનો આંક હવે ૧.૬૪ લાખ છે જ્યારે ત્યાં ૯.૨૬ લાખના ટેસ્ટ થયા છે. એક અહેવાલ પ્રમાણે વર્ષ ૨૦૧૯માં મહારાષ્ટ્રની વસતી ૧૨.૨૧ કરોડ છે. આમ, મહારાષ્ટ્રમાં પ્રતિ ૧૦ લાખની વસતીએ સરેરાશ ૭૫૮૮ વ્યક્તિના ટેસ્ટ થઇ ચૂક્યા છે. કોરોનાના સૌથી વધુ કેસમાં દિલ્હી ૮૩૦૭૭ સાથે બીજા સ્થાને છે. દિલ્હીમાં ૪.૯૮ લાખ ટેસ્ટ થયા છે. આ સ્થિતિ પ્રમાણે દિલ્હીમાં સરેરાશ ૧૦ લાખની વસતીએ ૨૫૧૫૫ના ટેસ્ટ થયેલા છે.

ગુજરાતની વાત કરવામાં આવે તો વર્ષ ૨૦૧૯ પ્રમાણે ૬.૧૯ કરોડની વસતી છે. આ સ્થિતિએ પ્રતિ ૧૦ લાખની વસતીએ ૫૩૪૮ વ્યક્તિના ટેસ્ટ થયા છે.


First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $12 વધુ દર LB ના $4
11 LB $42 વધુ દર LB ના $4
23 KG $140, વધુ દર KG ના $8
30 KG $185, વધુ દર KG ના $8
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ
બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૩.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631
સ્કારબોરો
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
૬૪૭-૬૫૭-૯૬૩૧
મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન, ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર ૯.૩૦ AM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
www.firstflightcanada.com



"Savings For YOU, Protection for Your Loved Ones"
: Offered services :
1. Life Insurance
2. Mortgage Insurance
3. Critical Illness Insurance
4. Visitors Medical Insurance
5. Tax Return Filing
6. Super Visa Travel Insurance
We represent many insurance companies, we can shop around for best rates.





Shailesh Patel
CALL TODAY
Cell : 416 837 9155
Email : shailesp@gmail.com








હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


## અમેરિકાને શક્તિશાળી રાષ્ટ્ર બનાવવાનો મૂળ પાયો પેટ્રોલિયમ ક્રાંતિના સર્જક જોહન ડી રોકફેલરે જ નાંખ્યો

# જોહન ડી રોકફેલર: તકલીફને તકમાં ફેરવનાર પ્રતિભા

**ઓફ-બીટ**

**ધવલ શુક્લ**

અમેરિકા ઘણાં સમયથી વિશ્વની મહાસત્તા ગણાય છે. અમેરિકામાં બહારના દેશોના પ્રતિભાશાળી લોકો ભેગા થયા અને ત્યારબાદ દેશ માટે કામ થતાં તે સમૃદ્ધ દેશ બની ગયો. ૧૮૦ વર્ષ પહેલા અમેરિકાના ન્યૂયોર્કમાં જન્મેલા જોહન રોકફેલરેને મુશ્કેલ પરિસ્થિતિમાં સંઘર્ષ કરીને કેવી રીતે સફળતા મેળવાઈ તેનું ઉત્તમ ઉદાહરણ માની શકાય છે.

જોહન રોકફેલરનો જન્મ ૮ જુલાઈ ૧૮૩૯માં ન્યૂયોર્કના રીચફોર્ડ વિસ્તારમાં થયો હતો. પિતા મૂળ જર્મનીના અને માતા સ્કોટીશ, પરંતુ તેઓ ન્યૂયોર્કમાં શિફ્ટ થયા હતા. જોહનના જન્મ બાદ થોડા વર્ષ અમેરિકાની બહાર રહ્યા હતા. પિતા સેલ્સમેનનું કામ કરતા હતા. બટાટા, કેન્ડી જેવી નાની-મોટી ચીજો ઘરે ઘરે ફરીને વેચતા હતા. તેઓ ઓહિયો-ન્યૂયોર્ક એમ અલગ અલગ સ્થળે ફરતા રહ્યા.

જોહન પર માતાનો પ્રભાવ વધારે હતો અને ચર્ચનું કામ કરતા હતા. તેની સાથે જોહન નિયમિત ચર્ચ જતો હતો. તે સમયે અમેરિકા સહિત વિશ્વમાં ભણતરનું પ્રમાણ ઓછું હતું. ડિગ્રી અને પોસ્ટ ડિગ્રી સુધી જનારા જુજ હતા.

જોહન સેન્ટ્રલ સ્કૂલમાં ભણ્યા બાદ કમર્શિયલ કોલેજમાં બિઝનેસ કોર્સ કર્યો તે સમયે આટલું ભણતર તો ઘણું કહેવાતું. ૧૬મા વર્ષે તો જોહને નોકરી શરૂ કરી. બુક કીપિંગ-એકાઉન્ટનું શિક્ષણ મેળવ્યું હોવાથી પ્રથમ નોકરી કલાર્કની કરી, જેમાં તે હિસાબ-કિતાબનું કામ કરતા હતા.

૧૬ વર્ષની ઉંમરે જ તેનામાં બચત અને સેવા કરવાના ગુણ વિકસી ચૂક્યા હતા. માતા પણ સેવાભાવી હતી. કલાર્કની નોકરીમાં તે સમયે મામૂલી વેતન મળતું હતું. તેમ છતાં જોહન જે પગાર મળતો હતો તેમાંથી છ ટકા ચેરિટીમાં આપી દેતા.

૨૦મા વર્ષે વેતનના ૧૦ ટકા ચેરિટીમાં આપવાનું શરૂ કર્યું. બુક કીપિંગ-એકાઉન્ટનું કામ ચાર વર્ષ કર્યું. જો કે, ત્યારબાદ તેણે ૨૧મા વર્ષે બિઝનેસમાં ઝંપલાવવાનો નિર્ણય લીધો. ઓઈલ ઉદ્યોગમાં સારી તક દેખાતા તેમણે સ્ટાન્ડર્ડ ઓઈલ કંપની નાના પાયે શરૂ કરી. ત્યાર બાદ ૩૧મા વર્ષે ઓઈલ રિફાઈનરી સ્થાપી. ૨૦ વર્ષમાં તેમણે અસાધારણ પ્રગતિ કરી.

કોર્પોરેટ-ટેકનોલૉજી ઈનોવેશન દ્વારા પેટ્રોલિયમ ક્ષેત્રે ક્રાંતિ લાવી દીધી તેના ફળ હાલ અમેરિકા મેળવી રહ્યું છે. ઓઈલ ક્રાંતિએ અમેરિકાને સમૃદ્ધ દેશ બનાવી દીધો. ઓઈલ ક્ષેત્રે વર્ચસ્વ જમાવવા નાના-મોટા યુદ્ધ પણ થયા છે. અમેરિકા શક્તિશાળી દેશ બન્યો તેના પાયાના મૂળ જોહન રોકફેલરે નાખ્યા હતા.

બળતણ તરીકે ઓઈલની માગ અમેરિકા સહિત દુનિયામાં વધી હતી. તેનો લાભ રોકફેલરની કંપનીને થયો. તેમની કંપની ઓઈલની સપ્લાઈ કરતી હતી. તે સમયે અમેરિકાના ઓઈલ બિઝનેશમાં તેમની કંપનીનો ૯૦ ટકા અંકુશ થઈ ગયો. રોકફેલર તે સમયે ઓઈલ કીંગ તરીકે ઓળખાતા હતા.

કેરોસીન-ગેસોલીનનું મહત્ત્વ અને વેચાણ વધતા તેમની સંપત્તિ ઝડપથી વધી તે સમયે અમેરિકાના સૌથી શ્રીમંત વ્યક્તિ તરીકે તેણે સ્થાન મેળવ્યું. દોઢસો વર્ષ પહેલા યુએસએના પ્રથમ અબજો પતિ બન્યા. દેશની નેશનલ ઈકોનોમીમાં તેમની કંપનીનો હિસ્સો બે ટકા હતો. ૨૭ વર્ષ ઓઈલ બિઝનેશમાં પ્રભુત્વ રાખ્યા બાદ તેમણે હોટેલ ઉદ્યોગમાં પ્રવેશ કર્યો. ફ્લોરીડા અને અન્ય સ્થળે હોટેલ ખરીદી.

જોહને નિવૃત્તિ બાદ પુત્રને ઓઈલ બિઝનેશ સોંપ્યો, જે જુનિયર જોહન તરીકે ઓળખાતો હતો. જોહન અને પુત્ર અને પૌત્ર એમ ત્રણ પેઢી રાજકારણમાં સક્રિય હતા. જોહનની પત્ની પ્રારંભમાં શિક્ષિકા હતી. બાદમાં તેમીએ મહિલાઓના હક અને સમાનતાના કાર્ય માટે જીવન સમર્પિત કર્યું.

જોહને નિવૃત્તિ બાદનાં વર્ષો ન્યૂયોર્કમાં ગાળ્યા હતા. ૩૦ વર્ષ પરોપકારી પ્રવૃત્તિ કરી. રોકફેલરની પરોપકારી પ્રવૃત્તિ અને ચેરિટીના કામની યાદી નોંધપાત્ર છે. ૭૪મા વર્ષે તેમણે રોકફેલર ફાઉન્ડેશન સ્થાપ્યું હતુ.

શિક્ષણનું મહત્ત્વ સમજીને તેમણે આ દિશામાં ઘણા કામ કર્યા. રોકફેલર યુનિવર્સિટી ઊભી કરી. ત્યારબાદ ચિકાગો યુનિવર્સિટી, સેન્ટ્રલ ફિલીપાઈન્સ યુનિવર્સિટી તથા ચીનમાં મેડીકલ કૉલેજ ઊભી કરી હતી.

રોકફેલર સેનિટરી કમિશન સ્થાપ્યું. ન્યૂયોર્કમાં રોકફેલર ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેડીકલ રિસર્ચની સ્થાપના કરી અને શિક્ષણને પ્રમોટ કરવા જનરલ એજ્યુકેશન બોર્ડ સ્થાપ્યુ વગેરે કામો પાછળ તેનું મગજ હતુ.

રોકફેલર ૫૪ વર્ષના હતા ત્યારે એક કાર્યક્રમમાં સ્વામી વિવેકાનંદના સંપર્કમાં આવ્યા હતા. તેમના વિચારોથી તેઓ પ્રભાવિત થયા હતા. ત્યારબાદ તેમણે જરૂરિયાત મંદોની સેવામાં જીવન સમર્પિત કર્યું હતુ. જોહનની સંપત્તિ વધતી ગઈ તેમ ચેરિટી પણ વધી.

રોકફેલરે ઘણાં વર્ષો અગાઉ વિકટ પરિસ્થિતિમાં અસાધારણ પ્રગતિ કરી તેના વિચારો નવી પેઢીને પણ પ્રેરણાદાયક બની રહેશે.

તેઓ માનતા હતા કે, તમામ તકલીફને તકમાં ફેરવવાનો સતત પ્રયાસ કરું છું. મિત્રતાના આધારે બિઝનેસ શરૂ કરવા કરતાં બિઝનેસમાં ઊભી થતી મિત્રતા ઉત્તમ છે. કટોકટીના સમયે શાંત રહો અને ધીરજ રાખો. જરૂર પડે ત્યારે કડક નિર્ણય લેવાની ઈચ્છાશક્તિ હોવી જોઈએ.

વિપુલ સંપત્તિ ધરાવનારા સુખી હોય છે તે ધારણા ખોટી છે. દરેકને ઝડપથી અમીર બનવું છે તમે ફક્ત શ્રીમંત બનવાનો લક્ષ્યાંક રાખશો તો તે હાંસલ કરી શકશો નહીં.

જોહન ૯૭ વર્ષ જીવ્યા, પુત્ર ૮૬ વર્ષ જીવ્યો. હાલ ચોથી-પાંચમી પેઢી વારસો સંભાળી રહી છે. જોહન બિઝનેશ પ્રેક્ટિશને મામલે સુપ્રીમ કોર્ટ સુધી ગયો હતો તેના લીધે તેઓની ઈમેજને ફટકો પડ્યો હતો.



**કોર્પોરેટ-ટેકનોલૉજી ઇનોવેશન દ્વારા પેટ્રોલિયમ ક્ષેત્રે ક્રાંતિ લાવનાર રોકફેલરની સંપત્તિ ઇંધણની માંગ સાથે ઝડપથી વધતી ગઇ અને પરિણામે જોહન ડી રોકફેલર યુએસના પ્રથમ અબજોપતિ નાગરિક બન્યા હતા**

## આમિર ખાનના સાત સ્ટાફ મેમ્બર કોરોના પોઝિટિવ: પરિવારનો પણ ટેસ્ટ કરાયો



મુંબઈ: કોરોના વાયરસનો પ્રકોપ વધતો જાય છે જેમાં હવે આમિર ખાનનો પરિવાર પણ સપાટામાં આવી ગયો છે. આમિરાના સાત સ્ટાફ મેમ્બરને કોરોના પોઝિટિવ આવ્યો હોવાની વાત બહાર આવી છે. જોકે આમિર અને તેનો પરિવાર સેફ છે પરંતુ તેની માતાની ટેસ્ટઆ સમાચાર આવ્યા ત્યાં સુધી થઇ નહોતી. આમિરની તરફથી એક હેવાલ બહાર પાડવામાં આવ્યો છે. જેમાં તેણે લખ્યું છે કે, હું તમને લોકોને જાણ કરવા માંગુ છું કે, મારા સ્ટાફના સાત સભ્યોને કોરોના પોઝિટવ આવ્યો છે. જેમાં મારો એક ડ્રાઇવર, બે સુરક્ષાકર્મી અને એક રસોઇયો પણ સામેલ છે. આ લોકો કોરોનાગ્રસ્ત થયા છે તે શંકા પડતા જ અમે તે લોકોને તરત જ ક્વોરોનટાઇન કરી દીધા હતા. બીએમસીના અધિકારીઓએ પ્રભાવી કદમ ઉઠાવીને તરત જ તેમને મેડિકલ ફેસિલિટિમાં લઇ ગયા છે. હું બીએમસીનો આભાર માનું છું કે, બહુ જ વ્યવસ્થિત રીતે તેમની કાળજી લઇ રહ્યા છે. તેમણે સોસાયટીને પર સારી રીતે સેનિટાઇઝ કરી છે. અમારા બધાના ટેસ્ટ થઇ ગયા છે અને નેગેટિવ આવ્યા છે.

# મેં પહેલેથી જ ટેલન્ટને પ્રાધાન્ય આપવા નક્કી કર્યું હતું : અનુષ્કા



મુંબઈ : અનુષ્કા શર્માનું કહેવું છે કે, પ્રોડક્શન હાઉસની શરૂઆત કરતાં પહેલાં તેણે નક્કી કર્યું હતું કે તે હંમેશાં ટૅલન્ટને પ્રાધાન્ય આપશે. અનુષ્કાએ તેના પ્રોડક્શન હાઉસ હેઠળ ઘણી ફિલ્મો બનાવી છે. તેણે એમેઝોન માટેની વેબ-સિરીઝ ‘પાતાલ લોક’ અને નેટફ્લિક્સ માટેની ફિલ્મ ‘બુલબુલ’માં અન્ય ઍક્ટર્સને પસંદ કર્યા હતા. શાહરૂખ ખાનની ‘રબ ને બના દી જોડી’ દ્વારા બૉલીવુડમાં એન્ટ્રી કરનાર અનુષ્કા ૨૫ વર્ષની ઉંમરે પ્રોડ્યુસર બની ગઈ હતી. આ વિશે પૂછતાં અનુષ્કાએ કહ્યું હતું કે ‘બૉલીવુડમાં મારી મુસાફરી ખૂબ જ ઈન્ટરેસ્ટિંગ રહી છે અને કર્ણેશ સાથેના મારા પ્રોડક્શન હાઉસમાં મેં શીખેલી વાતોનો અમલ કરવાનું નક્કી કર્યું છે. મારા ડેબ્યુની શરૂઆતથી જ મેં ખૂબ જ મહેનત કરી હતી જેથી હું ઈન્ડિયાના બેસ્ટ ફિલ્મમેકર સાથે કામ કરી શકું. મારી ઈચ્છા હંમેશાં શ્રેષ્ઠ રાઈટર અને ડિરેક્ટર્સ સાથે કામ કરવાની હતી. હું જ્યારે ૨૫ની ઉંમરે પ્રોડ્યુસર બની ત્યારે મેં નક્કી કર્યું હતું કે હું હંમેશાં ટૅલન્ટને તક આપીશ. જે લોકો તેમની ટૅલન્ટ દ્વારા પ ોતાની છાપ છોડવા માગતા હોય તેમને હું પ્રાધાન્ય આપીશ. ક્લીન સ્લેટ્સ પહેલેથી જ આવા પ ૅશનેટ લોકોને તેમની સ્ટોરી કહેવા માટે પ્રોત્સાહિત કરતું આવ્યું છે.’ અનુષ્કાના ભાઈ અને બિઝનેસ પાર્ટનર કર્ણેશ શર્માએ આ વિશે કહ્યું હતું કે ‘અમે જ્યારે ક્લીન સ્લેટની શરૂઆત કરી હતી ત્યારે અમે સતત ફ્રેશ ટૅલન્ટ, ઍક્ટર્સ, ડિરેક્ટર્સ અને ટેક્નિશ્યન સાથે કામ કરવાનું નક્કી કર્યું હતું અને અમે એ કરતા આવ્યા છીએ. ફ્રેશ ટૅલન્ટ હંમેશાં પ્રોજેક્ટમાં નવી એનર્જી લઈને આવે છે અને અમે હંમેશાં એ યથાવત્ રાખવા માગીએ છીએ. અમે હંમેશાં એક અનોખી સ્ટોરીને શોધમાં હોઈએ છીએ જે એક સ્ટેપ આગળ જઈને વાત કરતી હોય.’ તેમના પ્રોડક્શનને મળેલી સફળતા વિશે અનુષ્કાએ કહ્યું હતું કે ‘અમારા પ્રોજેક્ટ્સને જે પણ સફળતા મળી છે એના પર અમને ગર્વ છે.

## લક્ષ્મી બોમ્બ સહિત છ ફિલ્મો ડિઝની હોટસ્ટાર પર રજૂ થશે




મુંબઈ: ઘણા લાંબા સમયથી ચર્ચા હતી કે અક્ષય કુમારનું અત્યાર સુધીનું સૌથી અનોખું પાત્ર ધરાવતી ફિલ્મ ’લક્ષ્મી બોમ્બ’ સીધી ડિઝની હોટસ્ટાર પર રજૂ થશે. ડિઝની હોટસ્ટારે આ ફિલ્મની રજૂઆતની સત્તાવાર રીતે તેમજ ૬ વધુ ફિલ્મો સીધી તેમના પ્લેટફોર્મ પરથી રિલીઝ થશે તેવી જાહેરાત કરી હતી. ડિઝની હોટસ્ટાર પર સીધી રિલીઝ થનારી સાત ફિલ્મોમાં અજય દેવગન, સોનાક્ષી સિંહા, સંજય દત્ત અભિનીત યુદ્ધ નાટક ફિલ્મ ‘ભુજ-ધ પ્રાઈડ ઑફ ઈન્ડિયા’ ઉપરાંત અક્ષય કુમારની ‘લક્ષ્મી બોમ્બ’, અભિષેક બચ્ચન સ્ટારર ‘ધ બિગ બુલ’, વિદ્યુત જામવાલની એક્શન થ્રીલર ફિલ્મ ‘ખુદા હાફિઝ’ અને કુણાલ ખેમુ-રસિકા દુગ્ગલ સ્ટારર ‘લૂટકેસ’ અને મહેશ ભટ્ટની ૨૨ વર્ષ પછી આવનારી ફિલ્મ સડક ૨ સામેલ છે. સ્વર્ગીય સુશાંત રાજપૂતની ફિલ્મ ‘દિલ બેચારા’ પણ હૉટસ્ટાર પર રજૂ થશે જેની જાહેરાત થઈ ચૂકી છે. આ તમામ ફિલ્મો ૨૪ જુલાઈથી ઓક્ટોબરની વચ્ચે રિલીઝ થશે. વર્ચુઅલ પ્રેસ કોન્ફરન્સ દ્વારા અક્ષય કુમાર, અજય દેવગન, આલિયા ભટ્ટ, અભિષેક બચ્ચન અને સ્ટાર ઈન્ડિયા અને ધ વૉલ્ટ ડિઝની કંપની ઈન્ડિયાના વડા ઉદય શંકરની હાજરીમાં આ ફિલ્મોની રિલીઝની ઘોષણા કરવામાં આવી હતી.

# સુશાંતનું જવું કદી ન પૂરી થનાર ખોટ છે : જેકલિન ફર્નાન્ડિસ



મુંબઈ : ‘દિલ બેચારા’માં સુશાંતની કો-સ્ટાર સંજના સંઘીને જૅકલિન ફર્નાન્ડિસે જણાવ્યું હતું કે તને તારી પહેલી જ ફિલ્મમાં સૌથી અદ્ભુત કો-ઍક્ટર મળ્યો હતો. સુશાંતે ૧૪ જૂને પોતાના બાંદરાના ઘરે આત્મહત્યા કરી લીધી છે ત્યારથી જ બૉલિવુડમાં સોપો પડી ગયો છે. તેના સુસાઈડે અનેક સવાલો ઊભા કર્યા છે. ‘દિલ બેચારા’ સુશાંતની છેલ્લી ફિલ્મ છે. આ ફિલ્મને હવે ડિજિટલ પ્લૅટફૉર્મ પર રિલીઝ કરવામાં આવશે. આ ફિલ્મને સુશાંતના ખાસ ફ્રેન્ડ મુકેશ છાબરાએ ડિરેક્ટ કરી હતી. ફિલ્મનું પોસ્ટર ઈન્સ્ટાગ્રામ પર શૅર કરીને જૅકલિને કૅપ્શન આપી હતી કે ‘સુશાંતનું જવું કદી ન પૂરી થનાર ખોટ છે. તેની ખોટ દરેકને, દરેક ઠેકાણે અનુભવાશે. હું જ્યારે પણ કન્ફ્યુઝ થતી તો તે મને હંમેશાં કહેતો કે લોકોની મદદ માટે આગળ આવવાનું. તે મદદ કરવા માટે કદી પણ અચકાતો નહીં. તેની ફિલ્મ જોવી મારા માટે સરળ નથી. જોકે હું જાણું છું કે તે સ્ક્રીન પર ખૂબ જ સરસ રીતે છાપ છોડી જશે અને એ બાબત મને શાંતિ આપશે. મુકેશ છાબરા હું જાણું છું કે તું સુશાંતની ખૂબ જ નજીક હતો. હિમ્મત રાખજે. સંજના સંઘી તારી પહેલી ફિલ્મ માટે તને શુભેચ્છા. તને ખૂબ જ ગજબનો તારો પહેલો કો-સ્ટાર મળ્યો છે.


LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE

Q : DO YOU HAVE MORTGAGE / LINE OF CREDIT INSURANCE WITH BANK ?
A : COMPARE & SAVE UP TO 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE

- ★ NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85) (Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE) CANCER OR INSURANCE declined by other companies
- ★ CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE (Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
- ★ MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA

Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla
Call For HONEST ADVICE

416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865

MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS



PayLessTravel
Fly Well . . . Pay Less

વિમાની સેવાના બુકીંગ માટે એકમાત્ર વિશ્વાસપાત્ર સ્થળ



Call for all your Air Travel Services

- Lowest Prices for Ahmedabad, Vadodara, Mumbai, Delhi
- Call Once Before Booking Online
- Best Service
- We sell Travel Insurance

Call US for the Lowest Fares Coming India to Canada Also

Please Call
905 281 2627

Address : 100 Matheson Blvd. East, Unit-203, Mississauga, ON. L4Z 2G7

BRITISH AIRWAYS · AIR INDIA · KLM Royal Dutch Airlines · Emirates · QATAR AIRWAYS · AIR CANADA

Tico # 50015262
tico.ca
Travel Industry Council of Ontario

# પેટાચૂંટણીમાં પક્ષપલટુઓને ટિકિટ મુદ્દે ભાજપમાં અસંતોષ

**• અસંતોષ ભભૂકતા સોમાભાઇ પટેલ, મંગળ ગાવિત, પ્રવિણ મારૂનો ભાજપ પ્રવેશ અટકી પડયો**

અમદાવાદ : એક તરફ,અંગત કામો,નાણાં-હોદ્દા ખાતર ધારાસભ્યો પક્ષપલટો કરવા માંડયાં છે જયારે બીજી તરફ, સત્તા ટકાવી રાખવા ભાજપ પક્ષપલટુઓને હરખભેર આવકાર રહી છે જેના કારણે આજે કોંગ્રેસમુક્ત ગુજરાત અને કોંગ્રેસયુક્ત ગુજરાત થયુ છે. હાલમાં ગુજરાતમાં મંત્રીમંડળથી માંડીને રાજયસભાના સભ્ય,ધારાસભ્યો મોટાભાગે મૂળ કોંગ્રેસીઓ જ છે. આ પરિસ્થિતી વચ્ચે રાજયસભાની ચૂંટણી પહેલાં કોંગ્રેસ છોડીને આવેલાં પાંચ ધારાસભ્યોને કેસરિયો ખેસ તો પહેરાવી દીધો છે. હવે આ જ પક્ષપલટુઓ પેટાચૂંટણીમાં ફરી કમળના નિશાન પર ચૂંટણી લડવા બેતાબ બન્યાં છે.આ કારણોસર ભાજપમાં અસંતોષ ચરમસીમાએ પહોચ્યો છે.

ગુજરાતમાં ધારાસભ્યોની ખરીદી કરવાનો ટ્રેન્ડ હવે ભાજપ માટે જ જોખમી બની રહ્યો છે કેમ કે,રૂપાણી સરકારમાં મંત્રી જયેશ રાદડિયા, ધર્મેન્દ્રસિંહ જાડેજા , કુંવરજી બાવળિયા , જવાહર ચાવડાનુ મૂળ રાજકીય ગૌત્ર કોંગ્રેસ છે.

આ વખતે રાજયસભાની ચૂંટણીમાં કેટલાંય ભાજપના દાવેદારો ટિકિટ મેળવવા લાઇનમાં હતાં તેમ છતાંય ભાજપે મૂળ કોંગ્રેસી નરહરિ અમીનને ટિકીટ આપી રાજયસભાના સભ્ય બનાવ્યાં છે.ભાજપના ધારાસભ્ય આશા પટેલ , પરષોત્તમ સાબરિયા , સી.કે.રાઉલજી પણ કોંગ્રેસી છે.

## કોંગ્રેસના સોમા પટેલ, મંગળ ગાવિત, પ્રવિણ મારૂને ટિકિટ નહીં

ભાજપે પેટાચૂંટણી માટે પ્રભારી મંત્રી-સંગઠનના પદાધિકારીઓને બેઠક દીઠ જવાબદારી સોંપી દીધી છે. પણ પક્ષપલટુઓને ટિકિટને લઇને ભાજપની પ્રદેશની નેતાગીરી મૂંઝવણમાં મૂકાઇ છે. ગાંધીનગરમાં પૂર્વ ધારાસભ્ય સોમા પટેલે મુખ્યમંત્રી વિજય રૂપાણી સાથે બંધબારણે બેઠક કરી હતી. કોંગ્રેસ છોડીને આવેલાં આઠ ધારાસભ્ય પૈકી પાંચને ભાજપ ટિકિટ આપી શકે છે જયારે અન્ય ત્રણ પક્ષપલટુ ધારાસભ્ય સોમા પટેલ, પ્રવિણ મારૂ અને મંગળ ગાવિતને ટિકિટ નહી મળે. રાજયસભાની ચૂંટણી વખતે કોંગ્રેસના આઠ ધારાસભ્યોએ રાજીનામા ધર્યા હતાં જેના પગલે આ બેઠકો પર પેટાચૂંટણી યોજનાર છે. હજુ સોમા પટેલ, પ્રવિણ મારૂ અને મંગળ ગાવિતને પક્ષમાં જોડાવવા ભાજપે આમંત્રણ આપ્યુ નથી.

## સપ્ટેમ્બરના બીજા સપ્તાહમાં પેટાચૂંટણી

રાજયમાં વિધાનસભાની આઠ સીટો ખાલી પડી છે. આ સીટો પર સપ્ટેમ્બરમાં પેટાચૂંટણી યોજાઇ શકે છે. અને આ માટે કેન્દ્રીય ચૂંટણીપંચે પણ તૈયારીઓ શરૂ કરી દીધી છે. જે ૮ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી યોજવાની તૈયારીઓ ચાલી રહી છે. આ સિવાય મોરવાહડફ, દેવભૂમિ દ્વારકા અને ધોળકાની બેઠક સબ જ્યુડિશિયલ છે. જેની ચૂંટણીનો આધાર કોર્ટ દ્વારા આપવામાં આવતા નિર્ણયોને આધીન રહેશે.

# ચોમાસાના પ્રારંભે જ વીજળી પડવાથી અને ડૂબી જવાથી કુલ ૧૩ લોકોનાં મોત

ગાંધીનગર: ગુજરાતમાં આ વર્ષે ચોમાસાની મોસમ વહેલી શરૂ થઇ છે, પરંતુ સાથોસાથ ગાજવીજ સાથે વરસાદનું પ્રમાણ પણ દર વર્ષ કરતાં વધ્યુ છે. રાજયમાં અત્યાર સુધીના ચોમાસાની સિઝનમાં લગભગ ૧૫ થી ૨૦ દિવસમાં ૧૩ લોકોના વીજળી પડવાથી કે ડૂબી જવાથી મોત થઇ ચૂક્યાં છે. સરકારે આ તમામ મૃતકોના વારસદારોને નિયમ પ્રમાણે સહાય આપવાની જાહેરાત કરી છે. મુખ્ય પ્રધાન વિજય રૂપાણીના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાયેલી કેબીનેટ બેઠકમાં નિર્ણય લેવાયો હતો કે, ચાલુ ચોમાસાની સીઝનમાં અત્યાર સુધી કુલ ૧૩ લોકોના વીજળી પડવાથી અને ડૂબી જવાથી મોત થયા છે. રાજયમાં અત્યારસુધી વીજળી પડવાના કારણે ૯ ના, જ્યારે ૪ ના ડૂબવાના કારણે મૃત્યુ નીપજ્યા છે. મહત્ત્વનું છે કે ચોમાસાની હજુ શરૂઆત થઈ છે અને રાજયમાં અત્યાર સુધી ૧૫.૮૧ ટકા જેટલો વરસાદ



ખાબકી ચૂક્યો છે. રાજયમાં વીજળી પડવાથી જામનગર, અમરેલી, તાપી, ગાંધીનગરમાં એક-એક મૃત્યુ, દેવભૂમિ દ્વારકામાં બે, અને બોટાદમાં ત્રણના મોત અને ડૂબી જવાથી જામનગરમાં ત્રણ અને ભાવનગર એકનું મૃત્યુ થયું હતું.

# રથયાત્રા વિવાદ: સરસપુર મંદિરનાં મહંતે ઈચ્છામૃત્યુની માંગણી કરી

અમદાવાદ : અમદાવાદમાં રથયાત્રાને લઈ ભારે ઘમાસાણ મચ્યું છે. અગાઉ જગન્નાથ મંદિરનાં મહંતે વિશ્વાસઘાત કર્યો હોવાનો મસમોટો આરોપ લગાવ્યો હતો. પણ સરકારના મંત્રી સાથેની બેઠક બાદ તેઓએ ફેરવી લીધું હતું અને સરકારે મદદ કરી હોવાનું જણાવ્યું હતું. પણ સરસપુર મંદિરના મહંત લક્ષ્મણદાસજી હજુ પણ આકરાં પાણીએ છે. આજે તેઓ પગપાળા સરસપુરથી જગન્નાથ મંદિરે આવીને નગરનાં નાથ પાસે મોતની માગણી કરી હતી. પગપાળા જગન્નાથ મંદિરે પહોંચેલાં સરસપુરનાં મહંત લક્ષ્મણદાસજીએ ભગવાન જગન્નાથ, બલભદ્ર અને સુભદ્રાજીના ચરણોમાં શિશ ઝૂકાવ્યું હતું. અને બાદમાં ભગવાન પાસે તેઓએ મોતની પ્રાથના કરી હતી. જગન્નાથ મંદિરે પહોંચેલાં લક્ષ્મણદાસજીએ ભાવુક થઈને એક વીડિયો પણ શેર કર્યો હતો. જેમાં તેઓએ કહ્યું કે, મારા અનુયાયીઓને પ્રાર્થના છે કે તેઓ દુઃખી ન થાય. મારા એકના મૃત્યુથી કોઈ ફરક નથી પડવાનો માટે હું આજે સરસપુરથી ચાલીને ભગવાન જગન્નાથને પ્રાર્થના કરવા આવ્યો છું કે હું જીવવા નથી માંગતો અને મને બસ મૃત્યુની સજા આપવામાં આવે. ભગવાન મારા પર દયા કરે. હું વધુ જીવવા માગતો નથી. હું વધુ બોલી શકું તેમ નથી એટલે તમારી ક્ષમા માગું છું.

# ગુજરાતમાં ભાજપ પ્રદેશ પ્રમુખની વરણીમાં વિલંબ થવાના અણસાર

**• બુધવારે યોજાયેલી વર્ચ્યુઅલ બેઠક બાદ નિર્ણય લેવામાં આવ્યો**

ગાંધીનગર- વિધાનસભા પેટાચૂંટણીની તારીખ નક્કી થયા બાદ જાહેરાત થઇ શકે છે. પેટાચૂંટણી સપ્ટેમ્બરમાં યોજાય તો પ્રમુખપદની જાહેરાત થશે નહીં. ચૂંટણી જાન્યુઆરીમાં યોજાશે તો પ્રમુખપદની જાહેરાત કરાઈ શકે છે. ભાજપ પ્રદેશ પ્રમુખની વરણીનો નિર્ણય લંબાવાયો છે. પ્રદેશ પ્રમુખની વરણીનો નિર્ણય એક સપ્તાહ સુધી લંબાવાયો છે. ગઈકાલે યોજાયેલી વર્ચ્યુઅલ બેઠક બાદ નિર્ણય કરવામાં આવ્યો છે. તમામ એમપી એમએલએના મંતવ્ય બાદ નિર્ણય લેવામાં આવ્યો છે.

ગુજરાતમાં હાલમાં યોજાયેલી રાજયસભાની ચૂંટણી બાદ અટકળો લગાવામાં આવી રહી હતી કે, રાજયમાં ભાજપ પ્રદેશ પ્રમુખની વરણી સહિત સંગઠનમાં મોટા પાયે ફેરફાર થાય તેવી શક્યતા છે. જો કે ભાજપ પ્રદેશ પ્રમુખની વરણીનો નિર્ણય એક સપ્તાહ સુધી લંબાવી દેવામાં આવ્યો છે. આમ હાલ ભાજપ સંગઠનના ફેરફાર સહિત પ્રદેશ પ્રમુખની વરણી માટેની અટકળો ઉપર એક અઠવાડીયા સુધી પૂર્ણવિરામ મુકાઈ ગયું છે.

# ATSએ દોઢ કરોડના વિદેશી સહિતના ૫૧ હથિયારો સાથે ૧૪ આરોપી પકડયા

**• અમદાવાદ, મોરબી, કચ્છ, સુરેન્દ્રનગર સહિત ચાર જિલ્લામાંથી આરોપી પકડાયા**

અમદાવાદ : ગુજરાત એટીએસએ અમદાવાદ, મોરબી અને કચ્છ-ભુજ તથા સુરેન્દ્રનગર સહિત ચાર જિલ્લામાંથી અમેરિકા, ચાઇના સહિત વિદેશ અને ભારતીય બનાવટના દોઢ કરોડની કિંમતના ૫૧ હથિયારો સાથે ૧૪ આરોપીને પકડી પાડીને ગેરકાયદે હથિયારો વેચવાના કૌભાંડનો પર્દાફાસ કર્યો છે. દસ દિવસ પહેલાં રૂા. ૮૦ લાખની કિંમતના વિદેશી સહિત કુલ ૫૪ હથિયારો સાથે ૯ આરોપીને ઝડપી પાડયા હતા જેમાં મુખ્ય સુત્રધાર તરૂણ ગન હાઉસના માલિક તરૂણ ગુપ્તાની પુછપરછમાં વધુ હથિયારોનો જથો મળી આવ્યો છે. આરોપીઓની પૂછપરછમાં આ હથિયારો એક-બે વર્ષ અગાઉ



અમદાવાદ જોધપુર ગામ રોડ પર રામદેવનગરમાં આવેલા તરૂણ ગન હાઉસના માલિક તરૂણ ગુપ્તા પાસેથી હથિયારોની ખરીદી કરી હોવાની કબુલાત કરી હતી પોલીસે તરૂણ ગુપ્તાની ધરપકડ કરીને તેની પાસેથી હથિયારો કોને વેચ્યા હતા તે અંગેની માહિતી મેળવી હતી.

# ચોરવાડના જુનીયર પુરની સીમમાં ખુલ્લા કુવામાં પડી જવાથી બે સિંહબાળના મોત

જૂનાગઢ : માળીયા હાટીના તાલુકાના ચોરવાડ નજીક આળેલા જુજારપુરની સીમમાં ખુલ્લા કુવામાં પડી જવાથી બે સિંહબાળના મોત થયા હતાં. છથી સાત વર્ષના બંને સિંહબાળના કોહવાઇ ગયેલી હાલતમાં કુવામાંથી તરતા મૃતદેહ મળી આવ્યા હતાં. આ અંગે જાણ થતા વનતંત્રના સ્ટાફે જઈ બંને સિંહબાળના મૃતદેહને બહાર કાઢી વધુ કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની વધુ વિગત મુજબ માળીયા હાટીનાં તાલુકાના ચોરવાડ નજીકના જુજારપુર પંથકમાં સિંહોનો વસવાટ છે. અને સિંહણ તથા તેના બચ્ચા અવાર નવાર જુજારપુરની સીમ વિસ્તારમાં આંટા મારતા હતાં. પરંતુ છેલ્લા થોડા દિવસોથી બચ્ચા જોવા મળ્યા ન હતાં. આ દરમ્યાન આજે જુજારપુરની સીમમાં આવેલી વિપુલભાઈ ભીખાભાઈ વાઢેરના કુવામાં બે સિંહબાળ મૃત હાલતમાં મળી આવ્યા હતાં. અને પાણીમાં તરતા જોવા મળ્યા હતાં.

# IAS દહિયા વિવાદ, લીનુસિંહ સામે રૂપિયા ૨૦ કરોડ પડાવ્યાનો આરોપ

ગાંધીનગર : ગુજરાત કેડરના સસ્પેન્ડ આઈએએસ ગૌરવ દહિયા અને લીનુંસિંહ વચ્ચેના વિવાદમાં વધુ એક વળાંક આવ્યો છે. ગૌરવ દહિયાએ દિલ્હી પોલીસમાં લીનુંસિંહ અને કુલદીપ દિનકર નામના શખ્સ સામે ફરિયાદ નોંધાવીને કહ્યું છે કે, લીનુસિંહના ૨૦૧૫માં કુલદીપ નામના વ્યકિત સાથે લગ્ન કરી લીધા હતા ત્યાર બન્ને જણા પતિ-પત્ની તરીકે ભેગા મળી ગૌરવ દહિયાને ફસાવી અને રૂ.૨૦ કરોડ પડાવવા કાવતરું રચ્યુ હતુ.

ગૌરવ દહિયાએ ફરિયાદ માં જણાવ્યું છે કે લીનુસિંહે તેની સામે ખોટી ફરિયાદ કરેલી છે. જે કાઇમ અગેઇનસ્ટ વુમન સેલના તા. ૪- ૧૦-૨૦૧૯ ના ક્લોઝર રિપોર્ટમાં નોંધાયેલું છે. આ મહિલાએ તા. ૨૪-૧૦-૨૦૧૫ના રોજ કુલદીપ દિનકર સાથે લગ્ન કરેલા છે. લીનુસિંહે તેની આ વાતને છૂપાવેલી છે. આ લગ્નની નોંધણી ગાઝિયાબાદમાં થયેલી છે. લીનુ પાસે જુદા-જુદા ઓળખપત્રો છે. જેમાં જન્મતારીખ પણ અલગ અલગ નોંધાયેલી છે. લીનુસિંહ, તેના પતિ અને તેના મિત્રોએ તેને બ્લેકમેઈલ કરવાનો અને ખંડણી પેટે ૨૦ કરોડ વસૂલવાનો કારસો ઘડયો હતો. જો રૂપિયા આપું નહીં તો તેને ખોટા આરોપો માં ફસાવવાની ધમકી પણ આપી હતી.

# ઈડર પાપલીલા પ્રકરણ : બંને જૈન મહારાજને શરતો સાથે કોર્ટે જામીન મુક્ત કર્યા

ઈડર : ઈડરના ચકચારી પ્રકરણમાં કોર્ટે બંને જૈન મહારાજના રિમાન્ડ નામંજૂર કરીને જામીન પર મુક્ત કર્યા છે. હાલ બંને જૈન મહારાજોને રાહત મળી છે. રાણીતળાવ જલમંદિર જૈન પાવાપુરી સંમેત શિખર તીર્થધામ સંસ્થાના પ્રમુખ કલ્યાણસાગર અને રાજતિલકસાગર ઉર્ફે રાજા મહારાજ સામે તેમના મંદિરમાં ધર્મ વિધિ અને પૂજા અનુષ્ઠાનનું કામકાજ કરતાં અને હાલમાં સુરત રહેતા અનુયાયીની પત્નિનું ગત ૨૭ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ શારીરીક શોષણ થયુ હોવાની ઈડરના તબીબ ડો.આશિત દોશીએ ગત ૨૨ જૂનની રાત્રે ફરીયાદ નોંધાઈ હતી. બંને મહારાજને છેડતીના આરોપસર ધરપકડ કરીને કોવિદ-૧૯નો ટેસ્ટ કરાવ્યા બાદ આજરોજ બપોરે ઈડર કોર્ટમાં રજૂ કરી બંને જૈન મહારાજો સામે ગંભીર આક્ષેપો કર્યા હોવાની કોર્ટ સમક્ષ રજૂઆત કરીને વધુ તપાસ કરવા માટે ૧૪ દિવસના રિમાન્ડ માંગ્યા હતા.

# પ્રવાસન ઉદ્યોગ ફરી ધમધમતો થવા અંગે આશંકા

## અમેરિકામાં કોરોનાના કેસ વધુ હોવાથી કેનેડા આવતા પ્રવાસીઓની સંખ્યા ઘટી ગઈ

- **નિયમોમાં છુટછાટ આપવા ટ્રાવેલ એન્ડ ટુરિઝમ સંગઠનની માંગ**

ટોરન્ટો : કોવીડ ૧૯ના મહારોગચાળા દરમિયાન પડી ભાંગેલો કેનેડાના પ્રવાસન ઉદ્યોગ હવે ઉનાળાની સીઝનની શરૂઆત થઈ રહી છે ત્યારે બેઠા થવાના પ્રયત્નો કરી રહ્યો છે. રોગચાળા દરમિયાન કેટલીક સંસ્થાઓ સંપૂર્ણ બંધ પડી ગઈ હતી. અથવા અડધી કાર્ય ક્ષમતાથી કામ કરતી હતી. હવે કેટલીક પ્રવાસન ઉદ્યોગ સંસ્થાઓ આસાધારણ પગલાંઓ લઈને ફરીથી કામકાજ શરૂ કરવાની વેતરણમાં છે. જેમાં બે પરસ્પર વિરોધી કંપનીઓ નોંધપાત્ર પ્રયત્ન કરી રહી છે. ન્યુ ફાઉનડલેન્ડ બોટ કંપનીઝએ જોરશોરથી શરૂઆત કરી છે. ગેટર ઓલ કંપનીના જણાવ્યા મુજબ ઉનાળા દરમિયાન અમે સારો ધંધો કરવાની આશા રાખીએ છીએ. કોવિડ ૧૯ એ બધુ જ બદલી નાખ્યું છે અને દેશભરમાં સમસ્યાઓ ઊભી કરી છે.







ફર્ધર વેસ્ટ કે જ્યાં સ્ટ્રેટ ફોર્ડ ફેસ્ટિવલ યોજાય છે તે લાખો મુલાકાતીઓના આકર્ષણનું કેન્દ્ર છે. સ્ટ્રેટફોર્ડ જેવા નાના શહેરમાં સ્થાનિક અને વિદેશી મુલાકાતીઓ આવતા હોય છે. જ્યાં આ વર્ષે અડધાથી પણ ઓછી સંખ્યામાં મુલાકાતીઓ આવે તેવી શક્યતા છે.

સ્ટ્રેટફોર્ડ ઓન્ટેરિયોની દક્ષિણ પશ્ચિમ આવેલું છે. પ્રવાસન ઉદ્યોગ એસોસિયેશન તરફથી જણાવવામાં આવ્યું હતું કે, કેનેડાનો પ્રવાસન ઉદ્યોગ દર વર્ષે ૧૦૦ મિલિયન ડોલરનો ધંધો કરે છે. જેમાં ૧.૮ મિલિયન નોકરીઓનો પણ સમાવેશ થાય છે. ટ્રાવેલ અને ટુરિઝમ બિઝનેસના પ્રતિનિધિ સંસ્થાન કેનેડિયન ટ્રાવેલ એન્ડ ટુરિઝમ રાઉન્ડ ટેબલ તરફથી જણાવાયું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારોએ લોકડાઉન દરમિયાન જાહેર આરોગ્ય માટે જે નિયમનો ઘડ્યા હતા, તેમાં ઢીલ મૂકી આ ઉનાળામાં પ્રવાસન ઉદ્યોગને બચાવી લેવો જોઈએ. અમે પણ માનીએ છીએ કે, વ્યક્તિની સલામતી એ પહેલી પ્રાથમિક્તા છે. પરંતુ પ્રવાસીઓ માટે હાલમાં જે નિયમનો છે તે વધારે પડતા અને બિન જરૂરી છે.

# જીપીએસીની સાધારણ સભા યોજાઈ

- **પ્રમુખપદે જીજ્ઞેશ પટેલ તથા વા. પ્રેસિડન્ટ તરીકે ફેનીલ પટેલની વરણી**

ટોરન્ટો : જીપીએસી કે જે ગુજરાત, ભારત અને કેનેડાની સરકાર વચ્ચે સમન્વય સાંધીને ગુજરાતીઓના હિત માટે કામ કરી રહી છે. આ સંસ્થાની એજીએમ ઝુમ એપની મદદથી યોજાઈ હતી. પ્રમુખ ધવલ વૈદ્યએ સંસ્થાનો અહેવાલ અને કામગીરીનો ચિતાર આપ્યો હતો. સેક્રેટરી જીતેશ પટેલે પણ પોતાનો રિપોર્ટ રજૂ કર્યો હતો. ત્યારબાદ ઈલેકશન કમિટિના ભાવેશ ભટ્ટ, સંજયભાઈ અને અજય શાહ દ્વારા ચૂંટણીલક્ષી કામગીરી હાથ ધરાઈ હતી. ચુંટણીને અંતે સભ્યોના નામ જાહેર કરાયા હતા. આ વર્ષે ચૂંટાયેલા ડોકટર્સમાં લલિત ઠાકર, ફેનીલ પટેલ, અલૌકીક નાયક તથા રજની પટેલનો સમાવેશ થાય છે. ચૂંટણી બાદ બોર્ડની એક મીટીંગ યોજાઈ હતી. જેમાં આવનારા બે વર્ષ માટે બોર્ડની રચના કરાઈ હતી. પ્રમુખપદે જીજ્ઞેશ પટેલ, ઉપપ્રમુખપદે ફેનીલ પટેલ, સેક્રેટરી તરીકે



લલિત ઠાકર તેમજ ટ્રેઝર તરીકે રજની પટેલની વરણી થઈ હતી. ઉપરાંત બોર્ડમાં રાજેશ બ્રહ્મભટ્ટ, ભૂપેન્દ્ર રાવલ, અલૌકીક નાયક, રાજેશ શાહ તથા ધવલ વૈદ્યને સમાવાયા હતા. પ્રમુખ જીજ્ઞેશ પટેલે કોરાનાથી બચવા અંગે માર્ગદર્શન આપ્યું હતુ. ધવલ વૈદ્યએ સંસ્થાનું બોર્ડ કઈ રીતે કામ કરે છે તેનો વિસ્તારથી ખ્યાલ આપ્યો હતો. આગામી ૧૧ જુલાઈએ ૧૨ વાગ્યે બપોરે યોજાનારા જ્ઞાનવત્સલ સ્વામીના કાર્યક્રમ અંગે પણ અંતે ચર્ચા કરાઈ હતી.

# લેબર માર્કેટમાં મૂળ કેનેડિયનો કરતાં નવા વસાહતીની કામગીરી નોંધપાત્ર

ઓન્ટેરિયો : કેનેડાની લેબર માર્કેટમાં કેનેડામાં જન્મેલા લોકો કરતાં નવા વસાહતીઓ વધુ સારું કામ કરે છે. આ નવા વસાહતીઓ કેનેડામાં જન્મેલા કામદારો કરતાં સરેરાશ વધુ યુવાન અને સારું શિક્ષણ મેળવેલાં હોવાથી તેઓ સારું કામ કરે છે અને તેમની સારી એવી માંગ પણ છે, એમ ધ ઈમ્પ્રુવ્ડ લેબર માર્કેટ પર્ફોર્મન્સ ઓફ ન્યુ ઈમિગ્રન્ટ્સ ઓફ કેનેડાના ૨૦૦૬થી ૨૦૧૯ના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે.

ઈકોનોમિસ્ટ કિંબર્લી વોંગે આ સર્વેમાં ભાગ લેનારાઓના ત્રણ મુદ્દા નક્કી કર્યા હતા. આ આંકડા સ્ટેટેસ્ટિક્સ કેનેડા લેબર ફોર્સ ૨૦૦૬થી ૨૦૧૯માં પ્રકાશિત કરવામાં આવ્યા હતા. આ આંકડાઓ સેન્ટર ફોર ધ સ્ટડી ઓફ લિવીંગ સ્ટાન્ડર્ડ માટે તૈયાર કરવામાં આવ્યા હતા.

૨૦૧૯માં વસાહતીઓનું પ્રમાણ કેનેડામાં જન્મેલા લોકો કરતાં ૪.૫ ટકા પોઈન્ટ વટાવી ગયું હતું, જ્યારે નવા આવેલા વસાહતીઓનું પ્રમાણ ૧૦ ટકા થયું હતું.

વસાહતીઓમાં હાલના સમયમાં કેનેડામાં જન્મેલા લોકો કરતાં બેકારીનું પ્રમાણ ૧.૫ ટકા હતું. જે વધીને ૮.૭ ટકા થયું છે.

# મિસાસાગા હોસ્પિટલના લાભાર્થે ઓનલાઈન ગીત ગાતા ચલ કાર્યક્રમ

- **સુનિલ પટેલ અને તુલસી રાડિયા દ્વારા સતત ૩.૪૫ કલાક સુધી સદાબહાર ગીતોની રમઝટ**
- **કાર્યક્રમ થકી ૩૭૦૦૦ ડોલર એકત્ર થયા**

મિસીસાગા- ગુજરાતી સીનિયર્સ સમાજ ઓફ મિસીસાગા અને ત્રિલીયમ હેલ્થ પેટન્ટ્સના સયુંક્ત ઉપક્રમે મિસીસાગા હોસ્પિટલના લાભાર્થે ગીત ગાતા ચલ ઓન લાઈન કાર્યક્રમ યોજાયો હતો. ગાયક સુનિલ પટેલ તથા તુલસી રાડિયા દ્વારા સતત ૩.૪૫ કલાક સુધી ફેસબુક પર સદાબહાર ગીતોની રમઝટ નોનસ્ટોપ ચાલી હતી. જેમાં વિશ્વભરના ૧૨૦૦૦ દર્શકોએ કાર્યક્રમને માણ્યો હતો. ૨૭મી જૂને સાંજે ૭.૩૦ કલાકે યોજાયેલા આ કાર્યક્રમ થકી ક્રેડિટ વેલી હોસ્પિટલ, મિસીસાગા હોસ્પિટલ તથા ક્વીન્સ વે હેલ્થ સેન્ટરને માટે ૩૭૦૦૦ ડોલર ફંડ એકત્ર થયું હતુ. કાર્યક્રમમાં માનનીય બોની ક્રોમ્બે (મેયર ઓફ મિસીસાગા), ક્રોલાઈન રેસીબ્રો (પ્રેસિડન્ટ એન્ડ સીઈઓ ઓફ ટીએમપીએફ) તથા મીસ નૈના ટંગરી (એમપીપી ઓફ મિસીસાગા, સ્ટ્રીટવિલે)એ શૂભેચ્છા સંદેશ પાઠવ્યો હતો. કાર્યક્રમના મધ્યાંતરે કલાબેન પટેલ ( સંસ્થાના પ્રમુખ), તથા વા. પ્રેસિડન્ટ કનુભાઈ પટેલે સંબોધન કર્યું હતુ. આ સાથે જ સ્પોન્સર્સ, કો. સ્પોન્સર્સ, મીડિયા પાર્ટનર સ્વદેશ સહિતના અખબાર) નો આભાર વ્યક્ત કરાયો હતો. ધ્રુવ શાહ દ્વારા કાર્યક્રમનું સફળતા પૂર્વક સંચાલન કરાયું હતુ.






# સુરતમાં કોરોનાના કેસનો રાફડો: ૮ના મોત

સુરત : ચેપી રોગ કોરોનાનો દક્ષિણ ગુજરાતમાં પણ પ્રકોપ વધતા દિનપ્રતિદિન દર્દીઓની સંખ્યામાં વધારો દેખાઈ રહ્યો છે. ગુરુવારે દક્ષિણ ગુજરાતમાં કોરોનાના વધુ ૨૭૮ દર્દી અલગ અલગ હોસ્પિટલમાં દાખલ થયા હતા. જેમાં સુરત શહેરના ૧૯૧, જિલ્લાના ૪૮, નવસારીના ૬, વલસાડના ૮, દા.ન.હ.ના ૧૫ અને દમણના ૧૦ દર્દીનો સમાવેશ થાય છે. જ્યારે સુરત શહેરમાં કોરોનાના કારણે વધુ ૮ દર્દી મોતને ભેટ્યા હતા.




વયસ્કો માટે ઘાતક સાબિત થઈ રહેલો કોરોના ગુરુવારે હોસ્પિટલમાં દાખલ વધુ ૮ દર્દીને ભરખી ગયો હતો. શહેરમાં કુલ દર્દીનો આંકડો ૫૦૮૪ અને મરણાંક ૧૯૫ ઉપર પહોંચ્યો છે. જ્યારે સુરત જિલ્લામાં નવા ૪૮ કેસ નોંધાયા હતા. જેની સાથે સુરત જિલ્લામાં કુલ દર્દીનો આંકડો ૬૩૫ અને મરણાંક ૧૯ ઉપર પહોંચ્યો છએ. આમ, શહેર-જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૫૭૧૯ અને મૃત્યુઆંક ૨૧૪ ઉપર પહોંચ્યો છે. બીજી બાજુ ગુરુવારે શહેરમાંથી કોરોનાના ૧૩૩ અને જિલ્લામાંથી ૨૬ દર્દી સાજા થઈ ઘરે ગયા હતા.

## ડોકટર સહિત ૧૦૦૦ના મેડિકલ સ્ટાફની વ્યવસ્થા

સુરત– સુરત શહેરમાં કોરોનાની રફતાર અમદાવાદની જેમ પકડી રહી હોવાથી આગામી દિવસોમાં કોરોનાની સ્થિતિ ગંભીર બને તો કોરોનાગ્રસ્તોને સમયસર સારવાર મળી રહે તે માટે પી.જીના ડૉકટરો સહિત પેરા મેડિકલ સ્ટાફ મળીને ૧૦૦૦ થી વધુ સ્ટાફ સુરતમાં આવી કામગીરી કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવી દેવાઇ છે. તેથી હવે દર્દીઓની સારવારમાં આરોગ્ય ખાતા દ્વારા કોઈ કચાસ રખાશે નહીં.

## સમાજની વાડીઓમાં પણ કોરોનાની સારવાર શરૂ કરાશે

સુરત– આરોગ્ય કમિશ્નર જયતિ રવિએ સુરતના હોટસ્પોટ ગણાતા કતારગામ વિસ્તારની મુલાકાત લઇને કોરોનાના સંક્રમણની સમીક્ષા કરી હતી. સાથે જ તેમણે જણાવ્યુ હતુ કે કોરોનામાં જે મૃત્યુ થયા છે તેમાં ૮૩ ટકા લોકો અન્ય ગંભીર બિમારીના કારણે થયા છે.મોતના આંકડા છુપાવવાનો સરકારનો કોઇ ઇરાદો નથી. હવે વિવિધ સમાજની વાડીમાં પણ કોરોનામાં દર્દીઓની વિધિવત સારવાર આરોગ્ય ખાતા દ્વારા કરાશે.

## સુરત નવી સિવિલમાં તત્કાળ ૬૦૦ બેડ ફાળવવામાં આવશે

સુરત : સુરતને કોરોનામુક્ત બનાવવા અને કોરોના સામેની લડાઈને વધુ વ્યાપક બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા નવી સિવિલ કોવિડ ૧૯ હોસ્પિટલમાં નવા ૬૦૦ બેડ અને નવા ૧૮૦ આઈ.સી.યુ.ની ફાળવણી કરવાની જાહેરાત આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડો.જયંતિ રવિએ ગુરૂવારે મહાનગરપાલિકાના સભાગૃહ ખાતે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં કરી હતી. કોવિડ હોસ્પિટલમાં નવી વ્યવસ્થાઓ વધારવાનું કામ શરૂ થઇ ચૂક્યું છે એમ તેમણે કહ્યું હતું.

## રાજ્યમાં સતત ત્રણ દિવસ ૬૦૦ નવા કેસ

અમદાવાદ : શહેરમાં વધુ એક કોર્પોરેટર કોરોના વાઈરસના સંક્રમણમાં સપડાયા છે. કૉંગ્રેસના વિરાટનગર વોર્ડના કોર્પોરેટર રણજીતસિંહ બારડનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બીજી બાજુ શહેરમાં બે દિવસ બાદ કોરોનાના નવા કેસમાં ફરી ઉછાળો આવ્યો હતો. ગુજરાતમાં છેલ્લા ત્રણ દિવસથી દરરોજ ૬૦૦થી વધુ કોરોનાના કેસો નોંધાઇ રહ્યાં છે, જ્યારે ૧૫થી ૨૦ લોકોના મોત થઇ રહ્યાં છે. રાજ્યમાં સોમવાર સુધીમાં નોંધાયેલા કુલ પોઝિટિવ કેસનો આંકડો ૩૨,૦૨૩ થયો હતો. જ્યારે કુલ મૃત્યુઆંક ૧૮૨૮ ઉપર પહોંચ્યો હતો. સોમવારે સાંજે પૂરા થતાં છેલ્લા ૨૪ કલાકમાં નવા ૬૨૬ કેસ નોંધાયા હતા.

## શંકરસિંહ વાઘેલા પણ કોરોના પોઝિટિવ

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. છેલ્લા બે–ત્રણ દિવસથી તેમને તાવ આવી રહ્યો હતો. ત્યાર બાદ શનિવારે તેમનો કોરોના ટેસ્ટ કરાવવામાં આવ્યો હતો. કોરોના વાયરસનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ તેઓને હોમ ક્વોરન્ટાઈન કરાયા હતા. પરંતુ હવે તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા છે. પૂર્વ CM શંકરસિંહ વાઘેલા કોરોના પોઝિટિવ આવતા તેમને અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરાયા છે. સમર્થકો વચ્ચે 'બાપૂ'ના નામથી લોકપ્રિય શંકરસિંહ વાઘેલા ૧૯૯૬માં ગુજરાતના મુખ્યમંત્રી રહી ચૂક્યા છે.

કલાસીફાઈડ / Classified

હોટલમાં રસોઈ કામ માટે જોઈએ છે.

વેસ્ટર્ન ફુડ મેકર, રસોઈ બનાવનાર, રસોઈ કામ કરનાર તથા રસોઈયાને મદદ કરનાર જોઈએ છે. રસોઈ બનાવનારને રહેવાની સુવિધા આપવામાં આવશે. ગાનાનોક, ઓન્ટેરિયો.

સંપર્ક કરો :- 226-203-4871

## ચીનની હરકતો સામે...

અનુસંધાન પેજ નં. ૪નું ચાલું

તૈયારીની વાતો કરી, મનિષ સિસોદિયાએ દિલ્હીમાં કેવા ભાંગરો વાટ્યો તેની પણ લંબાણપૂર્વક વાત કરી પણ ચીનની નાલાયકી સામે આપણે શું કરીશું તેની વાત ના કરી. ભારતમાં એક રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીતકુમાર ડોવાલ પણ છે. પરંતુ હાલ ડોવાલ ક્યાં ગાયબ થઈ ગયા છે. ચીનાઓએ ૧૫ જુલાઈએ ભારતના સૈનિકોની હત્યા કરી પછી ચીનના વિદેશ મંત્રાલયે સત્તાવાર નિવેદન બહાર પાડીને જાહેર કર્યું હતુ કે, ભારતના સૈનિકોએ ચીનમાં ઘૂસણખોરી કરી હતી. જયારે ચીને કોઈ ઘૂસણખોરી કરી નથી. ચીને ભારતનું નામ લઈને આ નિવેદન બહાર પાડેલું. આખો ગલવાન વેલી પ્રદેશ પોતાનો છે એવો દાવો પણ ચીને કર્યો હતો. પણ આમ છતાં ભારત સરકારને ચીનનું નામ લેતાં પણ ફફડાટ થાય છે.યુદ્ધ એ કોઈ પણ સમસ્યાનો અંત નથી. ચીન સામેની સમસ્યાનો અંત પણ યુદ્ધથી નથી આવી જવાનો. પણ સામે ડરીને બેસી રહેવું એ પણ વિકલ્પ નથી. તેથી ચીનને જડબાતોબ જવાબ આપવો આવશ્યક છે. અલબત મોડે મોડે પણ બુધવારે અરુણાચલ પ્રદેશથી લદાખ સુધી એલએસી પાસે ચીનના સૈનિકોના કેમ્પ અને વાહનો સેટેલાઈટ તસવીરથી જોયા પછી મોદી સરકારે સરહદ પર લશ્કરોનો મોટા કાફલો ખડકી દીધો હતો. આ સાથે જ લશ્કરને કાર્યવાહીનો છુટો દોર આપ્યાની વાતો પણ સરકાર કરી રહી છે.

# પાલનહાર અલ્લાહનો આભાર (શુકર) માનવાનો મહિમા અને મહત્વતા



**મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત**

**ઈસ્લામની આરસી**
**કાસિમ અબ્બાસ**

ભાગ- ૨

ઘણીવાર એવું પણ બને છે કે મનુષ્ય પર કોઈ સંકટ આવી પડે છે અને તેની પ્રાર્થનાઓ (દુઆઓ) થકી પાલનહાર અલ્લાહ તે સંકટ ટાળી દે છે, તો તે મનુષ્ય પાલનહાર અલ્લાહનો આભાર(શુકર) વ્યક્ત કરવાના બદલે સંકટ ટળી જવાનો બધો જશ પોતાને જ આપે છે અથવા તો પાલનહાર અલ્લાહનો આભાર(શુકર) વ્યક્ત કરવા માટે ખોટો માર્ગ અપનાવે છે એટલે કે કેવળ પાલનહાર અલ્લાહનો જ આભાર (શુકર) માનવાના બદલે તેની સાથે બીજાઓ (મૃત કે જીવંત માનવીઓ)નો પણ સમાવેશ કરી દે છે, અને આ રીતે તે "શિર્ક" (પાલનહાર અલ્લાહના સિવાય બીજા કોઈની બંદગી કરવા)ની સીમા સુધી પહોંચી જાય છે. આ વિષે કુરાન મજીદમાંના બે બોધવચનો આ પ્રમાણે છે :-

"જો ક્યારેક અમે મનુષ્યને અમારી કૃપાઓ (મહેરબાની) થકી તેને નવાજીએ છીએ અને પછી પાછો તેને તે કૃપાઓ (મહેરબાની)થી વંચિત કરી દઈએ છીએ, ત્યારે મનુષ્ય નિરાશ થઈ જાય છે અને અપકાર કરવા લાગે છે. (નાશુકરો થઈ જાય છે). અને એ મુસીબત (કૃપાઓથી વંચિત) જે તેના પર આવેલ હતી, તેના પછી પાછો અમે તેને અમારી કૃપાઓ (મહેરબાની)થી નવાજીએ છીએ, તો મનુષ્ય કહે છે કે, "મારી આ બધી મુસીબતો મારા થકી દુર થઈ ગઈ." પછી તે ફુલાય છે અને ઘમંડ કરવા લાગે છે. આ દોષથી મુક્ત એ લોકો છે. જેઓ ધૈર્યવાન અને સંયમી (સબ્ર કરવાવાળા) અને સતકર્મીઓ (આમાલે સાલેહ કરવાવાળા) છે. આ તેજ લોકો છે, જેમના માટે દરગુજર પણ છે અને મોટું વળતર (બદલો) પણ છે." (પ્રકરણ ૧૧, શ્લોક ૯, ૧૦ અને ૧૧)

"તમોને જે કૃપાઓ (મહેરબાનીઓ- નેઅમતો) પ્રાપ્ત થાય છે, તે પાલનહાર અલ્લાહ તરફથી જ છે. પછી જ્યારે કોઈ સંકટ તમારી ઉપર આવે છે, ત્યારે તમે પોતાની ફરિયાદો લઈને પાલનહાર અલ્લાહ તરફ જ આવો છો. પરંતુ જ્યારે પાલનહાર અલ્લાહ એ સંકટ ટાળી દે છે, તો અચાનક તમારા માંથી એક જુથ પાલનહાર અલ્લાહની આ કૃપાઓ (સંકટ ટળી જવા) માટે આભાર વ્યક્ત કરવા માટે પાલનહાર અલ્લાહની સાથે બીજાઓનો પણ સમાવેશ કરે છે. (શિર્ક કરે છે), જેથી તે પાલનહાર અલ્લાહના ઉપકારો અને કૃપાઓ (મહેરબાનીઓ- નેઅમતો) પ્રત્યે અપકાર કરે (જુઠાડે)." (પ્રકરણ ૧૬, શ્લોક ૫૩, ૫૪ અને ૫૫)

પાલનહાર અલ્લાહની અપાર અને મહાન કૃપાઓ (મહેરબાનીઓ- નેઅમતો) જે તેણે મનુષ્યો પર કરેલ છે, તેને ધ્યાનમાં રાખતા મનુષ્યે ક્યારે પણ પાલનહાર અલ્લાહના અપકારી ન થવું જોઈએ અને હંમેશા તેના આજ્ઞાંકિત ભક્ત (બંદા) થઈને રહેવું જોઈએ અને તેના આદેશો પર ચુસ્તપણે અમલ કરવો જોઈએ. આ વિષે કુરાન મજીદમાંના અમુક બોધવચનો આ પ્રમાણે છે :-

"જો તમે પાલનહાર અલ્લાહના અપકારી (જુઠાડનારા) બનશો તો અલ્લાહ તમારો મોહતાજ (આધાર રાખનાર) નથી, પરંતુ પાલનહાર અલ્લાહ પોતાના ભક્તો (બંદાઓ) માટે અપકારી બનવું પસંદ નથી કરતો, અને જો તમે તેના આભારી થાવ તો આ કાર્યને તે તમારા માટે પસંદ કરે છે." (પ્રકરણ ૩૯, શ્લોક ૭)

"પાલનહાર અલ્લાહ શા માટે તમને અમસ્તીજ સજા આપે, જો તમે તેના આજ્ઞાંકિત ભક્ત (બંદા) થઈને રહો અને તેના પર સંપૂર્ણ શ્રધ્ધા રાખો ? અને પાલનહાર અલ્લાહ મોટો કદરદાન અને સૌની સ્થિતિથી સંપૂર્ણ જાણકાર છે." (પ્રકરણ ૪, શ્લોક ૧૪૭)

"અને આ અલ્લાહની જ કૃપા છે કે તેણે તમારા માટે રાત્રિ અને દિવસ બનાવ્યા, જેથી તમે રાત્રિમાં આરામ મેળવો અને દિવસ દરમ્યાન પોતાના પાલનહાર (રબ)ની કૃપા આજીવિકા-રોઝી)ની શોધ કરો, જેથી તમે તેના આભારી (શુકર ગુઝાર) બનો."

(પ્રકરણ ૨૮, શ્લોક ૭૩)

" અને તે અલ્લાહ જ છે જેણે રાત્રિ અને દિવસને એક પછી એક આવનાર બનાવ્યા, એ લોકો માટે જેઓ બોધ ગ્રહણ કરવા ચાહે અથવા તેના આભારી (શુકરગુઝાર) થવા ચાહે." (પ્રકરણ ૨૫, શ્લોક ૬૨)

"શું ક્યારે પણ તમોએ આંખો ઉઘાડીને જોયું કે આ પાણી જે તમે પીઓ છો તેને તમે વાદળાઓ માંથી વરસાવ્યું છે કે આ પાણીના વરસાવનારા અમે છીએ ? અમે જો ઈચ્છીએ તો આ પાણીને અમે ખારૂં કરી મુકીએ. તો પછી તમે શા માટે આભારી (શુકર ગુઝાર) નથી થતાં?" (પ્રકરણ ૫૬, શ્લોક ૬૮, ૬૯ અને ૭૦)

"ખચિત અમોએ મનુષ્યનું સર્જન એક મિશ્ર વીર્ય (બિંદુ)માંથી કર્યું જેથી અમે તેની પરીક્ષા લઈએ. અને આ હેતુ માટે અમોએ તેને સાંભળનાર અને જોનાર બનાવ્યો, અને તેને સત્ય માર્ગ દેખાડી દીધો. પછી ચાહે તે અમારો આભારી (શુકરગુઝાર) બને કે અપકારી." (પ્રકરણ ૭૬, શ્લોક ૨ અને ૩)

"આ અલ્લાહ જ છે જેણે તમારા માટે સમુદ્રને કામે લગાડેલ જેથી તેના આદેશથી વહાણો તેમાં ચાલે અને તમે તેની કૃપા શોધો અને તેના આભારી (શુકરગુઝાર) બનો." (પ્રકરણ ૪૫, શ્લોક ૧૨)

ઉપર આપેલા સર્વે બોધવચનોમાં પાલનહાર અલ્લાહે પોતાની એ સર્વે કૃપાઓ (મહેરબાનીઓ- નેઅમતો)નું વર્ણન કરેલ છે, જે મનુષ્યોના જ ઉપયોગ અને ફાયદા માટે પાલનહારે સર્જન કરેલ છે, અને તે માટે જ મનુષ્યે પાલનહાર અલ્લાહના આભારી (શુકર ગુઝાર) અવશ્ય બનવું જોઈએ.

ઉપસંહાર એ કે મનુષ્ય પોતે પાલનહાર અલ્લાહનું એક સર્વશ્રેષ્ઠ સર્જન (અશરફુલ મખલુકાત) છે અને તેના એક સર્જન તરીકે તે પાલનહાર અલ્લાહના નાના, મોટા, મહામોટા અને મહાકાય સર્જનો થકી તેનો ફાયદો ઉપાડે છે. તે માટે તેણે પાલનહાર અલ્લાહનો હંમેશા આભાર (શુકર) વ્યક્ત કરવો જોઈએ, અને તેના અપકારી ન થવું જોઈએ તથા તેના આજ્ઞાકિત ભક્ત (બંદા) થઈને રહેવું જોઈએ, અને તેના આદેશોનું ચુસ્તપણે પાલન કરવું જોઈએ. મનુષ્ય માટે આ કાર્ય જ આ જગત માટે તથા આવતા જગત માટે તેની સફળતાની ચાવી રૂપ છે.

સમાપ્ત.

# પેથાપુર નજીકના ૧૮ ગામોનું ગાંધીનગર મહાપાલિકામાં વિધિવત વિલિનીકરણ

ગાંધીનગર- રાજયના પાટનગર ગાંધીનગર મહાનગરપાલિકાનું વિસ્તરણ કરીને પેથાપુર નગરપાલિકા, ૧૮ ગ્રામ પંચાયતો તેમજ સાત ગામોના સર્વે નંબરોને સમાવી લેવામાં આવ્યા છે ત્યારે ગાંધીનગર કોર્પોરેશન પાસે સ્ટાફના અભાવે હયાત અધિકારી, કર્મચારીઓને આ ૧૮ ગામોમાં મોનીટરીંગ માટે ચાર્જ સોંપવામાં આવ્યો છે.

પેથાપુર નગરપાલિકામાં પણ આસી. મ્યુનિ.કમિશનર અમીત સીંઘાઈ તો તમામ વિસ્તારોમાં ઈજનેરી શાખાને લગતી કામગીરી માટે સીટી ઈજનેર બી. કે.પંડયા, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ માટે પાયલબેન શાહ, ડોર ટુ ડોર સફાઈ માટે સેનેટરી સુપ્રિટેન્ડેન્ટ સંદીપસિંહ ગોહિલ તો હિસાબી અધિકારી એસ.એમ.વોરા અને ચીફ ઓડીટર પ્રિતીબેન ઉપાધ્યાયને તમામ ગામોમાં નાણાંકીય બાબતોની કામગીરી કરવા નિમણૂંક કરાઈ છે.

ઝુંડાલ અને ખોરજ માટે ટેકસ ઓફીસર ઉપેન્દ્ર સુતરીયા, સુઘડ, નભોઈ, અમીયાપુર, ભાટ અને કોટેશ્વરમાં હાઉસ ટેકસ ઓફીસર કૌશિકભાઈ સોની, વાવોલમાં વહીવટી અધિકારી સંજય શાહ, સરગાસણ, કુડાસણ, વાસણા હડમતીયા, પોર અને અંબાપુરમાં જુનીયર ટાઉન પ્લાનર શ્રીદેવી પટેલ, રાંદેસણ, રાયસણ અને કોબામાં જુનીયર ટાઉન પ્લાનર પેરેઝ ડેવીડ ક્રિશ્ચિયન, રાંધેજામાં વેટરનરી ઓફીસર મૌલીકકુમાર પટેલ અને કોલવડામાં પાર્થભાઈ ચૌધરીને જવાબદારી સોંપવામાં આવી છે. આ અધીકારી, કર્મચારીઓએ પંચાયતના જુના સ્ટાફ સાથે સંકલનમાં રહીને આ વિસ્તારની કામગીરીનું મોનીટરીંગ કરવાનું રહેશે.

## ભરતસિંહ સોલંકીની તબિયત લથડી, અમદાવાદ ખસેડાયા

વડોદરા- કોંગ્રેસ અગ્રણી નેતા ભરતસિંહ સોલંકીની વડોદરા હોસ્પિટલમાં તબિયત વધુ લથડતા તેમને મોડીરાત્રે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ભરતસિંહ સોલંકી છેલ્લા એક અઠવાડિયાથી વડોદરાની માંજલપુરમાં સારવાર ચાલી રહી હતી. પરંતુ મોડીરાત્રે કોંગ્રેસના નેતાની તબિયત વધુ બગડી હતી. કોંગ્રેસ નેતા કોરોના વાયરસ પોઝિટીવ આવતા માંજલપુર ખાતેની બેંકર્સ હાર્ટ સુપરસ્પેશિયાલિસ્ટ હોસ્પિટલમાં છેલ્લા અઠવાડિયાથી સારવાર લઈ રહ્યા હતા. ભરતસિંહ હાલ ઈન્ટરમીટર હાઈફલો ઓન ઓક્સિજન થેરાપી પર છે.

## નારેશ્વર નર્મદા નદીમાં ડૂબી જતા ભરૂચના ત્રણ યુવાનોના મોત

• સ્થાનિક તરવૈયાઓની શોધખોળ બાદ ત્રણેની લાશ મળી : નદીમાં ત્રણે યુવાનો ઊંડા ખાડામાં ખૂંપી ગયા

કરજણ-ભરૂચ- ભરૂચમાં લિંક રોડ પર શ્રવણ ચોકડી નજીક રહેતા ત્રણ યુવાનો વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના નારેશ્વર ખાતે નર્મદા નદીમાં આજે બપોરે નાહવા પડયા બાદ ડૂબી જતા ત્રણેના કરૂણ મોત નિપજ્યા હતાં. ત્રણે યુવાનોની નદીમાં ભારે શોધખોળ બાદ લાશ મળી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ ભરૂચના લિંક રોડ ખાતે રહેતી ૧૦ વ્યક્તિઓ આજે રવિવારની રજા હોવાથી નારેશ્વર ખાતે નર્મદા નદીમાં નાહવા માટે આવ્યા હતાં. ગરમીમાંથી છૂટકારો મેળવવા ભરૂચના તમામ સભ્યો નર્મદા નદીમાં નાહવા પડયા બાદ ઉત્સવ, આદિત્ય અને આયુષ્યમાન નામના ત્રણ યુવાનો નદીના ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતાં. ત્રણે યુવાનોએ બચાવો...બચાવોની બૂમો પાડી હતી પરંતુ નર્મદા નદીમાં રેતી ખનનના કારણે પડેલા ઊંડા ખાડામાં ત્રણે યુવાનો તેમના મિત્રો અને પરિવારજનોની નજર સામે જ ડૂબી ગયા હતાં. આ અંગે લોકોએ બૂમાબૂમ કરતા સ્થાનિક તરવૈયાઓ દોડી આવ્યા હતા અને નર્મદા નદીમાં આશરે એક કલાક કરતા વધારે સમયની શોધખોળ બાદ ત્રણેના મૃતદેહો મળ્યા હતાં.

## નિર્દોષ ઘોડાને પો. અધિકારીએ ફડાકો માર્યો! કોંગ્રેસી નેતા સાથે બળપ્રયોગ

રાજકોટ- રાજકોટમાં પેટ્રોલ ડીઝલના અસહ્ય ભાવ વધારા સામે વિરોધ કરવા આજે વિવિધ સ્થળોથી કોંગ્રેસના નેતાઓ ઘોડા પર નીકળીને વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ પોલીસે આ માટે આશ્ચર્યજનક રીતે મંજૂરી નહીં આપવા છતાં યોજ્યો હતો. આ અન્વયે યાજ્ઞિકરોડ પર કોંગી નેતા જે ઘોડા પર બેઠા હતા તેને રોકવા ઘોડાને પોલીસ અધિકારીએ ફડાકો મારતા અને કોંગી નેતાને ઘોડા પરથી ખેંચીને બળજબરીથી ગાડીમાં ધકેલતા આ દ્રશ્ય સોશ્યલ મિડીયામાં વાયરલ થયા હતા. આ અંગે કોંગ્રેસના યુવા નેતા રાજદિપસિંહ જાડેજાએ જણાવ્યું કે તેઓ કોઈ અંગત સ્વાર્થ માટે કે સીનસપાટા કરવા માટે નહીં પણ પેટ્રોલ ડીઝલના ભાવ મુદ્દે લોકોની વેદનાને વાચા આપવા લોકશાહી ઢબે, શાંતિથી ઘોડા પર નીકળ્યા હતા. આ વખતે એ.સી.પી. રાઠોડે ઘોડાને રોકવા આ અબોલ જીવને ફડાકો માર્યો હતો અને તે તથા ભક્તિનગર પી.આઈ. ગઢવી વગેરેએ મને ઘોડા પરથી ખેંચીને ઉધ્ધતાઈપૂર્વક ઝપાઝપી કરીને ગાળો ભાંડીને પોલીસ જીપમાં બેસાડી જીપના ડોરને જોરથી ધક્કો મારી અશોભનીય વર્તન કર્યુ હતું.

## બાપુ પર હુમલો કરનારા પબુભાને BJPમાંથી કાઢો, CM સમક્ષ સંતોની રાવ

જામનગર- મોરારીબાપુ ઉપર હુમલો કરનારા પબુભા માણેક સામે સમાજમાં દાખલો બેસે તેવી તત્કાળ કાર્યવાહી કરવા સાધુ સંતોએએ મુખ્યમંત્રી સમક્ષ રાવ નાંખી છે. સોમવારે ૧૨થી વધુ મહામંડલેશ્વરો, મહંતો મુખ્યમંત્રી નિવાસસ્થાને પહોંચીને રજૂઆત કરી હતી. રૂપાણીને મળી આવ્યા બાદ લિંબડીના મોટા મંદિર સ્થિત નિમ્બાર્ક પીઠના લલિતકિશોરબાપુએ કહ્યુ કે, દ્વારકામાં જે થયુ તેવુ ફરીથી ન થાય તેના માટે સમાજમાં દાખલો બેસાડવો જરૂરી છે.

## વડોદરાના ૭ ગામોનો રોષ જોઈ સરકાર ઝુકી

વડોદરા- વડોદરા કોર્પોરેશનની હદમાં સમાવવામાં આવેલા સાત ગામોના લોકોએ ભારે વિરોધ કરી સરકાર અને કોર્પોરેશન સામે આંદોલન કરતાં આખરે સરકાર નરમ પડી છે અને આંદોલનકારીઓ સાથે મીટિંગ કરતાં ચાર દિવસ માટે આંદોલન સ્થગિત કરાયું છે. વડોદરા નજીકના ભાયલી, બિલ, કરોળિયા,વેમાલી,વડદલા,સેવાસી અને ઉંડેરા ગામોને કોર્પોરેશનની હદમાં સમાવવાનો રાજ્ય સરકારે નિર્ણય જાહેર કરતાં તેની સામે ભારે રોષ વ્યાપ્યો છે. ગ્રામજનોએ આંદોલન કરી સરકાર અને કોર્પોરેશન સામે હાઈકોર્ટમાં અપીલ પણ કરી છે.

આંદોલનમાં સ્વયંભૂ સામેલ થયેલા લોકોનો રોષ પારખી સરકારે ગ્રામજનોની રજૂઆત અંગે વિગતો મેળવી છે.

## રાજકોટ ડિસ્ટ્રિક્ટ બેંકની ચૂંટણી જાહેર થતાં રાજકારણમાં ગરમાવો

રાજકોટ : રાજકોટ જિલ્લા બેન્કની ચૂંટણી જાહેર કરી દેવામાં આવી છે. આગામી ૨૬મી જુલાઈએ ૧૭ બેઠકો પર ચૂંટણીનું મતદાન થશે. જેના માટે ૭ જુલાઈએ ફઓર્મ ભરવાનું શરૂ કરવામાં આવશે. બીજી બાજુ રાજકોટ ડિસ્ટ્રિક્ટ કો ઓપરેટિવ બેંકનો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયાની સાથે રાજકોટમાં સહકારી રાજકારણમાં ચહલપહલ શરૂ થઈ ગઈ છે.

રાજકોટ ડિસ્ટ્રિક્ટ કો ઓપરેટિવ બેંકની પહેલા ચૂંટણીનો કાર્યક્રમ ૩૦ માર્ચથી શરૂ થવાનો હતો પરંતુ કોરોનાના કારણે પાછી ઠેલાઈ હતી. જેથી રાજકોટ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકની ચૂંટણી માટે આગામી ૭ જુલાઈથી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થશે. ૨૬ જુલાઈના રોજ ૧૭ બેઠક માટે ચૂંટણી યોજાશે. આ ચૂંટણીમાં એક ખાસ વાત એ છે કે પહેલીવાર વિઠ્ઠલભાઈ રાદડીયાની ગેરહાજરીમાં રાજકોટ ડિસ્ટ્રિક્ટ કો ઓપરેટિવ બેંકની ચૂંટણી યોજાશે. હાલમાં બેંકના ડિરેક્ટર કેબિનેટ મંત્રી જયેશ રાદડિયા છે. ત્યારે મોટાભાગની બેઠકો બિન હરીફ થવાની શક્યતા છે.

રાજકોટ ડિસ્ટ્રીક્ટ બેંકની ચૂંટણીને લઈને જયેશ રાદડિયાએ નિવેદન આપતા જણાવ્યું હતું કે, મારા પિતાએ રાજકોટ ડિસ્ટ્રિક્ટ કો ઓપરેટિવ બેંકમાં ૨૨ વર્ષ બેંકનું સફળ સંચાલન કર્યુ છે. જેથી મને ગૌરવ છે.

## ન્યૂઝ બ્રીફ

- રાજ્યસભાની ચૂંટણી પૂર્વે કોંગ્રેસમાંથી ૮ ધારાસભ્યોએ રાજીનામું આપ્યું હતું અને આ આઠ ધારાસભ્યોમાંથી પાંચ ધારાસભ્યોએ ભાજપનું દામન થામી લીધું છે. અગાઉ કોંગ્રેસને અલવિદા કહેનારા બ્રિજેશ મેરજા, જે.વી. કાકડિયા, અક્ષય પટેલ, પ્રદ્યુમનસિંહ જાડેજા અને જીતુ ચૌધરીએ સોમવારે ભાજપ કાર્યાલય કમલમ ખાતે કેસરિયો ધારણ કર્યો હતો.
- સપ્ટેમ્બર મહિનાના પહેલા સપ્તાહમાં ચૂંટણી યોજાય તેવી શક્યતાઓને ધ્યાનમાં રાખીને ભાજપે આ કવાયત શરૂ કરી છે. પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણી અધ્યક્ષતામાં કોર કમિટીની બેઠક મળી હતી. જેમાં આઠ વિધાનસભાની પેટા ચૂંટણી તેમ જ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ અંગે આ બેઠકમાં રણનીતિ નક્કી કરાઈ હતી.
- જૂનાગઢમાં દોલતપરામાં જીઆઇડીસી-૨માં રહેતી ભાવનાબેન ભગવાનજીભાઈ કોળીને લાઠીના સંજય પ્રવીણભાઈ ગૌસ્વામીએ છરી વડે હુમલો કર્યો હતો સંજયે શરીર પર વધુ આડેધડ ઘા ઝીકીને ક્રૂરતાપૂર્વક ભાવનાની હત્યા કરી નાખી હતી. સંજય અને ભાવના વચ્ચે છેલ્લા ૬ વર્ષથી પ્રેમ સંબંધ હતો, પણ ભાવના છેલ્લા ૯ માસથી અન્ય કોઈ પ્રેમી સાથે ભાગી જતા સંજય માઠું લાગ્યું હતું.
- સુરતમાં અડાજણ ખાતે રહેતા હસમુખભાઇ અને સ્મિતાબેન પટેલની પુત્રી ડો.પ્રિયાંકી પટેલે નૃત્ય ક્ષેત્રમાં સુરત અને સુરત ઓલપાડ ચોર્યાસી કડવા પાટીદાર સમાજ કક્ષાએ પ્રથમવાર 'લીમ્કા બુક ઓફ રેકોર્ડ' (૨૦૨૦-૨૧) માં સ્થાન મેળવ્યું છે. ડાન્સ વર્કશોપના ક્ષેત્રમાં આ પ્રકારનો હટકે વર્કશોપ પહેલીવાર થયો હોય ઓક્ટોબર-નવેમ્બર ૨૦૧૯ની સાલમાં તેનું નામ રેકોર્ડ હોલ્ડર તરીકે નોંધવામાં આવ્યુ હતુ.
- થરાદના હાથાવાડા ગામમાં સગા ભાઇએ જ મામી અને મામીના દીકરા સાથે મળીને સંબંધમાં આડખીલીરૂપ બનતાં ભાઈની કરપીણ હત્યા કરી દેતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. હત્યારાઓએ યુવકની લાશ સળગાવી હાડકાં વામી નજીક કેનાલની બાજુ ફેંકી દીધા હતા.
- એનઆઇડીના પૂર્વ ડાયરેક્ટર વિકાસ સાતવલેકરનું આજે રોજ કોરોનાથી નિધન થયું છે. મુંબઈની હિન્દુજા હોસ્પિટલમાં મંગળવારે તેમણે અંતિમ શ્વાસ લીધો હતો. સાતવલેકરે ૧૯૮૯થી ૨૦૦૦ સુધી એક્ઝિક્યુટી ડાયરેક્ટર અને વિઝ્યુલ કોમ્યુનિકેશન પ્રોગ્રામના હેડ તરીકે ૧૯૮૨થી ૨૦૦૦ સુધી સેવા આપી હતી.
- ૩ વર્ષ માટે તુષાર મહેતાની સોલીસિટર જનરલ ઓફ ઈન્ડિયા તરીકે ફરી નિમણૂક કરાઈ છે. આ ઉપરાંત ૫ એડિશનલ સોલિસિટર જનરલની પણ ફરી નિમણૂક કરવાનો નિર્ણય કરાયો છે. વિક્રમજીત બેનર્જી, અમન લેખી, માધવી ગોદરિયા દિવાનની ફરી નિમણૂક કરાઈ છે. કે.એમ નટરાજ, સંજય જૈનની ફરી એડી.સોલિસિટર જનરલ તરીકે નિમાયા છે. સૂર્યપ્રકાશ રાજૂ સહિત ૬ વકીલનો જીઝમાં એડી.સોલિસીટર જનરલ બનાવાયા છે. SCમાં એડિ.સોલિસિટર જનરલ તરીકે સૂર્યપ્રકાશ રાજુની પસંદગી કરાઈ છે.
- અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનમાં ડેપ્યુટી કમિશ્નર તરીકે ફરજ બજાવતાં આઇએએસ દિલિપ રાણાને ફરી રાજ્ય સરકારે આદિજાતિ વિકાસ કમિશ્નરનો વધારાનો હવાલો સોંપ્યો છે જેના કારણે આદિવાસીઓ રોષે ભરાયાં છે. મહત્વની વાત તો એછેકે, દિલીપ રાણાને આદિજાતિ વિકાસ કમિશ્નર તરીકે ત્રણ ત્રણ વાર પોસ્ટિંગ અપાતાં અનેક તર્ક વિતર્ક વહેતાં થયાં છે.
- અમદાવાદમાં વાલીઓએ લોકડાઉન દરમિયાનની ત્રણ મહિનાની ફી માફ કરવાની માગણી સાથે દેખાવો યોજ્યા હતા જેમાં ૨૦થી વધુ લોકોની પોલીસે અટકાયત કરી હતી. ભણતર જ આપ્યું નથી તો પછી શિક્ષણ ફી કેવી રીતે વસૂલી શકાય તેવા મુદ્દે રાજ્ય સરકારે પણ હાથ અધ્ધર કરી દેતા આખરે હવે રાજયભરમાં વાલીઓ દ્વારા રોષ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે.
- ગુજરાત ચેમ્બરની કારોબારીની ચૂંટણી મુલતવી રાખવાની ભલામણ ચૂંટણી અધિકારી પી.કે. લહેરીએ કરી છે. પી.કે. લહેરીએ મંગળવારે ગુજરાત ચેમ્બરને એક પત્ર લખીને આ અંગેની જાણ કરી છે. કોરોનાની મહામારીને પરિણામે પ્રવર્તતી સ્થિતિને ધ્યાનમાં લઈને ચેમ્બરના કેટલાક સભ્યોએ ચૂંટણી ન યોજવાની માગણી કરી હતી.
- હાઇકોર્ટની ખંડપીઠે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગને આદેશ કર્યો છે કે જો કોઈ શાળા ફી વસૂલવા માટે વાલીઓ પર દબાણ કરે અથવા બાળકને ઓનલાઇન શિક્ષણ આપવા માટે અભ્યાસક્રમ આપવામાં અડચણ ઊભી કરે અને આ અંગે વાલીઓ ફરિયાદ કરે તો, આ શાળાઓ સામે કડક પગલાં ભરવામાં આવે. હાઇકોર્ટમાં અરજદાર ની રજૂઆત હતી કે વાલીઓ થી સ્કૂલ ફી ભરવામાં વિલંબ થાય અથવા તો ફી ભરી ન હોય તો કેટલીક શાળાઓ દ્વારા ફી ભરવા માટે દબાણ કરાય છે.
- કોરોના વાઈરસની મહામારીના કારણે વડોદરાના માંડવી વિસ્તારમાં આવેલા સુપ્રસિદ્ધ શ્રી વિઠ્ઠલનાથજી મંદિરમાંથી ભગવાન વિઠ્ઠલનાથજીનો ૨૧૧મો વરઘોડો દેવપોઢી અગિયારસના દિવસે શહેરમાં નીકળ્યો નહોતો. એટલે કે ૨૧૦ વર્ષના ઇતિહાસમાં પહેલી વખત ભગવાન વિઠ્ઠલનાથજી પહેલી વખત નગરચર્યાએ નીકળ્યા નથી. ભગવાનનો વરઘોડો મંદિર પરિસરમાં જ ફેરવવામાં આવ્યો હતો. અને પરંપરા મુજબ રાજવી પરિવાર દ્વારા પૂજા-અર્ચના કરવામાં આવી હતી.
- અમદાવાદ શહેર ભાજપની પ્રમુખ જગદીશ પંચાલને બદલવામાં આવશે. એવી ચર્ચા શહેર સંગઠનમાં જ થઈ રહી છે. કારણ કે તેની સામે આંતરીક વિરોધ છે. શહેર સંગઠનના નેતાઓ જ અંદરખાને આક્ષેપ કરી રહ્યા છે કે તે સગાવાદ ચલાવી રહ્યા છે. કેટલાક નેતાઓ કે જે હાઈ કમાન્ડની નજીક છે તેની સાથે પણ વિખવાદ ચાલી રહ્યો છે. જેને લઈને બદલવામાં આવી શકે છે.
- વિશ્વમાં કોરોના સંક્રમણની મહામારીથી બદલાયેલી વૈશ્વિક આર્થિક સ્થિતિનો મહત્તમ લાભ લેવા માટે ગુજરાત સજ્જ છે અને આ માટેની તમામ વ્યવસ્થા કરવામાં આવી છે, એવું રાજ્યના મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ જણાવ્યું હતું. લઘુ-મધ્યમ અને નાના અને મધ્યમ કદના ઉધોગકારોને આહ્વાન કરતા મુખ્ય પ્રધાને વધુમાં જણાવ્યું હતુ કે, 'જાન હૈ-જહાન હૈ'ના ધ્યેય સાથે રોજિંદી જીવન પ્રવૃત્તિઓ, વેપાર, ઊધોગ, ધંધા-રોજગાર ફરી ધમધમતા-ધબકતા કરવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે.

# ભારતમાં કોરોના ચેપગ્રસ્તોની સંખ્યા ૬ લાખને પાર

• ૨૪ કલાકમાં કોવિડ-૧૯ વાયરસના ૧૯,૧૪૮ નવા કેસો નોંધાયા, એક દિવસમાં ૪૩૪ લોકોએ જીવ ગુમાવ્યા

નવી દિલ્હી : ભારતમાં ગુરુવારે કોરોના વાયરસના ૧૯,૧૪૮ નવા ચેપગ્રસ્તો નોંધાયા છે. તેની સાથે એક દિવસમાં ૪૩૪ દર્દીઓના મોત નિપજ્યા છે. જેના પગલે ગુરૂવારે સવારે એટલે કે ૨જી જુલાઈએ દેશભરમાં મહામારીના કુલ દર્દીઓની સંખ્યા ૬,૦૪,૬૪૧ની થઈ ચૂકી છે. સાજા થઈ ચૂકેલા દર્દીઓની સંખ્યા જોઈએ તો અત્યાર સુધીમાં ૩,૫૯,૮૬૦ લોકો વાયરસને મ્હાત કરવામાં સફળ રહ્યા



છે. આ ઉપરાંત દેશભરમાં ખતરનાક વાયરસથી થયેલા મૃત્યુનો આંક ૧૭,૮૩૪ થયો છે.

તે હિસાબે રિકવરી રેટ ૫૯.૫૧ ટકા છે અને નવા કેસોની પોઝીટીવિટી રેટ ૮.૩૪ ટકા છે. કોવિડ-૧૯ના કહેર વિશ્વના ૧૮૮ દેશોમાં ફેલાઈ ચૂક્યો છે. ૨જી જુલાઈએ સવાર સુધીમાં દુનિયાભરમાં દર્દીઓની કુલ સંખ્યા ૧.૦૬ કરોડને પાર થઈ ચૂકી છે. જ્યારે ૫,૧૬,૧૨૮ લોકોના મોત નિપજ્યા છે. દુનિયાભરમાં વાયરસથી સંક્રમિત ૪૬,૯૫,૧૧૯ દર્દીઓની સારવાર ચાલી રહી છે.

જ્યારે ૫૪,૭૬,૩૧૧ લોકો મહામારીને મ્હાત કરી ચૂક્યા છે. ભારતની વાત કરીએ તો તા.૨જી જુલાઈએ સવારે ૮ સુધીમાં સક્રિય કેસોની સંખ્યા ૨,૨૬,૯૪૭ની નોંધાઈ હતી. તેની સાથે દેશમાં ટેસ્ટીંગની વાત કરીએ તો કોવિડ-૧૯ મહામારી ફેલાયા બાદથી ૧લી જુલાઈ સુધીમાં દેશભરમાં કુલ ૯૦,૫૬,૧૭૩ સેમ્પલના ટેસ્ટીંગ કરવામાં આવ્યા છે. જ્યારે માત્ર ૧લી જુલાઈએ ૨,૨૯,૫૮૮ સેમ્પલનું ટેસ્ટીંગ કરાયું હતું. દેશભરના ૫ રાજ્યોમાં જ વિતેલા ૨૪ કલાકમાં કોરોનાનો કહેર સૌથી વધુ જોવા મળ્યો છે. તેની સાથે મૃત્યુની સંખ્યા પણ આ જ રાજ્યોમાંથી છે.

જેમાં મહારાષ્ટ્રમાં વિતેલા ૨૪ કલાકમાં સૌથી વધુ ૫,૫૩૭ નવા ચેપગ્રસ્તો નોંધાયા છે. જ્યારે તામિલનાડુમાં ૩૮૮૨, દિલ્હીમાં ૨૪૪૨, કર્ણાટકમાં ૧૨૭૨ અને તેલંગણામાં ૧૦૧૮ દર્દીઓનો સમાવેશ થાય છે. જ્યારે એક દિવસમાં થયેલા મૃત્યુમાં પણ મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૧૯૮ લોકોના અને તામિલનાડુમાં ૬૩, દિલ્હીમાં ૬૧, ગુજરાતમાં ૨૧ અને ઉત્તરપ્રદેશના ૨૧ લોકોના મોતનો સમાવેશ થાય છે.

## કોરોના ઈફેક્ટ : મુંબઈમાં લાલબાગ મંડળ ગણપતિ ઉત્સવ નહીં ઉજવે

મુંબઈ : કોરોના વાયરસ મહામારીની અસર ગણપતિ ઉત્સવ પર ભારે પડતી જોવા મળી રહી છે. મહારાષ્ટ્રનાં સૌથી જાણીતા ગણપતિ મંડળોમાં ગણાતા લાલબાગ આ વખતે ગણપતિ વિસર્જનનો ઉત્સવ નહીં મનાવે. લાલબાગ ગણપતિ મંડળે કોરોના વાયરસનાં ખતરાનાં કારણે આ નિર્ણય લીધો છે. ઉલ્લેખનીય છે કે આખા દેશમાં મુંબઈ સૌથી વધારે કોરોના પ્રભાવિત શહેરોમાંથી એક છે. આને જોતા મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ તમામ મંડળોને આદેશ આપ્યો હતો કે આ વર્ષે ગણપતિ ઉત્સવ દર વર્ષની માફક ના મનાવવામાં આવે, કેમકે આમાં મોટી સંખ્યામાં લોકો ભેગા થાય છે. સાથે જ તેમણે કહ્યું કે ગણપતિની મૂર્તિનું ઊંચાઈ ૪ ફૂટ સુધી જ રાખવામાં આવે. સરકારનાં આ નિર્ણય બાદ બાકી ગણપતિ મંડળોએ ૨ મૂર્તિઓ બનાવવાનો નિર્ણય કર્યો છે. એક મોટી મૂર્તિ બનાવવામાં આવશે અને એક નાની. પૂજા ફક્ત નાની મૂર્તિની જ કરવામાં આવશે, પરંતુ લાલબાગ રાજા મંડળની એક જ મૂર્તિ છે. અહીં નાની મૂર્તિ નથી, આ કારણે પૂજા પણ મોટી મૂર્તિની જ કરવામાં આવશે. લાલબાગ મંડળ આ વખતે ગણપતિ ઉત્સવને આરોગ્ય ઉત્સવ તરીકે મનાવશે.

## અદાણી પ્રોપર્ટી સાથેનાં કોર્પોરેટ જંગ વચ્ચે GVK ગ્રૂપ ઉપર CBI અને EDના દરોડા

નવી દિલ્હી : સીબીઆઈ દ્વારા અચાનક જીવીકે ગ્રૂપ સામે કેસ કરવામાં આવ્યો છે. ગ્રૂપ દ્વારા એમઆઈએએલ તેમજ એએઆઈનાં ભંડોળમાંથી રૂ. ૭૦૫ કરોડની ગેરરીતિ આચરવામાં હતી અને બોગસ સોદા કરીને તેમજ પર્સનલ ખર્ચાઓ કંપનીનાં હિસાબોમાં નાંખીને ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાનાં આક્ષેપો કરાયા છે. વર્ષ ૨૦૧૫માં આવી જ રીતે દિલ્હી ઈન્ટરનેશનલનાં સંયુક્ત સાહસમાં પ્ઈ સામે સીબીઆઈ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. જીવીકેનાં કેસમાં કેટલીક ફરિયાદો મળી છે તેવી દલીલોને આધારે કંપની સામે એફઆઈઆર કરાઈ છે. ઉલ્લેખનીય છે કે, મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ નામની જોઈન્ટ વેન્ચર કંપનીમાં ૧૩.૫ ટકાનો હિસ્સો મેળવવા અદાણી પ્રોપર્ટી સાથે કોર્પોરેટ જંગમાં પડેલી જીવીકે વધુ એક મુશ્કેલીમાં મુકાઈ છે. મુંબઈ એરપોર્ટનાં ડેવલપમેન્ટ માટેની રકમમાંથી કરોડોની ઉચાપત કરવા માટે સીબીઆઈ દ્વારા જીવીકે ગ્રૂપનાં ચેરમેન જીવીકે રેડી તેમજ કંપનીનાં એમડી અને રેડીનાં પુત્ર જી. વી. સંજય રેડી તથા અન્ય ૧૩ સામે કેસ કરયો છે. મુંબઈ એરપોર્ટનાં ડેવલપમેન્ટ તેમજ મેઈન્ટેન્સ માટે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા જીવીકે ગ્રૂપની જીવીકે હોલ્ડિંગ્સ લિમિટેડ સાથે મળીને પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ કંપની મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિ.ની સ્થાપના કરવામાં આવી હતી. આ માટે ૪ એપ્રિલ ૨૦૦૬નાં રોજ એએઆઈ તેમજ એમઆઈએએલ વચ્ચે કરાર કરાયા હતા. ૨૦૧૭-૧૮માં જીવીકે ગ્રૂપ દ્વારા ૯ કંપનીઓને બોગસ વર્ક કોન્ટ્રેક્ટ આપવામાં આવ્યો હતો જેને કારણે કંપનીને રૂ. ૩૧૦ કરોડનુ નુકસાન થયું હતું.

## શિવરાજ કેબિનેટનું વિસ્તરણ, ૨૮ મંત્રીઓએ શપથ લીધા

• કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયેલા જ્યોતિરાદિત્ય સિંધિયા છાવણીનો દબદબો

ભોપાલ : મધ્યપ્રદેશમાં શિવરાજસિંહ ચૌહાણની આગેવાની વાળી ભાજપ સરકારનું વિસ્તરણ થયું છે. રાજ્યપાલ આનંદીબહેન પટેલે રાજભવનમાં યોજાયેલા શપથવિધિ સમારોહમાં કુલ ૨૮ નવા મંત્રીઓને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યાં હતા જેમાં ૨૦ કેબિનેટ મંત્રી, ૮ રાજ્ય મંત્રી સામેલ છે. કોંગ્રેસની કમલનાથ સરકાર તૂટી પડયાં બાદ જ્યારે ચૌહાણે ૨૩ માર્ચના રોજ મુખ્યપ્રધાન પદના શપથ લીધા હતા તેના થોડા દિવસો બાદ ૫ મંત્રીઓને કેબિનેટમાં સામેલ કરાયા હતા. શપથ લેનારા નેતાઓમાં ગોપાલ ભાર્ગવ, વિજય શાહ, યશોધરા રાજે સિંધિયા સહિત બીજા કેટલાક મોટા માથાઓ સામેલ છે. શિવરાજસિંહ કેબિનેટ વિસ્તરણમાં કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયેલા જ્યોતિરાદિત્ય સિંધિયા છાવણીનો દબદબો છવાયો છે. સિંધિયા સર્મિથત કુલ ૧૨ નેતાઓને મંત્રી બનાવાયા છે. શપથગ્રહણ સમારોહમાં ખુદ સિંધિયા હાજર રહ્યાં હતા. કેબિનેટ વિસ્તારણ પહેલા શિવરાજે દિલ્હી જઈને મોવડી મંડળ સાથે ચર્ચા કરી હતી.

## કોરોનાની કોલર ટ્યૂનથી કંટાળી કોંગી MLAએ કેન્દ્ર સરકારને પત્ર લખ્યો

નવી દિલ્હી : રાજસ્થાનમાં કોંગ્રેસના એક ધારાસભ્ય કોરોનાની અવેરનેસ માટે સરકાર તરફથી સંભળાવવામાં આવતી કોલર ટ્યૂન પર વાંધો વ્યક્ત કર્યો છે. રાજસ્થનના સાંગેદથી ધારાસભ્ય ભરતસિંહે કેન્દ્ર સરકારને પત્ર લખ્યો છે કે ફોનમાં આવતી કોરોના વાઈરસ કોલર ટ્યૂનને બંધ કરવામાં આવે. તેમણે પત્રમાં જણાવ્યું કે, માર્ચમાં આ ટ્યૂનને શરૂ કરવામાં આવી હતી અને હવે જૂન આવી ગયો જેમણે સાંભળવાનું હતું અને સમજવાનું હતુ તેઓ સમજી ગયા હશે હવે આગળ તેને શરૂ રાખવામાં આવે નહી, આ ટ્યૂન સાંભળીને કાન પાકી ગયા છે.

## બિહારના આઠ જિલ્લામાં ફરી વીજળી પડવાથી ૨૮નાં મોત

પટણા : બિહારમાં મંગળવારે ૧૧ લોકોનો ભોગ લેનારી આકાશી વીજળી ગુરૂવારે ફરી વાર રાજ્યના આઠ જિલ્લામાં ત્રાટકી હતી જેમાં ૨૮ લોકોના મોત થયા હતા. રાજ્યના આપદા પ્રબંધ વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર રાજ્યના ૮ જિલ્લામાં વીજળીનો પ્રકોપ સર્જાયો હતો. મધેપુરા, મુરલીજંગ, કુમાખંડમાં પણ વીજળી ત્રાટકવાની ચેતવણી આપવામાં આવી છે. લોકોને ઘરમાં રહેવાની અપીલ કરાઈ છે. મુખ્યપ્રધાન નીતિશ કુમારે મૃતકોના પરિજનો પ્રત્યે સંવેદના અને શોકની લાગણી વ્યક્ત કરી હતી. હવામાન વિભાગે રાજ્યના ઘણા જિલ્લામાં ભારે વરસાદ અને વીજળીનું એલર્ટ તથા આગામી ૪૮ કલાક માટે દેશ માટે ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. મંગળવારે પણ બિહારમાં વીજળી ત્રાટકી હતી જેમાં ૧૧ લોકોના મોત થયા હતા. રાજસ્થાનના બાડમેર જિલ્લામાં ગુરૂવારે કડાકા-ભડાકા સાથે ભારે વરસાદ તૂટી પડયો હતો. બાડમેરના બાલાસર ગામમાં બે મકાનાનો છાપરા ઊડી ગયા હતા તથા એક ઘરન દીવાલ ધસી પડતાં બે બાળકોનાં મોત થયાં હતાં, તથા ૩ લોકો ઘાયલ થયા હતા.૧૦ વર્ષીય લલિત અને ૮ વર્ષીય કવિતાનું દીવાલ ધસી પડતાં દટાવાને કારણે મોત થયાં હતાં.

# આસામમાં પૂર : ૧૫ લાખ લોકોને અસર, ૩૩ના મોત

• ત્રણ હજાર ગામ પાણીમાં : ૧લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં ઊભા પાકને નુકસાન

• કાઝીરંગા નેશનલ પાર્કની વન્યજીવ સૃષ્ટી પર જોખમ

ગુવાહાટી : ઉત્તર-પૂર્વિય વિસ્તારમાં પડી રહેલા ભારે વરસાદના કારણે આસામમાં સર્જાયેલી પૂરની પરિસ્થિતિ હજુ પણ યથાવત છે. પૂરના કારણે આસામના ૩૩માંથી ૨૧ જીલ્લા પ્રભાવિત છે અને ૧૫ લાખ લોકોને અસર થઈ છે, તેમ સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું હતુ. જ્યારે વધુ ચાર વ્યક્તિઓએ પૂરના કારણે જીવ



ગુમાવતા કુલ મૃત્યુ આંક ૩૩ પર પહોંચ્યો હતો.

રાજ્ય સરકારના ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા અનુસાર પૂરના કારણે હાલમાં આસામના ત્રણ હજારથી વધુ ગામ પાણીમાં ડૂબ્યા છે અને એક લાખ હેક્ટર વિસ્તારમાં ઉભા પાકને પૂરથી નુકસાન પહોંચ્યું હતુ. પૂરના કારણે સૌથી વધુ અસર બારપેટા જિલ્લાને થઈ છે, જ્યાં આશરે ૧.૩૫ લાખ લોકોને પૂરના પાણીની વિનાશક અસરનો સામનો કરવો પડી રહ્યો છે. આ ઉપરાંત ધેમાજી જિલ્લામાં એક લાખથી વધુ અને નલબારીમાં ૯૬,૦૦૦ લોકો પૂરથી પ્રભાવિત થયા હતા. રાજ્ય ડિઝાસ્ટર મેનેજમેન્ટની સાથે સાથે સિવિલ ડિફેન્સ અને ઈનલેન્ડ વોટર ટ્રાન્સપોર્ટ ડિપાર્ટમેન્ટ્સના કર્મચારીઓ રાહત-બચાવની કામગીરીમાં સક્રીય છે અને તેઓએ છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૯,૩૦૩ જેટલા લોકોને સલામત સ્થળે ખસેડયા હતા. ગુવાહાટીમાં રાજભવન નજીક ભૂસ્ખલન થતાં એક કોલેજ યુવતી તેમાં દટાઈ હતી. હાલમાં ૧૨જિલ્લામાં ૧૯૩ રાહત શિબિરો ચલાવવામાં આવી રહી છે અને ૨૭,૩૦૮ લોકોને સલામત સ્થળે આશરો આપવામાં આવ્યો હતો. લોકોને અનાજ-પાણી પણ પહોંચાડવામાં આવી રહ્યા છે. ગુવાહાટી સહિત પાંચ જેટલા મુખ્ય વિસ્તારમાં બ્રહ્મપુત્રાનું જળસ્તર જોખમી સપાટીથી ઉપર વહી રહ્યું છે. એક તરફ મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ જેવા વિસ્તારોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. જમ્મુ-કાશ્મીરના પૂંછ જિલ્લામાં તો વીજળી પડતાં માટીના ઝૂંપડામાં રહેલી એક ૧૦ વર્ષની બાળકીનું મોત થયું હતુ અને ત્રણને ઈજા થઈ હતી.

## યુધ્ધના ભણકારા : લદ્દાખમાં ભારત-ચીન વચ્ચે તણાવ વધ્યો

# લદ્દાખમાં ભારતે ૩૦,૦૦૦ સૈનિકો ખડક્યા



### • પાકિસ્તાને ગિલગિટમાં, ચીને લદ્દાખ સરહદે ૨૦-૨૦ હજાર સૈનિકો તૈનાત કર્યા : ભારત-ચીન વચ્ચે વાટાઘાટોનો ત્રીજો રાઉન્ડ નક્કર પરિણામ વગર પૂર્ણ

નવી દિલ્હી : ચીન કોઈ ભ્રમમાં ન રહે એટલા માટે ભારતે પણ ઈસ્ટર્ન લદ્દાખ સેક્ટરમાં ત્રણ ડિવિઝન (૩૦,૦૦૦ સૈનિકો) તૈનાત કરવાની પ્રક્રિયા આરંભી દીધી છે. આર્મીની વિવિધ રિઝર્વ ફોર્સમાંથી સૈનિકોને લદ્દાખ મોકલાઈ રહ્યા છે. આ બધા સૈનિકો એવા છે, જે બાર-પંદર હજાર ફીટની ઊંચાઈએ નીચા તાપમાને અને પાતળી હવા વચ્ચે લડવા માટે તાલીમ પામેલા છે. સૈનિકો સાથે બેટલ ટેન્ક, દારૂગોળો, અન્ય આયુધો વગેરે પણ લદ્દાખ સરહદે મોકલવાની ભારતે શરૂઆત કરી દીધી છે. વધારાની સૈન્ય ટુકડીઓ અને શસ્ત્રો જમીન અને હવાઈ એમ બન્ને માર્ગે મોકલાઈ રહ્યા છે. બીજી તરફ ભારત અને ચીન વચ્ચે લદ્દાખ સરહદી વિવાદ અંગે ત્રીજા રાઉન્ડની વાટાઘાટો ૩૦મી જૂને યોજાઈ હતી. બન્ને દેશના લેફ્ટનન્ટ કમાન્ડર કક્ષાના અધિકારીઓ મળ્યા હતા. પરંતુ એ વાટાઘાટો દરમિયાન કોઈ નક્કર પરિણામ આવ્યાનું જણાતું નથી. કેમ કે ચીને લદ્દાખ લાઈન ઑફ એક્ચ્યુલ કન્ટ્રોલ (એલએસી)ની પેલે પાર ૨૦,૦૦૦ સૈનિકો (બે ડિવિઝન) ખડકી દીધી છે. બીજી તરફ ભારતને ભીંસમાં લેવા પાકિસ્તાને પણ પાકિસ્તાન કબજાના કાશ્મીરમાં આવેલી ગિલગિટ-બાલ્ટિસ્તાન લાઈન ઑફ કન્ટ્રોલ (એલઓસી) ખાતે ૨૦,૦૦૦ સૈનિકો ગોઠવી દીધા છે.

### સરહદે ભણકારા : કાશ્મીરમાં સૈન્ય માટે શાળાઓ ખાલી કરવા આદેશ

જમ્મુ કાશ્મીરમાં સરકારે ડિસ્ટ્રિબ્યૂટર્સ બે મહિના માટે એલપીજી સિલિંડરનો સ્ટોક કરવાનો આદેશ આપ્યો છે જેને પગલે સ્થાનિક લોકોની ચીંતા વધી રહી છે. આ ઉપરાંત ઉપરાજ્યપાલ દ્વારા અન્ય એક આદેશ અલગથી જારી કરવામાં આવ્યો છે. આ આદેશમાં જણાવવામાં આવ્યું છે કે કારગિલથી ગાંદરબલ વિસ્તારમાં સુરક્ષા જવાનો માટે સ્કૂલોને ખાલી કરાવવામાં આવે. સરકારના આ બન્ને આદેશોને કારણે ઘાટીમાં રહેતા લોકોની ચિંતામાં વધારો થઇ રહ્યો છે. જમ્મુ કાશ્મીર ઘાટીમાં એલપીજી ડિસ્ટ્રિબ્યૂટર્સ ઓછામાં ઓછા બે મહિના માટે સિલિન્ડરનો સ્ટોક કરી લે કેમ કે ભુસ્ખલનને કારણે રોડ રસ્તા બંધ થઇ જાય તો સપ્લાય પુરવઠો ખોરવાઇ શકે છે.

### ગલવાન ખીણમાં ટી-૯૦ ટેન્કો તૈનાત

ગલવાન ખીણમાં ભારત અને ચીનના સૈનિકો વચ્ચે ટકરાવ થયો હતો.એ પછી બંને દેશો વચ્ચે લદ્દાખ મોરચે તનાવ યથાવત છે.

જોકે ભારતે ચીનની સામે બાંયો ચઢાવીને રાખેલી છે.જેના પરિણામ સ્વરુપે જ્યાં ભારત અને ચીનની સેના વચ્ચે સંઘર્ષ થયો હતો તે ગલવાન ખીણમાં હવે ભારતીય સેનાએ પોતાની ૬ અત્યાધુનિક ભિષ્મ ટેન્ક તૈનાત કરી દીધી છે.

તેની સાથે સાથે ચીનની ટેન્કોને માત આપવા માટે ટોપ ઓફ ધ લાઈન ટેન્ક વિરોધી મિસાઈલ સિસ્ટમ પણ ઉતારી છે.આ મિસાઈલ સિસ્ટમનો ઉપયોગ સૈનિકો પોતાના ખભા પર મુકીન`કરી શકે તેમ છે.

### પેંગોંગના વિવાદાસ્પદ કાંઠે જમીન પર ચીને ૨ હજાર ચોરસ મિટરનો સિમ્બોલ દોર્યો !

ચીને પેંગોગ સરોવરના કાંઠે વિવિદાસ્પદ જગ્યાએ જમીન પર કદાવર સિમ્બોલ તૈયાર કર્યો છે. સેટેલાઈટ ઈમેજમાં સરોવરના કાંઠે દોરાયેલો સિમ્બોલ સરળતાથી જોઈ શકાય છે. ચીનનો નકશો તૈયાર કરવામાં આવ્યો છે અને સાથે ચીની ભાષામાં ચાઈના એવુ લખ્યું છે. જમીન પર ચિતરેલા આ સિમ્બોલની લંબાઈ ૮૧ મિટર અને પહોળાઈ ૨૫ મિટર છે.

### દોકલામ યુદ્ધ કરતાં પણ 'આર્થિક યુદ્ધ' વધુ ખતરનાક હશે : ચીની અખબાર

બેઈજિંગ : ચારે બાજુથી ઘેરાયેલા ચીને બેફામ નિવેદનો શરૂ કર્યા છે. ભારતે ૫૯ ચાઈનીઝ એપ્સ પર પ્રતિબંધ મૂક્યો તે પછી બેબાકળા થયેલા ચીને ધમકી આપી હતી કે જો ભારત ચીન સાથે વેપાર યુદ્ધ કરશે તો દોકલામ કરતા પણ ખરાબ પરિણામ આવશે. સરકારી અખબાર ગ્લોબલ ટાઈમ્સે ભારતને રાષ્ટ્રવાદને બદલે વેપારને મહત્વ આપવાની વણમાગી સલાહ આપી હતી. ભારત-ચીન વચ્ચે સરહદે વિવાદ થયો તે પછી વળતી કાર્યવાહીના ભાગરૂપે ભારતે ચીનની ૫૯ એપ્સ પર પ્રતિબંધ મૂકી દીધો હતો.

### ભારત સ્પાઇસ-૨૦૦૦ બોમ્બ ખરીદશે

નવી દિલ્હી : સ્પાઇસ -૨૦૦૦, નામ યાદ છે ને તમને, હા, એ જ બોમ્બ જેના દ્વારા ભારતીય એર ફોર્સના જવાનોએ પાકિસ્તાનમાં હવાઈ હુમલા દરમિયાન આતંકવાદી કેમ્પોનો નાશ કર્યો હતો. ભારત આકાશમાંથી જમીન પર આવીને લક્ષ્યોને નષ્ટ કરવામાં અત્યંત સક્ષમ આ બોમ્બના વધુ એડવાન્સ વર્ઝનને ખરીદવાની ભારત તૈયારી કરી રહ્યું છે. ચીન સાથેની તંગદીલી વચ્ચે એરફોર્સે ઇમર્જન્સિ પાવર્સનો ઉપયોગ કરીને આ બોમ્બ ખરીદવાની યોજના બનાવી રહી છે. સ્પાઇસ -૨૦૦૦ બોમ્બ ૭૦ કિલોમીટર દૂરના લક્ષ્યોને નષ્ટ કરી શકે છે.

### ચીની કંપનીઓને હાઇવેના પ્રોજેક્ટ નહીં મળે, પ્રતિબંધ મુકાયો

ચીની સૈનિકો દ્વારા થયેલા હુમલામાં ભારતના ૨૦ જવાનો શહીદ થઇ ગયા છે. આ ઘટના બાદ કેન્દ્ર સરકારે ચીનની અનેક મોબાઇલ એપ્લીકેશનો પર પ્રતિબંધ મુકી દીધો હતો. જે સાથે હવે અન્ય પગલા પણ ચીન વિરુદ્ધ લેવાઇ રહ્યા છે. કેન્દ્રીય પ્રધાન નિતિન ગડકરીએ કહ્યું હતું કે ભારતમાં હવે હાઇવે પ્રોજેક્ટ્સ માટે કોઇ પણ ચીની કંપનીને કોન્ટ્રાક્ટ આપવામાં નહીં આવે. ગડકરીએ સાથે એમ પણ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર એ બાબતનું ધ્યાન રાખશે કે કોઇ પણ ચીની કંપનીને માઇક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઇઝ (એમએસએમઇએસ) કોઇમાં પણ રોકાણ ન કરી શકે. સોમવારે જ સરકારે ભારતમાં ૫૯ ચીની એપ્લિકેશન પર પ્રતિબંધ મુકી દીધો હતો.

# ગુજરાતથી ૨૦ કિ.મી. દૂર પાકિસ્તાનમાં ચીનના સૈનિકોએ એરસ્ટ્રીપ બનાવી દીધી

ગાંધીનગર : ચીન હવે ભારતની કાશ્મીરથી ગુજરાતની સરહદ પર ચીન એરપોર્ટ બનાવીને ઘેરવાની તૈયારી કરી રહ્યું છે. ચીની સૈનિકો માટે ભારતીય સરહદ નજીક બે એરપોર્ટ બનાવી દેવામાં આવ્યા છે, જ્યારે વધુ બે એરપોર્ટ બનાવવામાં આવી રહ્યા છે. ભારતની સરહદ નજીક પાકિસ્તાનને બંકર બનાવવામાં પણ ચીન મદદ કરી રહ્યું છે. હકીકતમાં ચીને પાકિસ્તાન તરફથી ભારતની સરહદ પર હજારો કરોડોનું રોકાણ કરી નાંખ્યું છે, જેના માટે ચીને પોતાની આર્મી પણ સુરક્ષા માટે ગોઠવી છે.

ગુજરાત સરહદ નજીક પાકિસ્તાની એરબેઝ પર ચીન એરફોર્સ સક્રિય થયું હોવાની ગુપ્તચર તંત્રને માહિતી મળી છે. આ વિસ્તાર ભુજ સરહદથી માત્ર ૨૦ કિ.મી. દૂર છે. રાજસ્થાનની જૈસલમેરના ઘોટારૂ સરહદની બરાબર સામે ૨૫ કિલોમીટરના અંતરે કદનવાલીના ખેરપુરમાં એરબેસ તૈયાર કરી નાંખવામાં આવ્યું છે. અહીં થોડા મહિનામાં ચીની સૈનિકોની હાજરી વધી ગઈ છે. પાકિસ્તાને આ એરબેઝ પર મિગ-૨૧ સમક્ષ ચીન તરફથી મળેલા ચેંગૂડ જે -૭ ફાઈટર એરક્રાફ્ટ, જેએફ -૧૭ ફાઈટર એરક્રાફ્ટ, વાય -૮ રડાર જેવા અદ્યતન એરક્રાફ્ટ ઉતરતા રહે છે. ગુજરાત સાથેની સમુદ્રી સરહદ પર આર્થિક ગતિવિધિ વધુ હોવાથી પણ અહીં ચીનની નજર છે. છેલ્લાં વીસ વર્ષથી જવાહર શાહ, શામગઢ, બિલાલી ઘાટ અને હારુ સિવાય ગુજરાતના ક્રિક સાથેની સરહદે સુઈ ગેસ ફિલ્ડમાં ચીની કંપનીઓ સક્રિય છે. પશ્ચિમી સરહદે તેલ અને ગેસની શોધખોળ સાથે ગ્વાદર બંદર તરફ જતા ઈકોનોમિક કોરિડોરને કનેક્ટ કરવા માટે પણ ચીને એરબેઝ તૈયાર કર્યા છે. તેમાં ખેરપુર જિલ્લાના કાદનવાલી એરબેઝ પણ સામેલ છે, જે ગુજરાતની ભુજ સરહદ સામે છે. આ સાથે પાકિસ્તાનના ખોખરાપાર, હૈદરાબાદ અને મીઠી ક્ષેત્ર સહિત ચાર સ્થળે પણ ચીને ખાનગી એરબેઝ તૈયાર કર્યા છે. આ તમામ એરબેઝ ચીની કંપનીઓના અધિકારીઓ અને એન્જિનિયરો માટે તૈયાર કરાયા છે.

### ભારત-ચીન વ્યાપાર નીતિને સરકાર જાહેર કરે : સુપ્રીમમાં માગ

સરહદે ચીન સાથે વિવાદ વચ્ચે સુપ્રીમ કોર્ટમાં એક અરજી થઇ હતી. આ અરજીમાં એવી માગણી કરવામાં આવી હતી કે સુપ્રીમ કોર્ટ કેન્દ્ર સરકારને ચીન સાથેની વ્યાપાર નીતિને જાહેર કરવાનો આદેશ આપે. અરજદારની માગણી છે કે ચીન અને ભારત વચ્ચે જે પણ વ્યાપાર નીતિ હોય તેની જાણકારી લોકો સુધી પહોંચવી જોઇએ. આ અરજીમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે એક સરકારી અને એક ખાનગી કંપનીએ એમઓયુ પર સહી કરી છે. આ એમઓયુ ચીની કંપનીઓ સાથે વ્યાપાર કરવા માટે થયા હતા. મીડિયા રિપોર્ટના આધારે અરજદારે આ દલીલો સુપ્રીમ કોર્ટમાં કરી હતી. જમ્મુ કાશમીરના સુપ્રીયા પંડિતા નામના વકીલે આ અરજી કરી હતી.

## ભારતની ડિજિટલ સ્ટ્રાઇક : ટિકટોક સહિત ૫૯ ચાઇનીઝ એપ પર પ્રતિબંધ

નવી દિલ્હી : ચીન સાથે સરહદે તંગદિલીને પગલે ભારત સરકારે સોમવારે ચીન પર ડિજિટલ સ્ટ્રાઈક કરી હતી. કેન્દ્ર મોદી સરકારે ચીનની ટિકટોક સહિત ૫૯ ચાઈનીઝ એપ પર પ્રતિબંધ લાદવાનો મહત્ત્વનો નિર્ણય લીધો હતો. ભારતની સુરક્ષા એજન્સીઓએ ચાઈનીઝ એપની એક યાદી તૈયાર કરીને કેન્દ્ર સરકારને સોંપી હતી અને આ બધી એપ્લિકેશન્સ પર પ્રતિબંધ મૂકવા ભલામણ કરી હતી. લોકોને તેમનાં મોબાઈલમાંથી આ બધી એપ હટાવવા અનુરોધ કરાયો હતો. ચીન ગમે ત્યારે ભારતીય ડેટા હેક કરી શકે છે તેવી આશંકા દર્શાવીને ચાઈનીઝ એપ પર બેન લગાવવા કહેવાયું હતું. ભારતે અણધાર્યું પગલું ભરીને ચીનને સ્પષ્ટ સંકેતો આપ્યા હતા કે ભારત કોઈપણ સંજોગોમાં ચીન સામે ઝૂકવા તૈયાર નથી. ચીનની ઘૂસણખોરી પછી આખા દેશમાં ચાઈનીઝ ચીજોનો બહિષ્કાર કરવા અને ચાઈનીઝ એપ પર પ્રતિબંધ મૂકવાની માગણી બુલંદ બની હતી. સરકારે મહત્ત્વનો નિર્ણય લઈને લોકોના અવાજનો પડઘો પાડયો છે.

### કઈ કઈ ચાઇનીઝ એપ હવે ભારતના ફોનમાં નહીં દેખાય

૧. ટિકટોક ૨. શેર ઇટ ૩. ક્વાઇ ૪. યુસી બ્રાઉઝર ૫. બાઇદુ મેપ ૬. શીન ૭. ક્લેશ ઓફ કિંગ્સ ૮. ડીયુ બેટરી સેવર ૯. હેલો ૧૦. લાઈકી ૧૧. યુકેમ મેકઅપ ૧૨. એમઆઈ કોમ્યુનિટી ૧૩. સીએમ બ્રાઉઝર ૧૪. વાઇરસ ક્લિનર ૧૫. એપીયુએસ બ્રાઉઝર ૧૬. રોમવી ૧૭. ક્લબ ફેક્ટરી ૧૮. ન્યૂઝડોગ ૧૯. બ્યૂટ્રી પ્લસ ૨૦. વીચેટ ૨૧. યુસી ન્યૂઝ ૨૨. ક્યૂ.ક્યૂ મેઇલ ૨૩. વેઈબો ૨૪. ઝેન્ડર ૨૫. ક્યૂ.ક્યૂ મ્યુઝિક ૨૬. ક્યૂ.ક્યૂ ન્યૂઝફીડ ૨૭. બિગો લાઇવ ૨૮. સેલ્ફીસિટી ૨૯. મેઇલ માસ્ટર ૩૦. પેરેલલ સ્પેસ ૩૧. એમ.આઈ વીડિયો કોલ-ઝીઓમી ૩૨. વીસીન્ક ૩૩. ઈએસ ફાઇલ એક્સપ્લોરર ૩૪. વીવા વીડિયો-ક્યૂ યૂ વીડિયો ઈન્ક ૩૫. મેઇતુ ૩૬. વીગો વીડિયો ૩૭. ન્યૂ વીડિયો સ્ટેટસ ૩૮. ડીયુ રેકોર્ડર ૩૯. વોલ્ટ-હાઈડ ૪૦. કેચ ક્લિનર ડીયુ એપ સ્ટુડિયો ૪૧. ડીયુ ક્લિનર ૪૨. ડીયુ બ્રાઉઝર ૪૩. હેગો પ્લે વિથ ન્યૂ ફ્રેન્ડ્ઝ ૪૪. કેમ સ્કેનર ૪૫. ક્લિન માસ્ટર-ચિતા મોબાઇલ ૪૬. વંડર કેમેરા ૪૭. ફોટો વંડર ૪૮. ક્યૂ.ક્યૂ પ્લેયર ૪૯. વી મીટ ૫૦. સ્વીટ સેલ્ફી ૫૧. બૈદુ ટ્રાન્સલેટ ૫૨. વીમેટ ૫૩. ક્યૂ.ક્યૂ ઇન્ટરનેશનલ ૫૪. ક્યૂ.ક્યૂ સિક્યોરિટી સેન્ટર ૫૫. ક્યૂ.ક્યૂ. લોન્ચર ૫૬. યૂ વીડિયો ૫૭. વી ફ્લાય સ્ટેટસ વીડિયો ૫૮. મોબાઇલ લેજન્ડ્સ ૫૯. ડીયુ પ્રાઇવસી

**વાયરસનો ભારે કહેર**

# વિશ્વમાં એક જ દિવસમાં કોરોનાના ૧૮૯૦૭૭ કેસ નોંધાતા હાહાકાર

## કોરોના સંક્રમિતોની સંખ્યા ૧,૦૨,૯૪,૪૦૯ થઈ, કુલ મૃતાંક ૫૨૧,૮૧૪

ન્યૂયોર્ક : કોરોનાનાં કાળચક્રમાં ફસાયેલા દેશોનાં ગંભીર પ્રયાસો છતાં કોરોનાનાં એનાકોન્ડાએ ફૂંફાડા મારવાનું ચાલુ રાખ્યું છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનનાં આખા વિશ્વમાં ૨૪ કલાક એટલે બુધવારે કોરોનાનાં ૧,૮૯,૦૭૭ કેસ નોંધાયાનાં અહેવાલથી હડકંપ મચ્યો છે.

૨૪ કલાકમાં વિશ્વમાં ૪૬૧૨નાં મોત થયા છે. અગાઉ ગયા અઠવાડીયાની શરૂઆતમાં એક જ દિવસમાં ૧,૮૩,૦૦૦ કેસ નોંધાયા હતા જેનો વિક્રમ રવિવારે તૂટયો છે. ૨૪ કલાકમાં સૌથી વધુ કેસ નોંધાવાનાં સંદર્ભમાં ૪૬,૮૦૦ કેસ સાથે બ્રાઝિલ પહેલા નંબરે છે તે પછી ૪૪,૪૦૦ કેસ સાથે અમેરિકા બીજા નંબરે અને ૨૦,૦૦૦ જેટલા કેસ સાથે ભારત ત્રીજા નંબરે છે. જો કે સૌથી વધુ કેસનાં સંદર્ભમાં ૨૪,૫૦,૦૦૦ કરતા વધુ કેસ સાથે અમેરિકા પહેલા ક્રમે છે. બ્રાઝિલ કરતા ત્યાં કેસની સંખ્યા બમણી છે. આરોગ્ય સંસ્થાએ ફરી એકવાર સમગ્ર વિશ્વને કોરોના સામે સાવધ રહેવા ચેતવણી ઉચ્ચારી છે. દુનિયામાં કોરોનાથી મૃત્યુઆંક ૫,૦૫, ૪૬૮ થયો છે. જ્યારે કોરોના સંક્રમિતોની સંખ્યા ૧,૦૨,૯૪,૪૦૯ થઈ છે. જો કે સારવાર પછી ૫૫,૮૬,૮૩૯ લોકો સાજા થયા છે. જ્યારે ૪૨,૦૨,૧૦૨ કેસ એક્ટિવ છે.



### મેલબોર્ન શહેરમાં ફરી વાર લોકડાઉન

ચેપના વધી રહેલા કેસોને ધ્યાનમાં લેતા ઓસ્ટ્રેલિયાના બીજા સૌથી મોટા શહેર મેલબોર્નમાં ફરી વાર લોકડાઉન કરી દેવાયું છે. અહીંના લગભગ ૩.૨૦ લાખ લોકોને ઘરમાં રહેવાની સલાહ આપવામાં આવી છે. બુધવારે રાતથી લોકડાઉન અમલી બન્યું છે. મેલબોર્નમાં ચાર અઠવાડિયાનું લોકડાઉન કરવામાં આવ્યું છે તથા શહેરમાં જનારી તમામ ફલાઈટ્સને પણ રદ કરી નાખવામાં આવી છે અને લોકોને પોતાનો સમય ઘરમાં પસાર કરવાની ખાસ તાકીદ કરવામાં આવી છે. યુએસ બાદ મેક્સિકોમાં એક જ દિવસમાં ૬૯૮ લોકોનાં મોત થયાં છે. મેક્સિકો માટે આ આંકડો ઘણા વધારે કહી શકાય.અમેરિકી સરકારના એક ટોચના નિષ્ણાતે એવી ચેતવણી આપી છે કે જો અમેરિકા અસરકારક પગલાં ભરવામાં નિષ્ફળ રહ્યું તો પરિસ્થિતિ હજુ પણ વણસી શકે છે. તેમણે કહ્યું કે રસીની કોઈ ગેરંટી નથી. અમેરિકાએ અસરકારક પગલાં ભરવા પડશે.

### કોરોના રોગચાળોનો સૌથી ખરાબ તબક્કો આવવાનો બાકી છે : ડબ્લ્યુએચઓ

દુનિયાભરમાં કોરોના વાયરસના વધતા ચેપને લઇને વિશ્વ આરોગ્ય સંગઠન(ડબ્લ્યુએચઓ)એ ચેતવણી આપી છે કે રોગચાળોનો સૌથી ખરાબ તબક્કો આવવાનો બાકી છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનના ચીફ, ટેડ્રોસ એડહનોમ ગિબ્રયેસોસએ કહ્યું છે કે જો વિશ્વભરની સરકારો યોગ્ય નીતિઓનું પાલન નહીં કરે તો તે વાયરસ વધુ લોકોને સંક્રમિત કરી શકે છે. થોડા દિવસો પહેલા જ ડબ્લ્યુએચઓ વડાએ વિશ્વભરના નેતાઓને રાજકારણ ન કરવા ચેતવણી આપી હતી. સોમવારે એક વર્ચુઅલ મીટિંગ દરમિયાન તેમણે જણાવ્યું હતું કે આપણે બધા ઇચ્છીએ છીએ કે કોરોના વાયરસને વહેલી તકે નાબૂદ કરવામાં આવે. આપણે બધાં આપણા સામાન્ય દિવસની જિંદગી પર પાછા ફરવા માંગીએ છીએ, પરંતુ કડવી સત્ય એ છે કે આપણે આ રોગચાળાના અંતથી હજી ઘણા દૂર છે. તેમણે ચેતવણી આપી હતી કે વૈશ્વિક સ્તરે ફાટી નીકળેલા રોગચાળાની ગતિ ઝડપથી વધી રહી છે.

### વિવિધ દેશોમાં કોરોનાના સંક્રમિત કેસો



રશિયા (૬,૪૧,૧૫૬), ત્યાર બાદ ભારત (૫,૬૭,૫૩૬), બ્રિટન (૩,૧૧,૯૬૫), સ્પેન (૨,૯૬,૦૫૦), પેરૂ (૨,૮૨,૩૬૫), ચિલી (૨,૭૫,૯૯૯), ઈટાલી (૨,૪૦,૪૩૬), ઈરાન (૨,૨૫,૨૦૫), મેક્સિકો (૨,૧૬,૮૫૨), પાકિસ્તાન (૨,૦૬,૫૧૨), તુર્કી (૧,૯૮,૬૧૩), જર્મની (૧,૯૫,૩૯૨), સાઉદી અરેબિયા (૧,૮૬,૪૩૬), ફ્રાંસ (૧,૬૪,૨૬૦), દક્ષિણ આફ્રિકા (૧,૪૪,૨૬૪), બાંગ્લાદેશ (૧,૪૧,૮૦૧), કેનેડા (૧,૦૩,૯૧૮)નો સમાવેશ થાય છે. આ સાથે જ ૧૦,૦૦૦થી વધારે મૃતકઆંક ધરાવતા દેશ બ્રિટન (૪૩,૫૭૫), ઈટાલી (૩૪,૭૪૪), ફ્રાંસ (૨૯,૮૧૩), સ્પેન (૨૮,૩૪૬), મેક્સિકો (૨૬,૬૪૮), ભારત (૧૬,૯૦૪) અને ઈરાન (૧૦,૬૭૦) છે.

### માનવો પર કોરોનાની દવા સફળ : યુએસ કંપનીનો દાવો

કોરોના વાઇરસની દવા શોધવા માટે વૈજ્ઞાનિકો દિવસ-રાત કામકાજ કરી રહ્યાં છે. ઘણા દેશોના વૈજ્ઞાનિકોએ કોરોનાની દવા હોવાનો દાવો પણ કરી નાખ્યો છે પરંતુ હજુ સુધી વિશ્વ આરોગ્ય સંગઠને તેની પુષ્ટિ કરી નથી. આ દરમિયાન અમેરિકી બાયોટેક કંપની ઇનોવિયોએ એવો દાવો કર્યો છે કે કોરોના વાઇરસની રસીના પરીક્ષણ દરમિયાન સારું પરિણામ મળ્યું છે અમારું પરીક્ષણ ૯૦ ટકા જેટલું સફળ રહ્યું છે.

### ૧૦૪ વર્ષમાં આવી મહામારી જોઈ નથી : ઈરાનનાં રાષ્ટ્રપતિ

ઈરાનનાં રાષ્ટ્રપતિ હસન રૂહાનીએ કહ્યું હતું કે છેલ્લા ૧૦૪ વર્ષમાં આ પ્રકારની જીવલેણ મહામારી ક્યારેય જોઈ નથી. કોરોના, અમેરિકાનાં પ્રતિબંધોને કારણે દેશનાં ઈતિહાસમાં આ વર્ષ સૌથી ખરાબ રહ્યું છે. ઈરાનમાં ૨.૨૦ લાખથી વધુ લોકો કોરોના પ્રભાવિત છે.

### ચીનના બીફ-મટન માર્કેટમાં વાયરસ મળ્યો

બેઈજિંગ : ચીનના વુહાન શહેરની માટ માર્કેટમાંથી ફેલાયેલા કોરોના વાયરસે વિશ્વમાં હાહાકાર મચાવ્યો છે. બેઇજિંગમાં પણ છેલ્લા ૨૪ કલાકમાં કોરોના સંક્રમણના ૨૫ કેસ સામે આવ્યા છે. આ સાથે જ બે કરોડની વસ્તી ધરાવતા આ શહેરમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૩૧૧ થઇ છે.ચીનમાં કોરોના વાયરસ પર કાબુ મેળવી લેવાનો દાવો કરવામાં આવે છે.

### પાક.માં કેસ વધીને ૨ લાખને પાર, ૪ હજારથી વધુનાં મોત

પાકિસ્તાનમાં કોરોના વાયરસના કેસની સંખ્યા વધીને ૨૦૧,૪૧૪ પર પહોંચી ગઈ છે. પાકિસ્તાનમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કારણે કુલ ૪,૦૯૮ લોકોના મોત થયા છે. પાકિસ્તાનના એક ન્યૂઝ રિપોર્ટના જણાવ્યા અનુસાર ત્યાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૩,૭૦૯ કેસ નોંધાયા છે અને કુલ ૯૪ લોકોના મોત થયા છે. ત્યાં એક સંશોધનમાં એવું પણ જાણવા મળ્યું છે કે પાકિસ્તાનમાં નવા કેસની સંખ્યા એક દિવસમાં ૭,૦૦૦થી ઘટીને ૪,૦૦૦ થઈ ગઈ છે.

# રિએક્શન : યુએસના વિઝા પર ચીને લાદયો પ્રતિબંધ

બેઈજિંગ : હોંગકોંગના મુદ્દે અમેરિકાની પ્રતિક્રિયામાં ચીને પણ અમેરિકાથી આવનારા લોકોના વિઝા પર પ્રતિબંધ લગાવી દેવાનો નિર્ણય કર્યો છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ સોમવારે કહ્યુ કે ચીને અમેરિકાના કર્મચારીઓ પર વિઝા પર પ્રતિબંધ લગાવવાનો નિર્ણય કર્યો છે. ચીની વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યુ કે અમેરિકા તરફથી હોંગકોંગ સંબંધિત મુદ્દા પર ખરાબ વર્તન કર્યા બાદ આ નિર્ણય લેવાયો છે. અગાઉ અમેરિકાએ ચીની લોકોના વિઝા પર પ્રતિબંધ લગાવવાનો નિર્ણય કર્યો હતો.

અગાઉ અમેરિકાના વિદેશ મંત્રી માઈક પોમ્પિયોએ ચીની અધિકારીના વિઝા પર પ્રતિબંધ મૂકી દીધો હતો. હોંગકોંગની સ્વતંત્રતા જોખમમાં મૂકનારા ચીની સરકારના અધિકારીઓને હવે અમેરિકામાં એન્ટ્રી અપાશે નહીં. એમાં અત્યારે કાર્યરત અધિકારીઓ ઉપરાંત પૂર્વ અધિકારીઓનો પણ સમાવેશ થાય છે. હોંગકોંગમાં ચીની સરકારના ઈશારે વિવિધ બિલ પસાર કરીને લોકોની સ્વતંત્રતા જોખમમાં મૂકી દેવામાં આવી છે. અમેરિકાએ ચીનના આ પગલાંનો સતત વિરોધ કર્યો હતો. ચીન પ્રેરિત હોંગકોંગ કોંગ્રેસે એવું બિલ પસાર કર્યુ હતું કે હોંગકોંગમાં ચીનનો વિરોધ કરનારને આતંકવાદી જાહેર કરાશે. એ પછી અમેરિકાએ એ બિલ પાછળ અને હોંગકોંગની વર્તમાન સ્થિતિ પાછળ જવાબદાર અધિકારીઓ સામે પગલાં ભર્યા છે.

## ચીની એપ્સ પ્રતિબંધ મુદ્દે ભારતને અમેરિકાનું સમર્થન

ચીનના ૫૯ એપ્સને પ્રતિબંધિત કરવાના ભારત સરકારના નિર્ણયને અમેરિકાનો ટેકો મળ્યો છે. અમેરિકાએ ભારતની આ કાર્યવાહીની પ્રશંસા કરી છે. અમેરિકી વિદેશપ્રધાન માઈક પોમ્પિયોએ જણાવ્યું કે આ પગલું ભારતની અખંડિતતા, અને રાષ્ટ્રીય સુરક્ષા મજબૂત કરવા માટે જરૂરી છે. એક સ્ટેટમેન્ટ જારી કરતા પોમ્પિયોએ કહ્યું કે ચાઈનીઝ કમ્યુનિસ્ટ પાર્ટીના સર્વેલન્સ સ્ટેટ તરીકે કામ કરનાર કેટલાક નિશ્ચિત મોબાઈલ એપ્સ પર ભારતના પ્રતિબંધનું અમે સ્વાગત કરી છીએ. ભારતનો ક્લિન એપ એપ્રોચ તેની સાર્વભોમત્વતા, એકતા અને રાષ્ટ્રીય સુરક્ષાને મજબૂત બનાવશે. આ પહેલા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ કહ્યું હતું કે કોરોના મહામારીના યુગમાં આજે લોકો વધારેમાં વધારે ચીન પર ગુસ્સે થઈ રહ્યાં છે.

### અમેરિકામાં પણ ટિકટોક પર પ્રતિબંધ લાવવાની માગણી કરાઈ

અમેરિકાના સાંસદો કહી રહ્યા છે કે ટિકટોક જેવી એપ્લિકેશન દ્વારા દેશની સુરક્ષાને લઈ ગંભીર ખતરો ઊભો થઈ શકે છે. રિપબ્લિકન પાર્ટીનાં સીનેટર જોન કૌનિને ટ્વિટ કરીને કહ્યું કે 'લોહિયાળ ઝડપ બાદ ભારતે ચીની એપ્લિકેશન ટિકટોક સહિત અન્ય એપ્લિકેશન્સ પર પ્રતિબંધ લગાવી દીધો છે.' જ્યારે રિપબ્લિકન પાર્ટીના જ અન્ય સાંસદ રિક ક્રોફોર્ડે કહ્યુ કે, 'ટિકટોક જેવી એપ્લિકેશનને બંધ જ કરવી જોઈએ તેના પર તો પહેલાથી પ્રતિબંધ લગાવી દેવો જોઈતો હતો.'

### ચીનમાંથી અમેરિકા પહોંચેલો બ્યૂટી પ્રોડક્ટનો જથ્થો જપ્ત

ન્યૂયોર્ક : ચીનના વિવિધ દમનકારી કેમ્પમાં કેદીઓ પાસે તૈયાર કરાવાયેલી બ્યૂટી પ્રોડક્ટ્સનો મોટો જથ્થો અમેરિકામાં પહોંચ્યો હતો. અમેરિકાના કસ્ટમ વિભાગે આઠ લાખ ડોલરનો આ ૧૩ ટન જથ્થો જપ્ત કરી લીધો હતો. આ ઉપરાંત અમેરિકન એજન્સી ધ ફેડરલ કોમ્યુનિકેશન્સ કમિશન (એફસીસી)ના એક નિવેદનમાં કહેવાયું હતું કે અમેરિકાના મોબાઈલ નેટવર્કને સુરક્ષિત કરવાના ભાગરૂપે ચીની કંપનીઓ હુઆવેઈ અને ઝેડટીએફ પર પ્રતિબંધ મૂકાયો છે.

### ઓસ્ટ્રેલિયાએ ચીન વિરોધી સૂર ઉચ્ચાર્યા

અમેરિકા અને ચીન વચ્ચે જગજાહેર ચાલતા વિરોધાભાસને સૌ જાણે છે. હવે આ હરોળમાં ઓસ્ટ્રેલિયા પણ આવી ગયું છે. તેને ચીન વિરોધી સૂર ઉચ્ચાર્યા છે. ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાન સ્કોટ મોરિસને ચીન ઉપર દબાણ વધારવા માટે કામગીરી હાથ ધરવા આદેશ આપ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, આગામી સમયમાં તેઓ દેશના સંરક્ષણ બજેટમાં ૪૦ ટકાનો વધારો કરશે અને હિંદ-પ્રશાંત ક્ષેત્ર માટે લાંબી મારક ક્ષમતાવાળા હથિયારોની ખરીદી ઉપર ભાર મૂકશે. તે જમીન, પાણી અને હવામાં લાંબા અંતરના લક્ષ્યને ભેદી શકે તેવા હથિયારો ખરીદશે.

# મ્યાનમારમાં જેમ સ્ટોનની ખાણ ધસી પડતાં ૧૬૨નાં મોત

**• ૨૦ લોકો ઈજાગ્રસ્ત જ્યારે ૨૦૦થી વધુ લોકો લાપતા**

યાંગોન : ઉત્તર મ્યાનમારમાં અતિભારે વરસાદના કારણે જેમ સ્ટોનની ખાણમાં ભૂસ્ખલન થતાં ૧૬૨ ખાણિયાનાં કરુણ મોત થયાં હતાં. મ્યાનમાર ફાયર સર્વિસ ડિપાર્ટમેન્ટે એક ફેસબુક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ચીનની સરહદ નજીક આવેલા કાચીન સ્ટેટમાં ભારે વરસાદના કારણે જેમસ્ટોનની ખાણમાં પુષ્કળ પ્રમાણમાં કાદવ ધસી ગયો હતો. જેમાં મોટી સંખ્યામાં ખાણિયા જીવતાં જ દટાઈ ગયાં હતાં. અકસ્માતની જાણ થતાં જ રાહત અને બચાવ કાર્ય શરૂ કરાયું હતું. અત્સ્થાનિક પોલીસે જણાવ્યું હતું કે, વરસાદ દરમિયાન જેમ સ્ટોનની ખુલ્લી ખાણોમાં કામ નહીં કરવાની ચેતવણી અપાઈ હોવા છતાં આ ખાણિયા તેમાં કામ કરી રહ્યાં હતાં. ૨૦ ઈજાગ્રસ્ત ખાણિયાને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે. આ વિસ્તારમાં થઈ રહેલા ભારે વરસાદના કારણે સર્ચ અને રેસ્ક્યૂ ઓપરેશન અટકાવી દેવામાં આવ્યું છે. પકાન્ત શહેર નજીકની પર્વતમાળામાં જેમસ્ટોન મેળવવા માટે આ વિસ્તારમાં મોટાપાયે ખોદકામ ચાલતું હોવાથી જમીનની પક્કડ ઢીલી પડી ગઈ છે. આવી જ એક સાંકડી ખીણમાં ખાણિયા ખોદકામ કરી રહ્યાં હતાં ત્યારે કાદવનો મોટો જથ્થો તેમના પર ધસી આવ્યો હતો અને મોટી સંખ્યામાં ખાણ કર્મચારીઓ દટાઈ ગયાં હતાં. તાર લિન માઉંગ નામના સ્થાનિક માહિતી અધિકારીએ જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં રાહત અને બચાવ ટુકડીઓને ૧૬૨ મૃતદેહ મળી આવ્યાં છે. હજુ કાદવમાં મૃતદેહ દટાયેલાં હોવાથી મૃતાંક વધી શકે છે. ફ્રીલાન્સ ખાણિયા હોવાથી તેમના પરિવારોને સરકાર દ્વારા કોઈ વળતર નહીં મળે. આ વિસ્તારમાં ખાણિયા તરીકે કામ કરતા માઉંગ ખાઈંગે જણાવ્યું હતું કે, મેં પર્વતનો એક મોટો ટુકડો તૂટી પડે તેવી સ્થિતિમાં જોયો હતો. મારા મોબાઈલ ફોન દ્વારા તેની તસવીર લેવા જાઉં તે પહેલાં જ લોકો બૂમો પાડવા લાગ્યા હતા કે દોડો દોડો. એક જ મિનિટમાં ખીણમાં રહેલાં તમામ લોકો કાદવમાં અદૃશ્ય થઈ ગયાં હતાં.



# ઈરાનના તહેરાનના દવાખાનામાં ગેસલીકેજથી બ્લાસ્ટ : ૧૯નાં મોત

તહેરાન : ઉત્તર તહેરાનના એક દવાખાનામાં ગેસ લીકેજના પગલે થયેલા ધડાકામાં ૧૯ લોકોના મોત થયા છે. અગાઉ ૧૩ લોકોના મોતના અહેવાલ હતા.

ઈરાનની સરકારી સમાચાર સંસ્થા ઈરનાએ તહેરાન અગ્નિશમન સેવાના પ્રવકતા જલાલ માલેકીને ટાંકીને કહ્યું કે મૃતકોમાં ૧૫ મહિલા અને ચાર પુરૂષોનો સમાવેશ થાય છે. અગ્નિ શમનના કર્મચારીઓએ ૨૦ લોકોને બચાવ્યા છે. દુર્ઘટનાના ઓનલાઈન વીડિયોમાં એકથી વધુ વિસ્ફોટ થયા પછી જવાળાઓમાંથી કાળા ધુમાડા નીકળતા જણાઈ રહ્યા હતા. તહેરાનના નાયબ ગવર્નર હામિદ્રેઝા ગૌદારઝિએ સરકારી ટીવીને જણાવ્યું કે દુર્ઘટનાગ્રસ્ત ઈમારતમાં રહેલી મેડિકલ ગેસની ટેન્કમાંથી ગેસ વછૂટતા વિસ્ફોટ થયા હતા અને આગ લાગી હતી. નજીકના તાજરિશ બજારમાં ઉપસ્થિત લોકો દુર્ઘટના સ્થળે દોડી જતા બચાવ કામગીરીમાં અવરોધ ઉભો થયો હતો. દવાખાનામાં અનેક બધી ઓક્સિજન-ટેન્ક હોવાથી વધુ વિસ્ફોટ થઈ શકે એમ હતા.

# ચીનમાં મોટા ગોલ્ડ ફ્રોડનો પર્દાફાશ: ૨.૮ બિલિયન ડોલરની લોન લેવા કરી ઠગાઈ

બેઈજિંગ : આધુનિક ઈતિહાસમાં ચીનમાં સોનાનું એક મહા કૌભાંડ બહાર આવ્યું છે. મધ્ય ચીનના હુબેઈ પ્રાંતમાં આવેલી પ્રાઈવેટ સેક્ટરની સૌથી મોટી ગોલ્ડ પ્રોસેસર કંપની હ્નછજીફ્રછઊ લિસ્ટેડ કિંગગોલ્ડ જ્વેલરી પર સોનાની નકલી પાટો(ગોલ્ડ બાર્સ) જમા કરાવીને ૨૦ બિલિયન યુઆન (૨.૮ બિલિયન ડોલર) ની લોન લેવાનો આરોપ લાગ્યો છે. દેશનો ૪ ટકા સોનાનો ભંડાર નકલી હોવાનું પણ અનુમાન છે. કિંગગોલ્ડ જ્વેલરીએ છેલ્લા પાંચ વર્ષમાં ૧૪ ફાઈનાન્શિયલ ઈન્સ્ટિટયૂશન પાસેથી આ લોન મેળવી હતી.



લોન લેવા માટે ૮૩ ટન સોનાની પાટો ગીરવે મૂકવામાં આવી હતી પરંતુ પાછળથી આ સોનાની પાટો ગિલ્ડેડ કોપર હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. રિપોર્ટ અનુસાર લેવામાં આવેલી લોનમાં ચાઈનીઝ ઈન્સોરન્સ કંપની પીઆઈસીસી પ્રોપર્ટી એન્ડ કેઝ્યુઅલ્ટી કંપની લિમિટેડ તથા બીજી વીમા કંપનીઓ દ્વારા જારી ૩૦ મિલિયન યુઆનની પ્રોપર્ટી વીમા પોલિસીઓ પણ સામેલ છે. ચાલુ વર્ષના ફેબ્રુઆરીમાં આ કૌભાંડ પ્રકાશમાં આવ્યું કે જ્યારે કિંગગોલ્ડ કંપની ડોંગગુઆન ટ્રસ્ટ કંપનીની લોન ભરપાઈ કરવામાં કસૂરવાર સાબિત થઈ હતી.

# પાક.માં હુમલા મુદ્દે UNમાં અમેરિકા સહિતના અનેક દેશો ભારતની પડખે

**• યુએનમાં પ્રસ્તાવ મુકાતાં પહેલા પાક પીએમ ઈમરાનખાને હુમલા માટે ભારતને જવાબદાર ઠેરવીને બદનામ કર્યું હતું**

યુએન : યુનાઈટેડ નેશન્સમાં પણ ભારત અને ચીન વચ્ચેનો ટકરાવ એકદમ વધી ગયો છે. ચીન સાથે પાકિસ્તાન ભારતની વિરુદ્ધમાં છે જ્યારે અમેરિકા અને અન્ય દેશો ભારતની મદદે આવ્યા છે. વિગતો પ્રમાણે પાકિસ્તાનના કરાંચી સ્ટોક એક્સચેન્જ પર થયેલા આતંકી હુમલા બાદ પાકિસ્તાન તરફથી તેના મિત્ર ચીને સંયુક્ત રાષ્ટ્રમાં તેને વખોડવા માટેનો પ્રસ્તાવ મુક્યો હતો. જેના પર નિવેદન આપવાનું હતું. જોકે અમેરિકાએ દરમિયાનગીરી કરીને ચીનના નિવેદનને પ્રાયોજિત ગણાવ્યું હતું અને તરત તેને પાસ કરવા પર રોક લગાવી હતી. આ પહેલાં જર્મનીએ પણ ચીનના આ પ્રસ્તાવને અટકાવી રાખ્યો હતો. પાકિસ્તાને સ્ટોક એક્સચેન્જ પરના આતંકી હુમલા માટે ભારતને દોષી ગણાવ્યું હતું. જોકે, ચીન આ મુદ્દે જે નિવેદન પસાર કરાવવા માંગતુ હતું તેમાં ભારતનો તો ઉલ્લેખ નથી ને તે વાત અમેરિકા અને જર્મની ચકાસવા માંગતા હતા એટલે અમેરિકાએ આ નિવેદન પસાર કરતા પહેલાં તેને વાંચવા માટે સમય માંગ્યો હતો. યુએનમાં પ્રસ્તાવ મુકાતાં પહેલા પાક પીએમ ઈમરાનખાને હુમલા માટે ભારતને જવાબદાર ઠેરવીને ભારતને આંતરરાષ્ટ્રિય સ્તરે બદનામ કરવાની ચાલ ચાલી હતી. જોકે અમેરિકા અને જર્મનીએ ભારત સામે ચીન અને પાકિસ્તાનના પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા હતા. ચીન તરફથી સાયલન્ટ પ્રોસિજરના ભાગરુપે હુમલાને વખોડતું નિવેદન પાસ કરવાનો પ્રસ્તાવ મુકાયો હતો. આ પ્રોસિજરમાં અન્ય કોઈ દેશ વિરોધ નહી કરે તેવું મનાતું હોય છે પણ સૌથી પહેલા જર્મનીએ હસ્તક્ષેપ કર્યો હતો અને પ્રસ્તાવ પર વિચાર કરવા માટે સમય માંગ્યો હતો.

# બ્રિટન ખાતે સૌથી ધનિક ભારતીય લક્ષ્મી મિત્તલના ભાઈ નાદાર જાહેર

**• બોસ્નિયાની કંપનીના કેસમાં પ્રમોદ મિત્તલ ૧૬ કરોડ ડોલરનું દેવું ચૂકવી ન શકયા**

લંડન : વિશ્વની સૌથી મોટી સ્ટીલ નિર્માતા કંપની આર્સેલર મિત્તલના માલિક લક્ષ્મી મિત્તલના ભાઈ પ્રમોદ મિત્તલને નાદાર જાહેર કરવામાં આવ્યા છે. પ્રમોદ મિત્તલે ૨૦૧૩માં પોતાની પુત્રીના લગ્નમાં ૮.૨ કરોડ ડોલર(અંદાજે ૫૦૦ કરોડ રૂપિયા)નો ખર્ચ કર્યો હતો. આ લગ્ન ત્રણ દિવસ સુધી ચાલ્યા હતાં. જો કે આજે તેઓ ૧૬ કરોડ ડોલરનું દેવું ચૂકવી ન શકતા તેમને નાદાર જાહેર કરવામાં આવ્યા છે. આ સમગ્ર દેશ બોસ્નિયાની કંપની સાથે જોડાયેલો છે. ૬૪ વર્ષીય પ્રમોદ અનેક લોનની અવેજમાં ગેરંટર હતાં. જો કે છેતરપિંડીના કેસમાં ફસાયા પછી તે પોતાનું દેવું ચૂકવી શક્યા ન હતાં. સૂત્રોના જણાવ્યા અનુસાર પિતાની મિલકત અંગે લક્ષ્મી મિત્તલ અને પ્રમોદ મિત્તલ વચ્ચે વિવાદ ચાલતો હતો. લક્ષ્મી મિત્તલ પ્રમોદને જામીન અપાવવામાં કે તેમનું દેવું ચુકવવામાં મદદ કરી રહ્યાં નથી. જો કે લક્ષ્મી મિત્તલે ભૂતકાળમાં પોતાના ભાઈ પ્રમોદની અનેક વખત મદદ કરી હતી. સ્ટીલ કિંગ લક્ષ્મી મિત્તલના નાના ભાઈ અને ઉદ્યોગપતિ પ્રમોદ મિત્તલ અગાઉ પણ અનેક વિવાદમાં ઘેરાયા હતાં. વર્ષ ૨૦૧૯માં છેતરપિંડી અને સત્તાનો દુરૂપયોગ કરવા બદલ બોસ્નિયામાં તેમની ધરપકડ કરવામાં આવી હતી.

# અફઘાનિસ્તાનના હેલમાન્ડ પ્રાંતમાં બોમ્બ વિસ્ફોટ: બાળકો સહિત ૨૩નાં મોત

કાબુલ : દક્ષિણ અફઘાનિસ્તાનના હેલમાન્ડ પ્રાંતના ભીડભાડવાળા બજારમાં થયેલા કાર બોમ્બિંગ અને મોર્ટાર શેલના મારામાં બાળકો સહિત ૨૩ વ્યક્તિઓના મોત થયા છે, દેશના સાંગિન જિલ્લાની આ ઘટના માટે તાલિબાન અને અફઘાન લશ્કર - બંને એક-બીજા પર દોષનો ટોપલો ઢોળે છે. તાલિબાનોના કબજા હેઠળના આ વિસ્તાર અંતરિયાળ હોવાથી અને પત્રકારો માટે ત્યાં પહોંચવુ અશક્ય જેવુ હોવાથી આ હુમલાના બનાવની વિગતો સ્વતંત્રપણે તાત્કાલિક પાકે પાયે મળી શકી નથી. ગવર્નર જનરલ મોહંમદ યાસિનની ઓફિસે પ્રસિધ્ધ કરેલા નિવેદનમાં આથી વધારે વિગતો જણાવાઈ નથી. કોઈ જૂથે હુમલાની જવાબદારી માથે લીધી નથી. તાલિબાની પ્રવકતા ક્વારિ યુસુફ અહમદીએ બોંબમારાના બનાવમાં બળવાખોરોનો હાથ હોવાની વાતને નકારી કાઢી છે.

# ઈરાને યુએસ પ્રમુખ ટ્રમ્પ સામે વોરંટ જારી કર્યું, ઈન્ટરપોલની મદદ માગી

**• ટ્રમ્પ સહિત ૩૦ આરોપીઓએ અમારા વડા સુલેમાનીની હત્યા કરી છે, કાર્યવાહી કરીશું જ : ઈરાન**

તેહરાન : ઈરાન દ્વારા અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ધરપકડ કરવામાં આવે તેવી માગણી કરવામાં આવી છે. ઈરાને ટ્રમ્પની ધરપકડ માટે વોરંટ પણ જારી કરી દીધુ છે. સાથે જ ઈન્ટરપોલને પણ અપીલ કરી છે કે તે ડોનાલ્ડ ટ્રમ્પની ધરપકડ માટે ઈરાનની મદદ કરે. અમેરિકાએ કરેલા ડ્રોન હુમલામાં ઈરાનના સૈન્ય વડા કાસીમ સુલેમાનીની હત્યા કરી દેવામાં આવી હતી. જેને ધ્યાનમાં રાખીને આ વોરંટ જારી કરવામાં આવ્યું છે. તેહરાનના પ્રોસિક્યૂટર અલી અલકસિમેરે સોમવારે કહ્યું હતું કે ઈરાનનો ટ્રમ્પ અને અન્ય ૩૦થી વધુ લોકો પર આરોપ છે કે ત્રણ જાન્યુઆરીએ થયેલા હુમલામાં તેઓ સામેલ હતા. આ હુમલામાં સુલેમાનીની હત્યા કરવામાં આવી હતી. ટ્રમ્પ અને અન્યો પર હત્યા અને આતંકવાદનો આરોપ લગાવવામાં આવ્યો છે. અલીએ ટ્રમ્પ ઉપરાંત અન્ય કોઈની પણ ઓળખ જાહેર નથી કરી. સાથે દાવો કર્યો છે કે ટ્રમ્પનો રાષ્ટ્રપતિનો કાર્યકાળ પુરો થયા બાદ પણ તેને સજા અપાવવાની કોશીશ જારી રહેશે. ઈરાને ઈંટરપોલને કહ્યું છે કે તે ટ્રમ્પ અને અન્ય આરોપીઓની સામે યોગ્ય પગલા લે અને રેડ કોર્નર નોટિસ પણ જારી કરે.

# રશિયાના રાષ્ટ્રપતિ પુતિન ૨૦૩૬ સુધી રશિયાના રાષ્ટ્રપતિપદે સત્તારૂઢ રહેશે

મોસ્કો : રશિયામાં રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને સત્તાકીય રીતે પોતાનું સ્થાન મજબૂત કરી લીધું છે. હવે પુતિન ૨૦૩૬ સુધી રશિયામાં સત્તા પર રહી શકશે. આ માટે બંધારણના કાયદામાં ફેરફાર કરવાનો પ્રસ્તાવ મુકાયો હતો, જેના પર રશિયાના લોકોનો અભિપ્રાય લેવા માટે સરકારે વોટિંગ કરાવવાની કવાયત હાથ ધરી હતી. રશિયાના લોકોએ આ ફેરફાને ભારે બહુમતિ સાથે મંજૂરી આપી દીધી છે. આમ નવા કાયદા પ્રમાણે પુતિનનો રાષ્ટ્રપતિ તરીકે વર્તમાન કાર્યકાળ સમાપ્ત થયા બાદ તેમને ૬-૬ વર્ષની બીજી બે ટર્મ રાષ્ટ્રપતિ તરીકે મળશે તે નિશ્ચિત થઈ ગયું છે. આમ પુતિનના રાષ્ટ્રપતિ તરીકેના વર્તમાન કાર્યકાળ અને બીજા ૧૨ વર્ષને ગણતરીમાં લેવામાં આવે તો તેઓ ૨૦૩૬ સુધી રશિયાના રાષ્ટ્રપતિ રહેશે. રશિયામાં આ કાયદા પર કોરોનાના સંક્રમણ વચ્ચે પણ વોટિંગ યોજાયું હતું.

# નડિયાદ સંતરામ મંદિરના વરિષ્ઠ સંત નામદાસજી મહારાજ દેવલોક પામ્યા

## • મંદિર પરિસરમાં સમાધિસ્થળે મંત્રોચ્ચાર સાથે સમાધિ અપાઈ

નડિયાદ : નડિયાદના સુપ્રસિદ્ધ સંતરામ મંદિરના વરિષ્ઠ અને વયોવૃદ્ધ સંત નામદાસજી મહારાજ આજે વહેલી સવારે બ્રહ્મલીન થયા હતા. હજારો શ્રદ્ધાળુઓની આસ્થાના પ્રતિકસમા સંત નામદાસજી મહારાજ  ત્રણ દિવસની ટૂંકી માંદગી દરમ્યાન બુધવારે સવારે દેવલોક પામ્યા હતા. મંદિરની પરંપરા મુજબ તેમને મંદિર કેમ્પસમાં આવેલા સમાધિસ્થળે સંતો મહંતોની ઉપસ્થિતિમાં સમાધિ આપવામાં આવી હતી.

સંતરામ મંદિરનો મુખ્ય કોઠાર સંભાળતા સંત નામદાસજી મહારાજ ૭૫ વર્ષની વયોવૃદ્ધ અવસ્થાએ આજે ટૂંકી માંદગી બાદ સ્વર્ગે સિધાવ્યા છે. છેલ્લાં ચાર દિવસથી પેટ બગડવાની માંદગી ભોગવી રહ્યા હતા. ત્યારબાદ તેમના શરીરના જુદા જુદા મુખ્ય અંગો પણ ઈફેક્ટેડ થતા બુધવારે સવારે સાડા સાત વાગ્યાના સુમારે તેમને અંતિમ શ્વાસ લીધા હતા. આ સમાચાર વાયુવેગે ફેલાઈ જતા મંદિરમાં ભક્તોના ટોળેટોળા તેમના દર્શનાર્થે ઉમટયા હતા. જે સૌને સ્થાનિક કાર્યકરો અને પોલીસ તંત્રએ સોશ્યલ ડિસ્ટન્સ જાળવીને અંતિમ દર્શનની વ્યવસ્થા કરી હતી. ત્યારબાદ મંદિરના પાછલા ભાગે આવેલા ભરતભુવનની બાજુમાં સમાધિ સ્થળમાં અગાઉથી મોટો ખાડો કરવામાં આવ્યો હતો. જ્યાં સવા બાર વાગ્યે સર્વે સંતો,શાખા મંદિરોના મહંતો અને મહંત પૂ. રામદાસજી મહારાજની ઉપસ્થિતિમાં તેમનું અંતિમ પૂજન કરી મંત્રોચ્ચાર સાથે તૈયાર કરેલા ખાડામાં તેમને સમાધિષ્ઠ કર્યા હતા.

# નક્ષત્રો ૨૭ હોય છે અને તેના મુખ્ય પ્રકાર નવ હોવાથી તે કેવા પ્રકારનું શુભ કે અશુભ ફળ આપે જેનો ઉપયોગ વ્યક્તિ-લોકો કરે તો સારૂ પરિણામ મેળવે અને ખરાબ પરિણામથી બચી શકે છે

(૧) જાતકનું જે જન્મનક્ષત્ર હોય તેજ નક્ષત્રમાં જાતકને ફળ સારૂ મળતુ નથી. શુભ કાર્યમાં અન્ય જગાએ પ્રવેશ કરવા માટે સારૂ છે. જેને જન્મ તરીકે ઓળખાય છે. **(૨) સંપત્કર નક્ષત્ર** : જાતકનું જે જન્મ નક્ષત્ર હોય તેનાથી બીજું નક્ષત્ર આર્થિક લાભ અને સંપત્તિ આપનાર હોય છે. **(૩) વિપત્કર નક્ષત્ર** : જાતકના જન્મ નક્ષત્રથી ત્રિજુ નક્ષત્ર વિપત્તિ અને મુશ્કેલીઓ લાવનાર હોય છે. **(૪) ક્ષેમ્ય નક્ષત્ર** : જાતકના જન્મ નક્ષત્રથી ચોથું નક્ષત્ર ક્ષેમકુશળ રાખનાર સુખ-શાંતિ-આનંદ આપનાર હોય છે. **(૫) પ્રત્વર નક્ષત્ર** : જાતકના જન્મ નક્ષત્રથી પાંચમું નક્ષત્ર કષ્ટ, દુઃખ, પ્રતિકુળતા આપનાર હોય છે. **(૬) સાધક નક્ષત્ર** : જાતકના જન્મનક્ષત્રથી છઠ્ઠુ નક્ષત્ર સાધકને સફળતા આપે અને તેની ઈચ્છાઓનું પૂર્તિ થાય છે. **(૭) નિધાન (નૈધત)** : જાતકના જન્મ નક્ષત્રથી સાતમુ નક્ષત્ર તે અકસ્માત- ઘાતક- વિનાશક- ખર્ચ વધુ- મૃત્યુ- વધ આપે છે. **(૮) મૈત્ર નક્ષત્ર (મિત્ર)** : જાતકના જન્મનક્ષત્રથી આઠમું નક્ષત્ર સુખ આપનાર - સારૂ કરનાર નક્ષત્ર છે. **(૯) પરમ મૈત્ર નક્ષત્ર (અધી મિત્ર)** : જાતકના જન્મ નક્ષત્રથી નવમુ નક્ષત્ર સુખ- સમૃધ્ધિ આપનાર હોય છે. **(૧૦) કર્મ નક્ષત્ર** : જાતકના જન્મ નક્ષત્રથી દશમુ નક્ષત્ર જે ધંધો- નોકરી- વ્યવસાયમાં કર્મ કરાવી આર્થિક લાભ આપે છે. **(૧૧) સંપત્કર નક્ષત્ર** : જાતકના જન્મ નક્ષત્રથી અગિયારમુ નક્ષત્ર લાભ- સંપત્તિ અને આર્થિક પ્રગતિ આપનાર હોય છે. **(૧૨) વિપત્કર નક્ષત્ર** : જાતકના જન્મ નક્ષત્રથી તેરમું નક્ષત્ર વિપત્તિ- મુશ્કેલીઓ- અડચણો કાર્યમાં લાવે છે. **(૧૩) ક્ષેમ્ય નક્ષત્ર** : જાતકના જન્મ નક્ષત્રથી તેમનું નક્ષત્ર સુખ આપનાર ક્ષેમ કુશળ રાખનાર- ઈચ્છા પુરી કરનાર છે. **(૧૪) પ્રત્વર નક્ષત્ર** : જાતકના જન્મ નક્ષત્રથી ચૌદમું નક્ષત્ર પ્રતિકૂળતા લાવનાર- કષ્ટ- દુખ અને મુશ્કેલીઓ લાવે છે. **(૧૫) સાધક નક્ષત્ર** : જાતકના જન્મ નક્ષત્રથી પંદરમુ નક્ષત્ર ઈચ્છા મુજબ સાધકને સફળતા આપે- કર્મ કાર્ય સફળ થાય છે. **(૧૬) નૈધન - નિધાન (સાંધાતિક) નક્ષત્ર** :- જાતકના જન્મ નક્ષત્રથી સોળમુ નક્ષત્ર ખર્ચ વધુ કરાવે - અકસ્માત- વિનાશક- ઘાતક- ઈજાઓ કરતું હોય છે. **(૧૭) મૈત્ર નક્ષત્ર (મિત્ર) નક્ષત્ર** : જાતકના જન્મ નક્ષત્રથી સત્તરમુ નક્ષત્ર જે મિત્ર નક્ષત્ર હોવાથી લાભ- સુખ આપનાર છે. **(૧૮) પરમ મૈત્ર- સામુદાયિક નક્ષત્ર** : જાતકના જન્મ નક્ષત્રથી અઢારમુ નક્ષત્ર - પરમસુખ આપનાર અને લોકો તરફથી ફાયદો કરાવનાર- અંગત સારા મિત્રોની જેમ બધી રીતે સહાયકર્તા છે. **(૧૯) અધાન નક્ષત્ર** : જાતકના જન્મ નક્ષત્રથી ઓગણીસમુ નક્ષત્ર નવી નોકરી કે નવો ધંધો કરવા, પ્રવાસ- પર્યટન- પિકનિક લઈ જવા માટે ઊત્તમ નક્ષત્ર છે. **(૨૦) સંપત્કર નક્ષત્ર** : જાતકના જન્મ નક્ષત્રથી વીસમુ નક્ષત્ર નવી સંપતિ ખરીદવા અને આર્થિક લાભ આપનાર છે. **(૨૧) વિપત્કર નક્ષત્ર** : જાતકના જન્મ નક્ષત્રથી એકવીસમુ નક્ષત્ર વિપત્તિ આપનાર - મુશ્કેલીમાં મુકનાર છે. **(૨૨) ક્ષેમ્ય નક્ષત્ર** : જાતકના જન્મ નક્ષત્રથી બાવીસમુ નક્ષત્ર સુખ-શાંતિ-આનંદ આપે જાતકને કુશળક્ષેમ રાખનાર છે. **(૨૩) પ્રત્વસ (વિનાશ) નક્ષત્ર** : જાતકના જન્મ નક્ષત્રથી ત્રેવીસમુ નક્ષત્ર વિનાશ- કષ્ટ- પ્રતિકુળતા આપતુ હોવાથી આર્થિક અને શારીરિક રીતે મુશ્કેલીમાં મુકે છે. **(૨૪) સાધન નક્ષત્ર** : જાતકના જન્મ નક્ષત્રથી ચોવીસમુ નક્ષત્ર ઈચ્છા મુજબની સફળતા આપનાર છે. **(૨૫) નૈધન (જાતિ) નક્ષત્ર** : જાતકના જન્મ નક્ષત્રથી પચ્ચીસમુ નક્ષત્ર - ખર્ચ વધુ કરાવે - નુકશાન જાય- જાતિબળ- આત્મબળ કે સંઘ મંડળ- કંપની તુટી જાય અથવા મંદ ચાલે કે બંધ કરાવનાર છે. **(૨૬) મૈત્ર (મિત્ર) નક્ષત્ર** : જાતકના જન્મ નક્ષત્રથી છવ્વીસમુ નક્ષત્ર દેશ કે વતનથી વિખુટા પાડે બહાર કે પરદેશ જવાનુ થાય ત્યા જાતક સુખી અને સમૃધ્ધ બને આર્થિક રીતે સારૂ છે. **(૨૭) રમ મૈત્ર (અભિષેક) નક્ષત્ર** : જાતકના જન્મ નક્ષત્રથી સત્યાવીસમુ નક્ષત્ર માન-સન્માન, મરતબો એવોર્ડ પદવી- રાજ્ય- દેશ- ગામ જ્ઞાતિ- સમાજ લોકો તરફથી અપાવે છે.

**તારા નવ હોય છે જેનો ક્રમાંક આ મુજબ છે** : (૧) જન્મ (૨) લાભ (૩) વિપત (૪) સુખ (૫) કષ્ટ (૬) ઈચ્છમ (૭) ખર્ચ (૮) મિત્ર (૯) મિત્રો

તારા (નક્ષત્ર)નું ફળ ઉપર મુજબ આવે છે.

| અનુ. | નક્ષત્ર નામ | અનુ. | નક્ષત્ર નામ | અનુ. | નક્ષત્ર નામ | તારાફળ |
|---|---|---|---|---|---|---|
| ૧ | આશ્લેષા | ૧૦ | જયેષ્ઠા | ૧૯ | રેવતી | જન્મ |
| ૨ | મઘા | ૧૧ | મુળ | ૨૦ | અશ્વિની | લાભ |
| ૩ | પૂર્વા ફાલ્ગુની | ૧૨ | પૂર્વા ષાઢા | ૨૧ | ભરણી | વિપત |
| ૪ | ઊત્તરા ફાલ્ગુની | ૧૩ | ઉતરા ષાઢા | ૨૨ | કૃતિકા | સુખ |
| ૫ | હસ્ત | ૧૪ | શ્રવણ | ૨૩ | રોહિણી | કષ્ટ |
| ૬ | ચિત્રા | ૧૫ | ઘનિષ્ઠા | ૨૪ | મૃગશીર્ષ | ઈચ્છમ |
| ૭ | સ્વાતિ | ૧૬ | રાતભિષા | ૨૫ | પુનવસુ | ખર્ચ |
| ૮ | વિશાખા | ૧૭ | પૂર્વાભાદ્રપદ | ૨૬ | પુનવસુ | મિત્ર |
| ૯ | અનુરાધા | ૧૮ | ઊત્તરા ભાદ્રપદ | ૨૭ | પુષ્ય | મિત્રો |

જાતકને પોતાના નક્ષત્રથી ઉપરના નક્ષત્રો જ્યારે આવતા હોય અને તે મુજબ તારાફળમાં જણાવ્યા મુજબ સારૂ કે ખરાબ ફળ મળતુ હોય છે. જાતકના જન્મ સમયે ચંદ્ર જે રાશિમાં હોય અને તેના જે તે નક્ષત્રમાં હોય તે જાતક (વ્યક્તિ)નું જન્મ નક્ષત્ર કહેવાય છે. અને તેને જન્મ નક્ષત્ર કહેવાતુ હોવાથી તેને પ્રથમ ક્રમાંક આપેલો છે. જ્યારે બીજુ નક્ષત્ર લાભ આપનાર, ત્રીજુ નક્ષત્ર, વિપતી આપનાર, ચોથુ નક્ષત્ર સુખ આપનાર,પાંચમુ નક્ષત્ર કષ્ટ આપનાર, છઠુ નક્ષત્ર ઈચ્છમ આપનાર, સાતમુ નક્ષત્ર ખર્ચ કરાવનાર, આઠમુ નક્ષત્ર મિત્ર અને નવમુ અધિમીત્ર હોય છે તે મુજબ ફળ આપે છે.



-------------- : સંપર્ક સાધવા માટે : --------------
**બીપીન એસ્ટ્રોલોજર**
૮ ઓક્ટોમ્બર પ્લેસ, બ્રામ્ટન, ઓન્ટારિયો L6YOR6 કેનેડા
Whatsapp No. 98790 87511
Time  : 10.00 am to 6.00 pm


# સંક્ષિપ્ત સમાચાર

## ગુજરાતી ફિલ્મના સહ-દિગ્દર્શક સામે દુષ્કર્મની ફરિયાદ

અમદાવાદ– ગુજરાતી ફિલ્મના એસોસિયેટ ડાયરેક્ટર અને તેના સગાએ પોતાની પર ગેંગરેપ કર્યાનો આક્ષેપ મેકઅપ આર્ટિસ્ટ યુવતીએ કર્યો છે. યુવતીએ ચાંદખેડા પોલીસ મથકમાં કરેલી ફરિયાદમાં આરોપી એવા એસોસિયેટ ડાયરેક્ટર હાર્દિક સતાસિયા અને તેના સગા વિમલ સતાસિયાએ લગ્નની લાલચ આપી ફિલ્મ શૂટિંગના બહાને દ્વારકા, રાજકોટ, દિવ, ધારી વગેરે સ્થળોએ હોટેલમાં તેમજ અમરેલીના ભાડેલ ગામે આરોપીઓએ તેની પર ૬ માસ પહેલાં ગેંગરેપ કર્યો હોવાનો આરોપ મુક્યો છે.  આરોપી ડાયરેક્ટર સાથેના સંબંધોથી ભોગ બનેલી યુવતી ત્રણ વાર ગર્ભવતી થઈ પણ કોઈ દવા આપી ગર્ભ પડાવી નાખવામાં આવ્યો હતો. યુવતીના પિતાના નિવૃત્તિના રૂ. ૯.૬૦ લાખ ટુકડે ટુકડે લઈ આરોપીઓ લઈ ગયા હતા તે પરત નહીં કર્યા હોવાનો ગંભીર આક્ષેપ ફરિયાદમાં કરાયો છે.

## દિનેશ બાંભણિયા અને યુવરાજસિંહ ફરી આંદોલનના માર્ગે

ગાંધીનગર : પાટીદાર નેતા દિનેશ બાંભણિયા અને યુવરાજસિંહએ વિવિધ પ્રશ્નોને લઈને કમલમ ખાતે વિરોધ કર્યો હતો. જેથી તાત્કાલિક ધોરણે પોલીસે દિનેશ બાંભણિયા અને યુવરાજસિંહની અટકાયત કરી હતી. પાટીદાર નેતા દિનેશ બાંભણીયાએ આજે જણાવ્યું હતું કે, રાજ્યમાં સ્કૂલ ફી માફ ન થાય તો અમે આગામી સમયમાં આંદોલન કરીશું. ભાજપના પ્રમુખ પોતાની સરકારને સમજાવે તો સારું રહેશે. પ્રજાના પ્રતિનિધિઓ કમલમમાં આવે છે, માટે અહીં રજુઆત કરવા આવ્યા છીએ. પરંતુ અહીં અમારી રજૂઆત સાંભળવાના બદલે અમારી અટકાયત કરવામાં આવી છે. તો બીજી બાજુ યુવરાજસિંહે જણાવ્યું હતું કે, જો સરકાર ભરતી નહીં કરે તો આંદોલન કરીશું. ગુજરાત સરકાર પાસે ધારાસભ્યોને આવકારવાનો સમય છે, યુવાનોને નોકરી આપવાનો સરકાર પાસે સમય નથી.

## પાંચ હત્યા કરીને નાસતા ફરતા શખ્સની સુરતથી ધરપકડ

વડોદરા –મધ્ય ગુજરાતના વિવિધ જીલ્લાઓમાં પોતાની ગેંગના સાગરીતો સાથે મળીને પાંચ જેટલી હત્યા કરનારો સિરીયલ કિલર અસ્લમ ઉર્ફે અમન અબ્દુલ કરીમભાઈ શેખ (૩૬) સુરતમાં હોવાની માહિતીને આધારે ગુજરાત એટીએસે તેની સુરતથી ધરપકડ કરી હતી. હત્યા પાંચ ગુના સહિત અસંખ્ય ગુનામાં સંડોવાયેલો બાલાસિનોરનો રહેવાસી અસ્લમ છેલ્લા ૧૧ વર્ષથી પોતાની ઓળખ છુપાવીને લાલાભાઈ કમલેશભાઈ પટેલના નામે સુરતના વેસુ વિસ્તારમાં પોતાની પત્ની અને ત્રણ બાળકો સાથે રહેતો હતો. અસ્લમે ૨૦૦૮થી ૨૦૧૧ દરમિયાન પોતાના સાગરીતો સાથે મળીને ગેંગ બનાવી હતી.  અસ્લમ અને તેની ગેંગે આ પ્રકારે પાંચ વ્યક્તિઓની હત્યા કરી હતી. તે સિવાય ૧૦ ટ્રેકટર, ૧૨ ટ્રોલી અને એક મોટર સાયકલની ચોરી કરી હતી. અસ્લમ સામે મારામારી અને આર્મ્સના ગુના પણ નોંધાયેલા છે.

## અમદાવાદમાં સોનાનો ભાવ ૫૦ હજારને આંબી ગયો

અમદાવાદ– અમદાવાદ સોના–ચાંદી બજારમાં બુધવારે સોનાના ભાવમાં રૂા. ૩૦૦નો ઊછાળો નોંધાતા તે રૂા. ૫૦,૫૦૦ની નવી વિક્રમી સપાટીએ પહોંચી ગયા હતા. વૈશ્વિક બજારમાં સોનું આઠ વર્ષની ઊંચી સપાટીએ પહોંચ્યું હતું. જ્યારે ચાંદી ૧૮.૨૫ ડોલર મૂકાતી હતી. આ અહેવાલો પાછળ અમદાવાદ સોના–ચાંદી બજાર ખાતે આજે નવી લેવાલી પાછળ સોનું ૯૯.૯ રૂા. ૩૦૦ વધીને રૂા. ૫૦,૫૦૦ની વિક્રમી સપાટીએ પહોંચી ગયું હતું. જ્યારે ૯૯.૫ ૫૦,૩૦૦ની સપાટીએ મૂકાતું હતું. સોના પાછળ ચાંદીમાં પણ આજે રૂા. ૧૦૦૦નો ઊછાળો નોંધાતા રૂા. ૫૦,૦૦૦ની સપાટીએ બંધ રહી હતી.




# WELCOME !

## GENERAL & COSMETIC FAMILY DENTISTRY

Dr. Salim Kapadia DDS

Dental Centre

Dr. Salim Kapadia DDS

Shagofa Azizi RDH

Get Free Quote for All Dental Needs.

FREE and Convenient On-site Parking & Wi-Fi



Languages Spoken: English, Gujarati, Hindi, Punjabi, Bengali, Urdu & Farsi

- Evening and weekend appointments available.
- Friendly and caring staff.
- We cater to all Insurance Plans.

FREE LASER WHITENING

- Complete range of Dental services available.
- Emergencies seen right away.
- Dental Implants start to Finish.

FOR APPOINTMENT PLEASE CALL
**416-321-3268**
Email: info@drsalimkapadiadental.com
Website: www.drsalimkapadiadental.com

**Dr. Salim Kapadia Dental Centre**
1825 Markham Rd Suite #102, Toronto, Ontario M1B 4Z9
Hours: Monday-Friday 9:00am-8:00pm
Saturday 9:00am-5:00pm | Sunday as per request



માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ
સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!

રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ,
પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!

**www.swadesh.news**

સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
**info@swadesh.news**

Available on the App Store

GET IT ON Google Play

હવે APP STORE તથા PLAY STORE પરથી
SWADESH NEWS
ટાઈપ કરી મોબાઈલ એપ્સ તમારા ફોન પર INSTALLED કરી
ઘરે બેઠા બેઠા કોરોના તથા દેશ-દુનિયાનાં સમાચારો વાંચો.

સ્વદેશ +1 416 996 7755 | SWADESH 24x7